MARKET 4U
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શુક્રવાર । તા. ૨૧-૦૨-૨૦૨૦ । વર્ષ : ૧૬ । અંક : ૨૨ । પાના : ૧૦+૨ । છૂટક નકલ : 3 રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Image Printers, 20-21, Bhid Bhanjan Soc., Bamroli Road, Nr. Piyush Point, Surat (Gujarat) ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-156/2019-2021, Valid up to 31-12-2021, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

3 દેશમાં આજે એવી સરકાર છે જે 'મંદી' જેવા શબ્દને સ્વીકારતી નથીઃ મનમોહન સિંહ

5 ફાંસીથી બચવાનો પેંતરોઃ નરાધમ વિનયે જેલમાં દિવાલ સાથે માથુ અથડાવ્યું

8 કામદાર યુનિયનનું રાજ્ય કક્ષાનું ૧૫મું વાર્ષિક અધિવેશન મેમનગરમાં મળશે

12 પર્યાવરણની એસીતેસી કરતા વેસ્ટ કેમિકલ વહન કરતા કેમિકલ માફિયા

MARKET4U (OPC) PVT. LTD.ની તમામ જિલ્લા- શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જેજે ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD
ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં
CONNECTINDIANS
પ્લાન માટે
માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને
મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો
(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને જીતો
MARUTI ALTO







ફ્રી ૨૫ ઓક્ટોબર વિજ્યાદશમી (દશેરો)
(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે
CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in
MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

સુરત
MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૩૫૦૦૬૮૪૭

ઓફીસ એડ્રેસ

ભરૂચ
MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ
જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો
9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૬૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in
ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs.650
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે
★ ડાયરેક્ટરઃ જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ
★ સિલ્વર ડાયરેક્ટરઃ જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એકટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી
★ ગોલ્ડ ડાયરેક્ટરઃ જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.
★ પ્લેટિનમ ડાયરેક્ટરઃ જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૬૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ www.connectindians.in વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી 99999999 Dhananjay આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :
CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257
(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

પ્રેમલગ્ન કરનાર પરિણીતાના આપઘાત કેસમાં સાસરીયાંના ૪ સભ્યોની ધરપકડ

નવસારી

ચીખલી તાલુકાના રાનકુવા ગામની ચીખલી તાલુકા પંચાયતના પ્રમુખની દીકરીને ચીખલીના કાપડીયા પરિવારના પુત્ર સાથે પ્રેમસંબંધ બંધાતા બંને પરિવારોએ આ પ્રેમસંબંધને માન્ય રાખી સમાજના રીતરીવાજ મુજબ એક વર્ષ અગાઉ લગ્ન કર્યા હતા. લગ્નના એક વર્ષમાં સાસરિયા દ્વારા પરિણીતા નિધિને શારીરિક અને માનસિક ત્રાસ અપાતા ૧૭મીએ રાત્રીએ આપઘાત કરી લીધો હતો. પિતાએ પુત્રીના સાસરીયા દિયર, દેરાણી, નણંદ અને નણદોઈ વિરૂદ્ધ ચીખલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેથી પોલીસે ચારેયની ધરપકડ કરી છે.

ચીખલી તાલુકાના રાનકુવા ગામે રહેતા નરેન્દ્ર ઉર્ફે જયંતિભાઈ ઉમેદભાઈ પટેલ (ઉ.વ.૬૨) ચીખલી તાલુકા પંચાયતના પ્રમુખની દિકરી નિધિ પટેલ (ઉ.વ. ૩૦)ને ચીખલીના વાણીયાવાડ ખાતે રહેતા વિશાલ ધનસુખભાઈ કાપડીયા સાથે પ્રેમસંબંધ થઈ ગયો હતો. આ અંગેની જાણ નિધિના પિતા તેમજ વિશાલના પરિવારને થતા આ બંને પરિવારોએ દીકરા દીકરીના લગ્ન સમાજના રીત રિવાજ મુજબ ૨૭મી જાન્યુઆરી ૨૦૧૯એ કર્યા હતા. આ લગ્નના થોડા સમય બાદ નિધિના સાસરિયાઓએ નિધિને શારીરિક માનસિક ત્રાસ આપવાનું શરૂ કરી દીધું હતું. નિધિ સાસરિયાના મેણાટોણા તેમજ શારીરિક માનસિક ત્રાસ સહન કરતી રહી હતી અને સંસાર સચવાય રહે તે અંગે પ્રયાસો કરી રહી હતી.

નિધિનો પતિ પણ થોડા સમય સુધી તેની અવગણતો રહ્યા બાદ પોતાના ઘરના સભ્યોની પરિસ્થિતિ વાકેફ થઈ જતા પત્નીને સહકાર આપી પોતાના સંસારમાં બધુ સારૂ થઈ જશે તેવા પ્રયત્નો આ પતિ પત્ની કરતા રહ્યા હતા. જોકે ત્યારબાદ ગામના અગ્રણી દ્વારા વચ્ચે પડી સમાધાન પણ કરાવવામાં આવ્યું હતું. સમાધાન થયાના થોડા સમયમાં જ ઘરના સભ્યોએ નિધિને અસહ્ય ત્રાસ ગુજારવાનુ ચાલુ કરી દેતા હારી થાકેલી નિધીએ ૧૭મી ફેબ્રુઆરીએ રાત્રિના સમયે સાસરામાં બીજા માળ ઉપર જઈ ફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું. મૃત્યુ પૂર્વે નિધિએ માતાને કોલ કર્યો હોય હાંફળા ફાંફળા બની દોડી આવેલા માતા-પિતાને દીકરીનો મૃત ચહેરો જ જોવા મળ્યો હતો.

ડિંડોલી બળાત્કાર કેસઃ દોષિત અનિલ યાદવની ફાંસીની સજા પર સુપ્રીમની મનાઈ

હાઈકોર્ટના હુમક અંગે દોષિત અનિલ યાદવે ફાંસીની સજા સામે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી

સુરત

ડિંડોલી-ગોડાદરા ખાતે રહેતી એક માસુમ બાળકી સાથે બળાત્કાર ગુજારનાર એક આરોપીની ફાંસીની સજાનો હુમક સુપ્રીમ કોર્ટે સ્થગિત કર્યો હોવાનું જાણવા મળે છે.

આ કેસની વિગતો એવી છે કે ડિંડોલી-ગોડાદરા વિસ્તારમાં રહેતા એક શ્રમજીવી પરિવારની એક માસુમ પુત્રીનું અપહરણ કરી અવાવરૂ જગ્યાએ લઈ જઈ બિહારના આરોપી અનિલ યાદવે બળાત્કાર ગુજારી હત્યા કરી નાંખી હતી. પોલીસે બળાત્કાર અને હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. ડીઆઈબીમાં તે વખતના પોલીસ અધિકારી મનોજ પાટીલે મનતોડ મહેનત કરીને આરોપી અનિલ યાદવની ધરપકડ કરી લાજપોર જેલમાં મોકલી આપ્યો હતો. આ ગુનામાં ડીકેબી નયન સુખડવાળાએ ભારપૂર્વક દલીલો કરતા અદાલતે આરોપીને ફાંસીની સજાનો હુકમ કર્યો હતો. ત્યારબાદ ગુજરાત હાઈકોર્ટમાં તેને અપીલ કરતા યથાવત રાખ્યો હતો. કેન્દ્ર સરકારના લીગલ ડીપાર્ટમેન્ટના એડવોકેટ ઉમરેજન વર્માએ સુપ્રીમકોર્ટમાં અપીલ કરી હતી. જેની સુનાવણી દરમ્યાન આજે વિધ્વાન જસ્ટીસે આ હુકમને સ્થગિત રાખવાનો હુકમ કર્યો હતો.

તેલના ગોડાઉનમાંથી તસ્કરોએ ૧૮૫ જેટલા ડબ્બાની ચોરી કરી

વલસાડ

છીપવાડ ખાતે આવેલા સરકારી અનાજ ગોડાઉનની બાજુના તેલના ગોડાઉનમાંથી ૧૮૫ જેટલા તેલના ડબ્બા ચોરાયાં હતાં. ઘટનાની જાણ થતાં ગોડાઉનના સંચાલકોએ પોલીસને જાણ કરી હતી. પોલીસે સમગ્ર ચોરી અંગે વધુ તપાસ હાથ ધરી છે.

છીપવાડ ખાતે આવેલા ખાનગી તેલના ગોડાઉનમાંથી ૧૮૫ તેલના ડબ્બાની ચોરી કરતાં અગાઉ તસ્કરોએ લાકડાના દરવાજા વાળા ગોડાઉનના નકુચા તોડી નાખીને અંદર પ્રવેશ મેળવ્યો હતો. બાદમાં ગોડાઉનમાં મોટી સંખ્યામાં તેલના ડબ્બામાંથી માત્ર ૧૮૫ તેલના ડબ્બાની ચોરી કરવામાં આવી હતી. તસ્કરોએ ચોરી કરતાં અગાઉ ગોડાઉનની બહાર રહેલા સીસીટીવીને નુકસાન કર્યું હતું. સીસીટીવીને જાણી જોઈને ઉંચા કરી દેવામાં આવ્યાનું સામે આવ્યું છે.

ગોડાઉનમાં મોટી સંખ્યામાં તેલના ડબ્બા રાખવામાં આવ્યાં હોવા છતાં માત્ર ૧૮૫ ડબ્બાની જ ચોરી કરવામાં આવી છે. જેથી આ ચોરી પાછળ કોઈ જાણભેદુ હોય તેવી આશંકા સેવવામાં આવી રહી છે. ચોરી માટે વાહન નાનું લાવવામાં આવતું હોય અથવા તો કોઈ ધીમે ધીમે ચોરી કરતાં હોય અને સ્ટોકનો મેળ ન થતાં ચોરીની ઘટના સામે આવી હોય તે દિશામાં તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

પ્રધાનમંત્રી મુદ્રા લોન અપાવવાના બહાને રૂપિયા પડાવી છેતરપિંડી

નાનપુરા સ્થિત બાલાજી લોન કન્સલ્ટન્સીના અજય બોરડ સામે ફરિયાદ

સુરત

પ્રધાનમંત્રી મુદ્રા લોન અપાવવાના નામે નાનપુરાની બાલાજી કન્સ્લટન્સી નામની એજન્સીએ અનેક લોકોને ખંખેરી લીધા હતા. આ ચીટર એજન્સીનો ભોગ બનેલાએ અઠવા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી.

સુરત શહેરના અઠવા પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર નાનપુરા રંગદર્શન એપાર્ટમેન્ટમાં રહેતા ભાવેશ વિરજી ગોહેલે આરોપી અજય બારડ (બાલાજી લોન કન્સલ્ટન્સી, નાનપુરા ટીમલીયાવાડ, વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીએ ફરિયાદી ભાવેશ ગોહેલ સહિત અન્ય સાહેદોને પ્રધાનમંત્રી મુદ્રા લોન અપાવવાના નામે પ્રોસેસ ફી પેટે કુલ્લે રૂપિયા ૨,૨૮,૦૦૦ મેળવી મુદ્રા લોન નહી અપાવી ઓફિસ બંધ કરી નાસી ગયો હતો. આ અંગે અઠવા પોલીસે બાવેશ વિરજી ગોહેલની ફરિયાદ નોંધી આરોપી અજય બારડ નામના ઈસની શોધ ખોળ હાથ ધરી છે. વધુ તપાસ પો. સબ ઈન્સ્પેક્ટર પી.એમ.દેસાઈ કરી રહ્યાં છે.

ઠગ ભેજાબાજો ગરજાઉ લોકોને વિવિધ પ્રકારના પ્રલોભનો આપી શિશામાં ઉતારી છેતરી લેતા હોય છે. હવે સરકારી યોજના પ્રધાનમંત્રી મુદ્રા લોન બાબતે પણ બનાવગીરો લોકોને ઠગી લેવા સક્રિય બની ગયા હોવાનું ઉપરોક્ત કિસ્સામાંથી ફલિત થાય છે.

શ્વાનને બચાવવા જતા રિક્ષા પલટી ખાઈ ગઈ, ૨ લોકો ઈજાગ્રસ્ત

ભરૂચ

ભરૂચના ત્રિમૂર્તિ હોલ નજીક રસ્તામાં અચાનક જ શ્વાન આવી જતા રિક્ષા પલટી ખાઈ ગઈ હતી. જેમાં ૨ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માતની આ ઘટના સીસીટીવીમાં કેદ થઈ ગઈ હતી.

બુધવારે રાત્રે પોણા બાર વાગ્યે અકસ્માત થયો હતો. જેમાં રિક્ષા પલટી ખાતા રસ્તાની બાજુમાં ઉભેલા ટેમ્પોની પાછળથી અથડાઈ હતી. ઘટનાની જાણ થતાં જ ભરૂચ પોલીસ સ્થળ પર દોડી ગઈ હતી અને ઈજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યા હતા અને વધુ તપાસ હાથ ધરી હતી.

માસુમ બાળકી પર બળાત્કાર બાદ કરાયેલી હત્યાનો ઘટનાક્રમ

સુરત

લીંબાયતમાં રહેતો ૨૬ વર્ષિય આરોપી અનિલ યાદવ પોતાના ઘર નજીક જ રહેતી સાડા ત્રણ વર્ષિય બાળકીને પોતાના રૂમમાં લઈ ગયો હતો. માસુમ સાથે સૃષ્ટિ વિરુધ્ધનું કૃત્ય અને દુષ્કર્મ આચરી તેની હત્યા કરી નાંખી હતી. બાદમાં માસુમ બાળકીની લાશને કોથળામાં ભરીને પોતાના રૂમને બહારથી તાળું મારી દીધું હતું અને પોતે વતન નંદુરબાર ભાગી ગયો હતો. આ કેસમાં પોલીસે ગુનો નોંધી શોધખોળ શરૂ કરી હતી અને આરોપી બિહારથી પકડાયો હતો. સીસીટીવી ફૂટેજ ચકાસ્યા બાદ આરોપીની ઓળખ થઈ હતી અને બાળકીની લાશ પણ આરોપીના રૂમમાંથી મળી આવી હતી. ત્યારબાદ કોર્ટમાં કેસ ચાલ્યો હતો. જેમાં ઘટનાના ૨૯૦ દિવસ બાદ ૩૧ જુલાઈના રોજ અનિલ યાદવને સેશન્સ કોર્ટે ફાંસીની સજાનો હુકમ કર્યો હતો. ત્યારબાદ સેશન્સ કોર્ટના ફાંસીની સજાના હુકમની કોપી હાઈકોર્ટમાં પહોંચ્યા બાદ હાઈકોર્ટે દરેક પાસા જોઈ ફાંસી યથાવત રાખી છે.

આગામી તા. ૧મી માર્ચે શ્રી જશવંત પચ્ચીગર દોડ તથા સાયકલ સ્પર્ધા

સ્પર્ધામાં ૯થી ૧૩ વર્ષના શાળાના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે

સુરત

પૂ.શ્રીમોટા, હરિ ૐ આશ્રમ, કુરુક્ષેત્ર જહાંગીરપુરા, સુરત પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત શ્રી જશવંત પચ્ચીગર દોડ સ્પર્ધા' તા.૦૧/૦૩/૨૦૨૦ને રવિવારના રોજ સવારે ૭.૦૦ કલાકે તથા 'શ્રી જશવંત પચ્ચીગર સાયકલ સ્પર્ધા' સવારે ૮.૦૦ કલાકે વી.આર.મોલની સામે, વાય જંકશન પાસે, સુરત-ડુમ્મસ રોડ, સુરત ખાતે યોજવામાં આવનાર છે. આ સ્પર્ધામાં ૯ થી ૧૩ વર્ષની વયના સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ કોઈ પણ શાળાના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશફોર્મ સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ, મુખ્ય કચેરી, રૂમ નં.૨૬, મુગલીસરા, સુરત (ફોન નં. ૨૪૨૩૭૫૧ થી પદ-ઈટઃ ૨૪૫) ખાતેથી મેળવી તા.૨૭/૦૨/૨૦૨૦ સુધીમાં ઓફિસ સમય દરમ્યાન ઉમરના પુરાવા તથા મેડીકલ ફિટનેસ સર્ટીફિકેટ સાથે પરત કરવાના રહેશે. સુરત મહાનગરપાલિકા મોટી સંખ્યામાં સ્પર્ધકોને ભાગ લેવા અનુરોધ કરે છે. આ સ્પર્ધાના પ્રવેશપત્રો સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in/infromation/news પરથી પણ મળી શકશે.

વરાછાના કારખાનામાં સાડીનો માલ ચોરાયો

સુરત

સુરત શહેરના વરાછા ફૂલ માર્કેટ કબીરવડ સોસાયટીમાં આવેલ એમ્બ્રોઈડરી કારખાનામાંથી રૂપિયા ૧,૩૪,૩૩૦ની કિંમતની સાડીઓ ચોરાઈ હતી. આ મામલે ફરિયાદી મિલનભાઈ વાડદોરિયાએ વરાછા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે જાણવા જોગ ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

સુરત શહેર વરાછા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ અજાણ્યા તસ્કરોએ ફરિયાદી મિલનભાઈ રમેશભાઈ વાડદોરિયાના એમ્બ્રોઈડરી કારખાનામાંથી ૧૩૩ નંગ સાડીની ચોરી થઈ હતી. આ સાડીની કિંમત રૂપિયા ૧,૩૪,૩૩૦ અંદાજવામાં આવી હતી. વરાછા પોલીસે કારખાનેદાર મિલન રમેશ વાડદોરિયાની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

અમરોલીમાં જુગાર રમતા ચાર જુગારીઓ પકડાયા

સુરત

અમરોલી મણિપુરસોત્તમ સોસાયટી પાછળ ખેતરમાં જુગાર રમતા ચાર જણાની અમરોલી પોલીસે ધરપકડ કરી હતી અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

સુરત શહેરના અમરોલી પોલીસે બાતમીના આધારે જુગાર રમતા રામ આશરે રામપુરત જેસ્વાલ, મિન્ટુ હરિશંકર મોર્યા, અનિલ શ્રી પ્રભુદયાળ દોહરે, બુધરામ મેવાડાની ધરપકડ કરી હતી.



આજે શહેર જિલ્લાના શિવાલયોમાં મહાશિવરાત્રી પર્વની ભવ્ય ઉજવણી સાથે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. ઘીના કમળમાંથી વિવિધ દેવી, દેવતાઓની સંખ્યાબંધ પ્રતિકૃતિઓ સાકાર કરવામાં આવી હોવાનું તસવીરમાં નજરે પડે છે.

સુરત મહાનગર પાલિકાનું બજેટ સર્વાનુમત મધ્યરાત્રીએ ૨.૨૫ કલાકે મંજૂર કરાયું

શાળા સમિતિના બજેટને પણ બહાલી અપાઈઃ ત્રણ દિવસની સઘન ચર્ચા રજૂઆત બાદ મધ્યરાત્રે બજેટ પર મંજૂરીની મહોર

સુરત

મહાપાલિકામાં બજેટ પર મળેલી સામાન્ય સભામાં ત્રણ દિવસ મેરેથોન ચર્ચા બાદ સર્વાનુમતે મધ્ય રાત્રીએ૬૧૩૦ કરોડનું બજેટ મંજૂર કરવામાં આવ્યું છે. સ્થાયી સમિતિ અધ્યક્ષ અનિલ ગોપલાણીએ ૨૦૧૯-૨૦નું રિવાઈઝ અને ૨૦૨૦-૨૧નું ડ્રાફ્ટ બજેટ તથા શિક્ષણ સમિતિનું બજેટ સામાન્ય સભામાં રજૂ કરી કોર્પોરેટરો, શહેરીજનોના અભિપ્રાયો લઈને તૈયાર કરાયેલા બજેટને જન-જનનું બજેટ ગણાવ્યું હતું.

સ્થાયી સમિતીએ અઠવા ઝોનમાં રિવર ફ્રન્ટ પર કાર્નિવલ સ્ટ્રીટ બનાવવા સહિત પ્રવાસન અને હેરિટેજ માટે વિશિષ્ટ સ્થળોની માહિતી આપતી એપ બનાવવામાં આવશે તેમ જણાવ્યું હતું.ગવિયર, વાંટા અને ડુમસ લેકને ડેવલપ કરી બાયોડાયવર્સિટી પાર્ક બનાવવામાં આવશે.સાથે જ ડુમસને બીચ સ્પોર્ટ્સ તરીકે વિકસાવવાનું આયોજન બનાવવામાં આવ્યું છે.

સુરત મનપાની સ્થાયી સમિતી દ્વારા બજેટમાં સુધારા વધારા કરવામાં આવ્યાં છે. જેમાં નગરપ્રાથમિક શિક્ષણ સમિતીના ૬૦૧.૪૫ કરોડના બજેટમાં ૧૮.૩૪ કરોડનો ઘટાડો કરીને ૫૮૩.૧૧ કરોડનું બજેટ નક્કી કરાયું છે. સ્મીમેર હોસ્પિટલમાં નવું આઇસીયું શરૂ કરવામાં આવશે.અનિંદ્રાને કારણે થતા રોગ મટે સ્લીપ લેબ સ્મીમેર હોસ્પિટલમાં બનાવવામાં આવશે. બર્ન્સ વોર્ડને આધુનિક બનાવવામાં આવશે.મસ્કતી હોસ્પિટલના બંધ પડેલા બર્ન્સ વોર્ડને ફરી શરૂ કરવામાં આવશે. એર ક્વોલોટી મોનીટરીંગ સિસ્ટમ દરેક ઝોનમાં મુકવામાં આવશે.

શહેરમાં અસ્કેલેટર વાળા ફૂટ ઓવર બ્રિજ શહેરમાં બનાવવામાં આવશે.ફાયર વિભાગને તમામ સાધનોથી સજ્જ કરવામાં આવશે.નવા સાધનો વસાવવામાં આવશે અને ફાયરના જવાનોને તેની તાલીમ આપવામાં આવશે.શહેરમાં બાળ સ્મશાન ગૃહ માટે રાજ્ય સરકાર સાથે સંકલન કરી પ્લોટ ફાળવવામાં આવશે.

બજેટની સામાન્ય સભામાં સળંગ ત્રણ દિવસ વ્યાપક ચર્ચા અને રજૂઆત બાદ ગઈ કાલે મધ્ય રાત્રિએ ૨.૨૫ મિનિટી સુરત મહાનગર પાલિકાનું તથા શાળા સમીક્ષાનું બજેટ સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યું હતું.



મિશન મિલ્ક ઝૂંબેશ અંતર્ગત શિવરાત્રિ મહાપર્વ સંદર્ભે સંસ્થાના ઉપક્રમે અઠવાલાઈન્સ અઠવાઝોન આદર્શ સોસાયટી પાસેની પ્રાથમિક શાળાના બાળકોને દૂધના પાઉચનું વિતરણ કરાયું.



શ્રી Design

A Complete Printing Solution

Our Services

- Graphic Design
- I Card (School & Commercial)
- Stationary Printing
- Book Work
- Brochure
- Pamphlet
- Calendar

All Type of Designing & Printing Work @ One Junction

93774 65170 • 70160 46096

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી

● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શુક્રવાર । તા. ૨૧-૦૨-૨૦૨૦ । વર્ષ : ૧૬ ।

આજે મહાશિવરાત્રી... દેવાધિદેવ મહાદેવને પ્રસન્ન કરવાનો શ્રેષ્ઠ દિવસ



આજે મહાશિવરાત્રીનું પર્વ છે. મહાશિવરાત્રી નિશિથકાળ રાત્રે ૧૨.૨૪ થી ૧.૧૭ સુધી છે. દેવાધિદેવ મહાદેવને યાદ કરવાનો આ શ્રેષ્ઠ સમય છે. આ વર્ષે વિશેષ સંયોગ જોઈએ તો ગુરુ મહારાજ સ્વગૃહી ચાલી રહ્યા છે, શનિ મહારાજ સ્વગૃહી ચાલી રહ્યા છે અને શુક્ર ઉચ્ચ રાશિમાંથી પસાર થાય છે. વળી શનિ ચંદ્ર વિષયોગ પણ બને છે. જેથી જે મિત્રોની કુંડળીમાં વિષયોગ બનતો હોય તે નિશિથ કાળમાં શિવ પૂજા કરે તો વિશેષ લાભ મેળવી શકે છે.

ગુરુ, શુક્ર અને શનિ ઉચ્ચ કે સ્વગૃહી ચાલી રહ્યા હોવાથી તેને તરફેણ પણ મેળવી શકાય છે. સવારે વહેલા ઊઠીને શિવ ધ્યાન પૂજન વ્રતનો સંકલ્પ કરવો જોઈએ અને ભગવાન શિવનું ધ્યાન ધરવું જોઈએ. ત્યારબાદ ભસ્મનું તિલક કરી રુદ્રાક્ષની માળા ધારણ કરી શિવનું ધ્યાન પૂજન કરવું જોઈએ. ત્યાર પછી ભગવાન શિવને ધૂપ-દીપ પુષ્પો પૂજન સામગ્રી અર્પણ કરવી જોઈએ. મહાશિવરાત્રીના દિવસે રુદ્ર અભિષેક કરવાથી ભગવાન શિવ અત્યંત પ્રસન્ન થાય છે. જળ અભિષેક માટે દૂધ ભરીને તેની ઉપર બિલીપત્ર, ધતુરાનું ફૂલ, ચોખા શિવલિંગ પર ચઢાવવા જોઈએ.

શિવરાત્રીની પૂજા નિશીથ કાળમાં સર્વશ્રેષ્ઠ માનવામાં આવે છે. આ પાવન દિવસે શિવલિંગ પર બીલીપત્ર, ફૂલ અર્પણ કરવાનું ખાસ મહત્વ છે. મહાશિવરાત્રીના દિવસે ભગવાન શિવને પંચામૃત, ગાયનું દૂધ અને પવિત્ર નદીના જળનો અભિષેક કરવો શુભ માનવામાં આવે છે, જેથી દરેક પ્રકારનાં પાપોમાંથી મુક્તિ મળે છે. અને સફળતાની પ્રાપ્તિ થાય છે.

મહાશિવરાત્રીના દિવસે શિવલિંગને પંચામૃતથી સ્નાન કરાવીને ૐ નમઃ શિવાય મંત્રથી પૂજા કરવી જોઈએ. ત્યારબાદ રાત્રિના ચાર પ્રહરમાં શિવજીની પૂજા કરવી જોઈએ. મહાશિવરાત્રી પર શિવલિંગને શુદ્ધ ગંગાજળ, દૂધ, દહીં, ઘી, મધ અને ખાંડથી સ્નાન કરાવીને ધૂપ-દીપ પ્રગટાવીને મંત્રનો જપ કરવાથી બધી મુશ્કેલીનો નાશ હોય છે. આ ઉપરાંત શેરડીના રસથી પણ મહાદેવનો અભિષેક કરી શકાય. શિવલિંગ પર ગંગાજળથી અભિષેક કરવાથી ભૌતિક સુખ મળે છે તથા મોક્ષ મળે છે. શિવલિંગ પર અન્ન, ફૂલ તથા વિવિધ વસ્તુઓ દ્વારા જળાભિષેક કરીને મનુષ્ય પોતાનાં કષ્ટોનું નિવારણ કરી શકે છે. લક્ષ્મીપ્રાપ્તિ માટે ભગવાન શિવને બીલીપત્ર, કમળ અર્પણ કરવાથી લાભ થાય છે.

પુત્રપ્રાપ્તિ માટે ભગવાન શિવને ધતુરાનાં ફૂલ અર્પણ કરવાથી શુભ ફળ મળે છે.ભૌતિક સુખ તથા મોક્ષપ્રાપ્તિ માટે સફેદ આકડો, અપામાર્ગ તથા સફેદ કમળનાં ફૂલ

અનુસંધાન પાના નં. ૫

વર્ષો સુધી ઉપયોગ કર્યા બાદ સંઘને હવે ડહાપણની દાઢ ઉગી

'રાષ્ટ્રવાદ'ના શબ્દમાંથી 'હિટલર-નાઝીવાદ'ની બૂ આવે છે: ભાગવત

અમારુ લક્ષ્ય ભારતને વિશ્વગુરૂ બનાવવાનું, 'રાષ્ટ્રવાદ' શબ્દનો ઉપયોગ ન કરો તેની જગ્યાએ 'રાષ્ટ્ર કે રાષ્ટ્રીય' શબ્દ વાપરોઃ ભાગવતની શીખામણ

રાંચી

ભાજપની માતૃસંસ્થા આરએસએસના સુપ્રિમો મોહન ભાગવતે રાષ્ટ્ર પ્રત્યેની લાગણી કે સંવેદના દર્શાવવા માટે ભાજપ અને ખુદ આરએસએસ દ્વારા વર્ષોથી ઉપયોગમાં લેવાતા શબ્દ રાષ્ટ્રવાદ(નેશનાલિઝમ) પ્રત્યે હવે અણગમો દર્શાવીને એવો દાવો કર્યો છે કે "રાષ્ટ્રવાદ" શબ્દ બોલીએ છીએ તો તેનો અર્થ હિટલર, હિટલરની પાર્ટી નાઝીવાદ, ફાસીવાદ એવો થાય છે...! તેથી રાષ્ટ્રવાદ શબ્દનો ઉપયોગ કરવાથી દૂર રહેવુ જોઈએ. રાષ્ટ્રવાદ શબ્દના સ્થાને હવે રાષ્ટ્ર કે રાષ્ટ્રીય એવા શબ્દોનો ઉપયોગ કરવો જોઈએ. નોંધનીય છે કે જર્મનીના તાનાશાહી હિટલરે લાખો યહુદીઓની કત્લેઆમ કરીને વિશ્વ આખામાં ધિક્કારની લાગણી જન્માવી હતી. તેમની પાર્ટી નાઝી યહુદીઓને જર્મનના દુશ્મન માનતી હતી.


હિટલરની સાથે ફાસીસ્ટ-ફાસીવાદ શબ્દ પણ જોડાયેલો છે. અને કોંગ્રેસ દ્વારા ભાજપ અને સંઘની વિરૂધ્ધ પણ ઘણીવાર આ શબ્દનો ઉપયોગ થાય છે. આ નિવેદન અગાઉ તેમણે એમ કહીને વિવાદ જગાવ્યો હતો કે ભણેલા-ગણેલા પરિવારોમાં છૂટાછેડાના કિસ્સાઓ વધારે જોવા મળે છે.

ઝારખંડની રાજધાની રાંચીમાં ભાગવતે એક કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ દરમ્યાન મોહન ભાગવતે કહ્યું કે આરએસએસનો વિસ્તાર દેશ માટે છે કારણ કે અમારું લક્ષ્ય ભારતને વિશ્વગુરૂ બનાવાનો છે.

સંઘના પ્રમુખ મોહન ભાગવતે કહ્યું કે રાષ્ટ્રવાદ જેવા શબ્દનો ઉપયોગ કરવો જોઈએ નહીં. તેમનું કહેવું છે કે રાષ્ટ્રવાદ શબ્દની જગ્યાએ રાષ્ટ્ર કે રાષ્ટ્રીય શબ્દનો ઉપયોગ થવો જોઈએ કારણ કે તમાં નાજી અને હિટલરની ઝલક દેખાય છે. એવામાં રાષ્ટ્ર કે રાષ્ટ્રીય જેવા શબ્દોનો જ મુખ્યત્વે ઉપયોગ કરવો જોઈએ. તેમણે કહ્યું કે દુનિયાની સામે અત્યારે ISIS, કટ્ટરપંથ, અને જળવાયુ પરિવર્તન જેવા મુદ્દા મોટો પડકાર છે.

અહીં ભાગવતે કહ્યું કે વિકસિત દેશ શું કરે છે, તેઓ

અનુસંધાન પાના નં. ૫



ભારત કરી શકે છે દુનિયાનું નેતૃત્વ,હિન્દુત્વના એજન્ડા પર આગળ વધશે સંઘ

ટ્રમ્પની ભારત મુલાકાત પહેલાં અમેરિકાની એજન્સીની ભાજપને થપ્પડ

ભારતમાં ધાર્મિક આઝાદીની સ્થિતિ બદતરઃ USCIRF

આ રિપોર્ટમાં ભારતને ટિયર-૨ કેટેગરીમાં રખાયું,સિટિઝનશીપ અમેન્ડમેન્ટ એક્ટને લઈને ચિંતા વ્યક્ત કરવામાં આવી

વૉશિંગ્ટન

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ભારત પ્રવાસ પહેલા અમેરિકાની એજન્સીનો એક રિપોર્ટ ભારત સરકારની ચિંતા વધારી શકે છે. યુનાઈટેડ સ્ટેટ્સ કમીશન ઓન ઈન્ટરનેશનલ



રિલિજિઅસ ફ્રીડમ (USCIRF) એ એક રિપોર્ટ બહાર પાડ્યો છે, જેમાં ભારતમાં ધાર્મિક ઉત્પીડનના મામલાઓમાં વધારો થયો હોવાની વાતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ સિવાય તેમાં સિટિઝનશીપ અમેન્ડમેન્ટ એક્ટને લઈને

અનુસંધાન પાના નં. ૫

માર્બલ-ટાઈલ્સ લઈ જતી ટ્રક ડિવાઈડર કૂદી કેરળ પરિવહનની બસને અથડાઈ

તમિલનાડુમાં બસ-ટ્રક વચ્ચે જીવલેણ અકસ્માતઃ ૨૦ લોકોના મોત

બસ તિરુવનંતપુરમથી બેંગલુરુ જઈ રહી હતી, બસમાં કુલ ૪૮ મુસાફરો હતા, મૃતકોમાં ૧૪ પુરુષો અને છ મહિલાઓનો સમાવેશ

તિરુપુર

તમિલનાડુના તિરુપુર જિલ્લામાં અવિનાશી ગામ નજીક કેરળ રાજ્ય પરિવહન નિગમની બસ અને એક ટ્રક વચ્ચે જોરદાર અક્સમાત સર્જાતા ૨૦ લોકોના મોત થયા



હોવાની આશંકા છે. મૃતકોમાં ૧૪ પુરૂષો અને છ મહિલાનો સમાવેશ થાય છે તેમ નાયબ તહેસીલદારે જણાવ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ કેરળ રાજ્ય પરિવહન નિગમની બસ કર્ણાટકના બેંગલુરુથી કેરળના એર્નાકુલમ જઈ રહી હતી તે વખતે તિરુપુર

અનુસંધાન પાના નં. ૫

કમલ હાસનની 'ઈન્ડિયન ૨'ના સેટ પર દુર્ઘટના, ૯ લોકો ઘાયલ

ફિલ્મના સેટ પર ઉભી કરાયેલી ક્રેન તૂટી પડતાં ત્રણ લોકોના મોત

ચેન્નાઈ

પીઢ અભિનેતા કમલ હાસનની આગામી નવી ફિલ્મ 'ઈન્ડિયન ૨'ના અહીં શૂટિંગ દરમિયાન ગઈ કાલે મોડી રાતે થયેલા અકસ્માતમાં એક વિશાળ ક્રેન તૂટી પડતાં ત્રણ સહાયક દિગ્દર્શકો માર્યા ગયા છે અને બીજાં ૯ જણ ઘાયલ થયા છે.

આ શૂટિંગ ચેન્નાઈ નજીક ખાનગી સિનેમા સ્ટુડિયો ઈવીપી ફિલ્મસિટી ખાતે કરવામાં આવી રહ્યું છે. કમલ હાસન તથા ફિલ્મના દિગ્દર્શક શંકરને કોઈ ઈજા થઈ નથી. ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે.

હાસને આ ઘટના અંગે અને પોતાના ત્રણ સહાયકોનાં મરણ અંગે દુઃખ વ્યક્ત કર્યું છે. આ ઘટનાને એમણે 'નિષ્ઠુર' તરીકે ઓળખાવી છે. એમણે મૃતક સહયોગીઓનાં પરિવારજનો પ્રતિ દુઃખ અને શોકની લાગણી વ્યક્ત કરી છે.

કમલ હાસને કહ્યું કે, ટ્વિટર પર તામિલ ભાષામાં

અનુસંધાન પાના નં. ૫

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઇચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.

(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં

પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)

બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)

ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

No Problem Bracelet Positive ions are absorbed into the body from cell phones,wireless technology,electrical devices and pollution on a daily basis,causing severe damage on a cellular level. Positive ions are said to interfere with our natural balance and can lead to tiredness,lack of concentration and muscle fatigue.

MRP : 2100/-



નોપ્રોબ્લેમ બ્રેસલેટ પોઝિટિવ ION સેલ ફોન્સ, વાયરલેસ ટેકનોલોજી, ઇલેક્ટ્રિકલ ડિવાઇસીસ અને દૈનિક ધોરણે ઉપયોગ પ્રદૂષણથી આપણા શરીરમાં સમાઈ જાય છે, જેનાથી આપણા બેલન્સ ને ભારે નુકસાન થાય છે. સકારાત્મક આયન આપણા કુદરતી સંતુલનમાં દખલ ઉભી કરે છે અને તે થાક, એકાગ્રતા અને સ્નાયુઓને જકડાવી થાક તરફ દોરી શકે છે.જેનાથી બચવા નો પ્રોબ્લેમ નેગેટિવ આયર્ન બેલ્ટ આ સમસ્યા નિવારી આરોગ્ય સુધારે છે

નો પ્રોબ્લેમ બ્રેસલેટ ઓનલાઈન અને અન્ય કંપનીમાં ૫૦૦૦/-થી વધારે કિંમતમાં મળે છે જ્યારે અહી ફક્ત રૂા. ૨૧૦૦/-માં મળશે

-: મેળવવાનું સ્થળ :-

Market4u (OPC) Pvt. Ltd
Mo.9978406257

ડિલરશીપ મેળવવા માટે સંપર્ક કરો

Dealership Prize : 1600/-

મોટિવેશનલ રિજનિંગ: ફેક ન્યુઝ બનાવટી હોય, તો લોકપ્રિય કેમ છે?

છઠ્ઠી ફેબ્રુઆરીએ સંસદમાં, રાષ્ટ્રપતિના ભાષણ પરની ચર્ચાનો જવાબ વાળતાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૩૭૦ની કલમ નાબૂદ કરવાના સંદર્ભમાં જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાનું એક વિધાન ટાંક્યું હતું. મોદીના કહેવા પ્રમાણે, અબ્દુલ્લાએ કહ્યું હતું કે ૩૭૦ની કલમ નાબૂદ કરવાથી ધરતીકંપ આવશે, જે કાશ્મીરને ભારતથી અલગ કરશે. પ્રધાનમંત્રી કાર્યાલયની યુટ્યુબ ચેનલમાં મોદીના ભાષણનો આ હિસ્સો ઉપલબ્ધ છે. ભારતીય જનતા પાર્ટીના અધિકૃત ટ્વિટર હેન્ડલ પર પણ આ વિધાનને ટ્વિટ કરવામાં આવ્યું હતું.

રાત સુધીમાં સોશ્યલ મીડિયા પર મારો ચાલુ થઈ ગયો કે પ્રધાનમંત્રીએ 'ફેકિંગ ન્યુઝ' નામની એક વ્યંગ્યાત્મક વેબસાઈટના વિધાનને ટાંક્યું હતું. 'ફેકિંગ ન્યુઝ' વ્યંગ કરવાના આશયથી જુઠા સમાચારો પ્રગટ કરવા માટે જાણીતી સાઈટ છે. તેના ડિસ્ક્લેમરમાં લખવામાં આવેલું છે કે, "આ વેબસાઈટની સામગ્રી કાલ્પનિક છે. વાંચકોને સલાહ છે કે ફેકિંગ ન્યુઝના સમાચારોને સાચા ના માને.

આ નવું નથી. ભૂતકાળમાં અરવિંદ કેજરીવાલે કહ્યું હતું કે 'મોદી તેમની હત્યા કરાવશે.' ભારતીય સેનાની ઈસ્ટર્ન કમાન્ડ હંમેશ મુજબ કવાયત કરતી હતી, ત્યારે મમતા બેનર્જીએ કહ્યું હતું કે સૈન્ય બળવો કરવાનું છે. લાલુ યાદવની દીકરી મીસા ભારતીએ એવો દાવો કર્યો હતો કે તેને હાવર્ડમાં ભાષણ આપવા માટે બોલાવામાં આવી છે. હાવર્ડે કહ્યું કે આવી કોઈ વાત નથી. આપના નેતા જીતેન્દ્ર તોમરે તેની ડિગ્રી અંગે જુઠ કહ્યું હતું અને મંત્રીપદ છોડવું પડ્યું હતું. ડોનલ્ડ ટ્રમ્પે બરાક ઓબામાને આઈએસઆઈએસના સ્થાપક ગણાવ્યા હતા. બિલ ક્લીન્ટને મોનિકા લેવેન્સ્કી અંગે જુઠ કહ્યું હતું. રિચાર્ડ નિકસને 'વોટરગેટ કૌભાંડ'માં જુઠ ચલાવ્યું હતું.

રાજકારણીઓ નાનાં-નાનાં વિધાનોથી લઈને મસમોટી બાબતોમાં જુઠ બોલે, તેનો લાંબો ઈતિહાસ છે. ઈન ફેકટ, રાજકારણીઓ સૌથી મોટા ગપ્પાબાજ હોય છે, તેવી એક આમ માન્યતા છે, અને છતાં આમ પ્રજાને તેનો કોઈ વાંધો પણ નથી. કોઈ રાજકારણીને જુઠ બોલવા બદલ લોકોએ મત આપ્યા ના હોય, તેવું બન્યું નથી. રાજકારણીઓ તેમના વ્યૂહાત્મક આશયો સિદ્ધ કરવા અને ઘણીવાર રાષ્ટ્ર હિતમાં વાતો, વિચારો કે તથ્યોને મરોડતા હોય છે. એવું પણ કહી શકાય કે લોકો 'જુઠ'નો પણ આનંદ લે છે. સોશ્યલ મીડિયાના કારણે છેલ્લાં અમુક વર્ષોથી ફેક ન્યૂઝનું ચલણ વધ્યું છે (એમાંથી જ 'ફેકિંગ ન્યુઝ' વેબસાઈટનો જન્મ થયો હતો). ફેકુ ન્યૂઝ એટલે જેને હકીકત સાથે, સચ્ચાઈ સાથે, તથ્ય સાથે કોઈ જ લેવા-દેવા ન હોય, અને છતાં લોકો એને સાચા માની લે, હોંશે હોંશે એને ફોરવર્ડ પણ કરે અને ઝનૂનપૂર્વક એની ચર્ચાય કરે.

ભારતમાં નોટબંધી વખતે એવા સમાચાર ફોરવર્ડ થયા હતા કે ૨૦૦૦ની નવી નોટમાં એવી ચિપ બેસાડાઈ છે જે જમીનમાં ૧૨૦ મીટર નીચે દબાયેલી નોટનો સંકેત આપી શકે છે. આ સમાચાર એટલા ચાલ્યા કે નાણામંત્રી અરુણ જેટલીએ ખુલાસો કરવો પડ્યો કે આવી કોઈ ચિપ નવી નોટમાં નથી.

પ્રશ્નન એ છે કે માણસો બનાવટી સમાચારોમાં વિશ્વ્રવાસ શા માટે રાખે છે, અને શા માટે બીજા લોકોને પણ એ પ્રેરણા આપે છે? આપણી સામાન્ય સમજ એવી છે કે માણસ વિવેકબુદ્ધિ અને તર્કશક્તિથી વિચારો કરે છે, અનેએના નિર્ણયો કે માન્યતાઓ વસ્તુલક્ષી એટલે કે હકીકત આધારિત હોય છે. અસલમાં મગજ આવી રીતે કામ કરતું નથી. આપણે આપણી તર્કશક્તિથી જ ખુદને પણ છેતરતા રહીએ છીએ. આપણા વિચારો લાગણીઓ, વૃત્તિઓ અને સામાજિક પરિસ્થિતિથી પૂર્વગ્રહિત હોય છે.

એક સાદા ઉદાહરણથી સમજવું હોય તો તમે વોશિંગ મશીન ખરીદવા ગયા હો તો એની પસંદગીથી લઈને ભાવ-તાલ એકદમ તાર્કિક હોય છે. પણ માની લો કે કોઈ ચોક્કસ બ્રાન્ડનું મશીન તમારી મમ્મી વાપરતી હતી અને તમને બચપણથી એની સરસ યાદગીરી છે. અથવા માની લો કે એ વોશિંગ મશીનમાં કરંટ આવ્યો હતો અને પપ્પાનો હાથ સળગી ગયો હતો. આ લાગણીનો સંબંધ થયો. પહેલા કિસ્સામાં તમે એ બ્રાન્ડના મશીનને લઈને સારા રિપોર્ટ ન હોય તોપણ મમ્મીની યાદગીરીમાં તમને એ જ મશીન સર્વ શ્રેષ્ઠ લાગશે અને બીજા કિસ્સામાં એ બ્રાન્ડને દુનિયાના તમામ એવોર્ડ મળી ગયા હોય તોપણ તમને એમાં 'ખામી' દેખાશે. એટલે જેમાં જરૂરિયાત અને સસ્તા-મોંઘાનો વૈજ્ઞાનિક અભિગમ હોવા છતાં એ નિર્ણયને લાગણીનો પૂર્વગ્રહ અસર કરે છે.

આને મોટિવેશનલ રિજનિંગ એટલે કે ઈરાદાપૂર્વકનો તર્ક કહેવાય. માણસો એમના પૂર્વગ્રહોને મળતી આવતી વિગતોને સરળતાથી 'તથ્ય' તરીકે સ્વીકારે છે, અને અનુકૂળ ન હોય તેવાં તથ્યોને 'અનુમાન' ગણીને નામંજૂર કરે છે. ફેકું ન્યુઝની 'લોકપ્રિયતા'નું કારણ આ જ છે. ઓમર અબ્દુલ્લા ભલે 'ધરતીકંપ આવશે' એવું ના બોલ્યા હોય, પણ એ જો બોલે, તો આવું જ બોલે, તે મોટિવેશનલ તર્ક કહેવાય. 'જાણકાર' માણસોને મનાવવા અઘરા હોય છે. સચ્ચાઈનું વિરોધી જ્ઞાન કે સંશય કે અશ્રદ્ધા નથી, પણ ગલત જાણકારી છે. એકવાર તમે એક માન્યતા બાંધી દો પછી, લાગણીઓ એ માન્યતાની રક્ષા કરવા સક્રિય થઈ જશે. તમે એ માન્યતા ગલત છે તે પુરવાર કરવા તર્ક પેશ કરો, દાખલા-દલીલ કરો, આંકડા આપો, તથ્યો આપો કે દસ્તાવેજી પુરાવા આપો તો એ જાણકાર માણસ એને માનવાનો ઈન્કાર કરશે એટલું જ નહીં, તમારી જાણકારીનો સ્રોત ગલત છે તે સાબિત કરવા પ્રયાસ કરશે. સોશિયલ મીડિયામાં જે હુંસાતુંસી, આક્રમક દલીલો, તૂ તૂ મૈં મૈં અને ક્યારેક ગાળાગાળી થાય છે, તે આ મોટિવેશનલ રિજનિંગમાંથી થાય છે. ગમે તેટલી સચ્ચાઈ છતાં, માણસો સોશિયલ મીડિયામાં પોતાની માન્યતા સાથે બાંધછોડ કરતા નથી.

ઈન ફેક્ટ, સચ્ચાઈ સાથે કોઈને લેવા-દેવા પણ નથી. એમને તો ફક્ત એમનો મત રજૂ કરવામાં જ રસ હોય છે. જૂઠ બીજા માટે નહીં, ક્યારેક જાત સાથે ય બોલાતું હોય છે. ફેકું ન્યુઝ એ જાત સાથે બોલાતું જૂઠ છે.

ઈન્સ્ટાગ્રામ પર એકાઉન્ટ ધરાવનાર લોકો યુટ્યુબની સાથે પણ છે....

યુ ટ્યુબની બોલબાલા તો હજુ અકબંધ

ઈન્સ્ટાગ્રામના લાંબા વિડિયોવાળા પ્લેટફોર્મને હાલમાં કેટલાક પડકારોનો સામનો કરવો પડશે. જેમ કે કન્ટેન્ટ બનાવવાવાળા લોકોની સાથે રેવેન્યુ મોડલ માટેનુ માળખુ તૈયાર કરવાનુ રહેશે. વિડિયોના નિર્માતા અને દર્શકોને જાળવી રાખવા માટેની બાબત પણ પડકારરૂપ રહેશે. સાથે સાથે ચાહકોને એકબીજા સાથે જોડી રાખવાની બાબત પણ તેમના માટે સરળ રહેનાર નથી. જાણકાર નિષ્ણાંતો કહે છે કે યુટ્યુબ કન્ટેન્ટ બનાવનારની સાથે રેવેન્યુ સીધી રીતે વહેચે છે. જેમાં સફળ વિડિયો ક્રિએટરની કમાણી દર મહિને ૧૦ હજાર ડોલરથી વધારે છે. ઈન્સ્ટાગ્રામની નીતિ હાલમાં આ સંબંધમાં સ્પષ્ટ દેખાઈ રહી નથી. ઈન્સ્ટાગ્રામમાં વધારે ફોલોવર ધરાવનાર લોકો પ્રભાવશાળી માર્કેટિંગ મારફતે પૈસા કમાવી રહ્યા છે. જેમાં કંપનીઓ સીધી રીતે એવા લોકોને પોતાની પ્રોડક્ટસ અને નાણાં આપે છે જેમની પાસે ફોલોઅર્સ વધારે છે. તેમને ઈન્સ્ટાગ્રામ કોઈ પણ રીતે સીધા પૈસા આપતી નથી. બીજો મોટો પડકાર એ છે કે આઈજી ટીવી પ્લેટફોર્મને સાફ સુફરો રાખવાની પણ જરૂર છે. અશ્લીલ અને ઠેસ પહોંચાડનાર વિડિયો પર પણ અંકુશ મુકવા માટેની જરૂર દેખાઈ રહી છે. યુટ્યુબની મામલે નીતિ સ્પષ્ટ રહી છે. યુટયુબ હિંસા અને અશ્લીલતા ફેલાવનાર વિડિયોને તરત દુર કરે છે. તેની સંપૂર્ણ ટીમ આ મામલે ખુબ જ સંવેદનશીલ રહેલી છે. એક મામલો એવા યુટ્યુબના પણ છે જે લોકોએ ઈન્સ્ટાગ્રામ પર પોતાના એકાઉન્ટ બનાવી લીધા છે પરંતુ યુટ્યુબનો હજુ સુધી સાથ છોડ્યો નથી. સ્વાભાવિક છે કે નવા પડકારોને ધ્યાનમાં લઈને યુટ્યુબ પોતે પણ ફેરફાર કરવાના લઈને ભારે દબાણ હેઠળ રહે છે. ફેસબુક અને ગુગલમાં પ્રભુત્વ માટેન લડાઈ હાલમાં છેડાયેલી છે. આના કારણે સીધો ફાયદો તો સામાન્ય લોકોને જ થનાર છે. કારણ કે તેમને પોતાની ક્રિએટિવિટી દર્શાવવા અને લોકોની સાથે જોડાઈ જવા માટે નવા ફિચર્સ પણ મળશે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે આગામી દિવસોમાં કેટલાક નવા પડકારો બન્નેની સામે રહેશે. ખુબ ઓછા લોકો પાસે આ અંગેની માહિતી છે કે વિડિયો યરિંગ વેબસાઈટ તરીકે પે પલ કર્મચારીઓ દ્વારા યુટ્યુબની રચના કરવામાં આવી હતી. આ સાઈટ પર યુઝરો કન્ટેન્ટને અપલોડ કરી શકે છે, શેયર કરી શકે છે અને અન્ય લોકોને આપ લે કરી શકે છે. ૧૪મી ફેબ્રુઆરી ૨૦૦૫ના દિવસે યુટ્યુબને એક્ટિવેટ કરવામાં આવ્યા બાદ આજે તેની લોકપ્રિયતા રેકોર્ડ સપાટી પર છે. પે પલ માટે કામ કરી રહ્યા હતા ત્યારે ત્રણ કર્મચારીઓ ચાડ લેર્લ, સ્ટીવ ચેન અને જાવેદ કરીમ દ્વારા તેની સ્થાપના કરવામાં આવી હતી. પે પલ માટે અભ્યાસ કરતા પહેલા હર્લે ઈન્ડિયન યુનિવર્સિટી ઓફ પેન્સિલવેનિયામાં ડિઝાઈનમાં અભ્યાસ કરી રહ્યા હતા. ચેન અને કરીમે યુનિવર્સિટી ઓફ ઈલિનોઈસમાં કોમ્પ્યુટરમાં અભ્યાસ કર્યો હતો. પ્રથમ યુટ્યુબ વિડિયો મી એટ ઝુ નામથી મુકવામાં આવ્યા બાદ તેની વિધીવત શરૂઆત થઈ હતી. ૨૩મી એપ્રિલ ૨૦૦૫ના દિવસે તેને અપલોડ કરવામાં સફળતા મળી હતી. વર્ષ ૨૦૦૬માં તે વર્લ્ડ વાઈડ વેબસાઈટમાં સૌથી ઝડપથી લોકપ્રિય થતી સાઈટ બની ગઈ હતી. આવ જ રીતે ઈન્સ્ટાગ્રામ ફેસબુકની માલિકીની એક ફોટો અને વિડિયો શેયરિંગ સોસિયલ નેટવર્કિંગ સાઈટ છે. કેવિન સેસ્ટ્રોમ અને મઈક ક્રિગર દ્વારા તેની રચના કરવામાં આવી હતી. ઓક્ટોબર ૨૦૧૦માં તેને લોંચ કરવામાં આવ્યા બાદ તેની પણ લોકપ્રિયતા સતત વધી રહી છે. શરૂઆતમાં તેની સેવા મર્યાદિત હતી પરંતુ હવે તેમાં જુદા જુદા ફિચર્સ ઉમેરી દેવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૦માં લોંચ કરવામાં આવ્યા બાદ ઈન્સ્ટાગ્રામની લોકપ્રિયતા રોકેટગતિથી વધી હતી. બે મહિનાના ગાળામાં જ ૧૦ લાખ લોકો નોંધાઈ ગયા હતા. એક વર્ષમાં એક કરોડ સુધી આંકડો પહોંચી ગયો હતો. સપ્ટેમ્બર ૨૦૧૭ સુધી ૮૦ કરોડ સુધી આંકડો પહોંચી ગયો છે. જે દર્શાવે છે કે લોકપ્રિયતા કેટલી હદ સુધી વધી રહી છે. એપ્રિલ ૨૦૧૨માં ફેસબુકે આ સર્વિસને રોકડ અને શેરમાં એક અબજ ડોલરમાં ખરીદી લીધી હતી. ઓક્ટોબર ૨૦૧૫ સુધી ૪૦ અબજ ફોટો આ સર્વિસમાં અપલોડ થયા હતા. યુઝરો દ્વારા અયોગ્ય કન્ટેન્ટ અપલોડ થવાના કારણે તેની ટિકા પણ વ્યાપક પ્રમાણમાં થઈ ચુકી છે. સેન્સરશીપના આક્ષેપોનો સામનો તેને કરવો પડ્યો છે. વિષયને લઈને તેની ટિકા થઈ છે. પોલીસી યોગ્ય ન હોવાના કારણે તેની ટિકા થતી રહી છે.

યુટ્યુબ કોપીરાઈટ ઉલ્લંઘન કરનાર વિડિયોને તરત જ દુર કરે છે અને અશ્લીલલા ફેલાવનાર વિડિયો પર તેનુ વલણ સ્પષ્ટ રહ્યુ છે

બળજબરીથી શારિરિક સંબંધો બનાવવા એટલે કે સેક્સ એડિક્શન

સેક્સ એડિક્શન માનસિક બિમારી

કમ્પલસિવ સેક્યુઅલ બિહેવિયર એટલે કે બળજબરીથી શારિરિક સંબંધ બનાવવા માટેના પ્રયાસોને સાદા શબ્દોમાં સેક્સ એડિક્શન અથવા તો સેક્સની ટેવ પણ કહી શકાય છે. હવે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા સત્તાવાર રીતે સેક્સ એડિક્શનને માનસિક બિમારીનો દરજ્જો આપી દેવામાં આવ્યો છે. સામાન્ય રીતે જો આ પ્રકારની સમસ્યાથી ગ્રસ્ત છે તે પોતાની સારવાર કરાવવા માટે ઈચ્છુક હોય છે. તેમના જીવનમાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના આ નિર્ણય મોટો ફેરફાર લાવી શકે છે. ડબલ્યુએચઓના કહેવા મુજબ સેક્સ એડિક્શન એક નિયમિત ચાલતી એવી પ્રક્રિયા છે જેમાં વ્યક્તિ તીવ્ર, વારંવારદોહરાવવામાં આવતા સેક્યુએલ ઉત્તેજના અથવા તો વારંવાર સેક્સ કરવાની પોતાની ઈચ્છાને કન્ટ્રોલ કરવામાં અસમર્થ રહે છે. ડબલ્યુએચઓ દ્વારા ખુબ સાવધાનીપૂર્વક તેની પરિભાષા નક્કી કરી દેવામાં આવી છે. તેની સાથે જોડાયેલી એક રોચક બાબત એ છે કે સેક્સ એડિક્શનને આ બાબત સાથે નક્કી કરી શકાય નહી કે કોઈ વ્યક્તિના કેટલા સેક્સ પાર્ટનર છે. અથવા તો તે કેટલી વખત સેક્સ કરે છે બલ્કે સેક્સ એડિક્શનને એક એક સ્થિતી તરીકે પરિભાષિત કરવામાં આવે છે જેમાં સેક્સની લતતી પિડિત વ્યક્તિ પોતાના આરોગ્ય, પર્સનલ કેયર અને બીજી જરૂરી એક્ટિવીટીજ અને જવાબદારીને નજર અંદાજ કરે છે. જો કોઈ વ્યક્તિમાં સતત છ મહિના સુધી ઉપર દર્શાવવામાં આવેલા લક્ષણો દેખાય તો તેને સારવારની જરૂર છે તે કહી શકાય છે. જો કોઈ વ્યક્તિ સેક્સના કારણે પોતાના અભ્યાસ, પરિવાર અને કામ તેમજ અન્ય જવાબદારીની અવગણના કરે છે તો તેને સેક્સ એડિક્શનની કેટેગરીમાં રાખી શકાય છે. હાલમાં થોડાક દિવસ પહેલા જ ડબલ્યુએચઓ દ્વારા ગેમિંગ એડિક્શનને પણ માનસિક બિમારીની કેટેગરીમાં રાખી દેવાની જાહેરાત કરી હતી. જેમાં સેક્સ એડિક્શનને રાખવામાં આવી છે. દુનિયાભરના નિષ્ણાંતો ડબલ્યુએચઓના નિર્ણયથી ખુશ છે. તેમનુ માનવુ છે કે સેક્સ એડિક્શનને માનમસિક બિમારી ગણવાથી આ સમસ્યાથી ગ્રસ્ત લોકો પાસે સારવાર માટેના વિકલ્પ રહેશે. સાથે સાથે આ ક્ષેત્રમાં પણ રિસર્ચ કરવામાં આવશે. હાલમાં જ એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો હતો કે સેક્સ એડિક્ટ થઈ ચુકેલી એક મહિલા દિવસમાં પાંચ વખત પુરૂષની સાથે સેક્સ માણે છે. પાંચ વખત સેક્સ માણ્યા બાદ પણ આ મહિલાની સેક્સ પ્રત્યેની ભુખ અકબંધ રહે છે. આ મહિલા આશરે એક હજાર પુરષોની સાથે સેક્સ માણી ચુકી છે. આ મહિલાનો દાવો છે કે તે હમેંશા સેક્સની કલ્પનાઓમાં ગુમ રહે છે. બ્રિટનના જાણીતા અખબાર મિરરમાં પ્રકાશિત થયેલા અહેવાલમાં ધડાકો કરવામાં આવ્યો છે કે ૪૨ વર્ષીય આ મહિલા ક્રિસ્ટલ વોરેનના દિમાંગમાં દર રોજ સવારે એક જ પ્લાન ચાલે છે. ક્યા પબ અને કોફી શોપમાં તે કેટલા પુરૂષો સાથે સેક્સ માણવા તેમને મનાવી શકે છે તે સંબંધમાં તે હમેંશા વિચારણા કરે છે. જો રાત્રે કોઈની સાથે સેક્સ બાદ તે સવાર સુદી અન્ય કોઈની સાથે સેક્સ ન માણે તો તે બપોરે ચોક્કસપણે સેક્સ માણવા કોઈને મનાવી લે છે. ક્રિસ્ટલે સેક્સ જરૂરીયાતને પૂર્ણ કરવાના તમામ પ્રયાસ કરે છે. પ્રોફેશનથી રિટેલ મેનેજર વારેન ક્રિસ્ટલ દિવસમાં કેટલી વખત સેક્સ માણે છે તે અંગે તે પોતાના મિત્રોની સાથે ક્યારેય વાત કરતી નથી. તે સેક્સ અંગે ખુબ ભુખ ધરાવે છે. પરંતુ તે મિત્રો સમક્ષ આ અંગે વાત કરવા ઈચ્છતી નથી. તેનુ કહેવુ છે કે સામાન્ય રીતે લોકો સેક્સની ભુખને કોઈ મહિલા સાથે જોડતા નથી. સામાન્ય રીતે લોકો પુરૂષો દિનમાં કોઈ ખાસ સમય સેક્સ અંગે વિચારણા કરે છે પરંતુ સમગ્ર દિવસ દરમિયાન તે સેક્સ અંગે વિચારણા કરે છે.માનસિક બિમારીના સંબંધમાં વાત કરવામાં આવ્યા બાદ હવે હવે સ્થિતીમાં વહેલી તકે ફેરફાર થશે. લોકો સારવાર માટે પણ સરળરીતે આગળ આવી શકશે.



સેક્સ એડિક્શન સતત ચાલનાર એક એવી પ્રક્રિયા છે જેમાં વ્યક્તિ વારંવાર સેક્સ કરવાની ઈચ્છાને કન્ટ્રોલ કરવામાં અસમર્થ રહે છે

પ્રશંસાપાત્ર પહેલ : ફંડિંગ અને કામગીરી પર દેખરેખ અતિ જરૂરી

એનજીઓ જાસૂસી પ્રવૃતિમાં સામેલ

રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિમાં પણ કેટલીક બિનસરકારી સંસ્થાઓ રહી છે. આ સંસ્થાઓ સરકારની વિકાસ પ્રવૃત્તિ આડે અડચણરૂપ બની જાય છે. ભારતના ઘણા પછાત આદિવાસી વિસ્તારોમાં સરકારની કામગીરીનો વિરોધ એનજીઓ જાણી જોઈને કરે છે. કામગીરી રોકાઈ જાય તેવો હેતુ રહે છે. આંતરરાષ્ટ્રીય સ્તર પર એનજીઓનો ઉપયોગ જાસુસી માટે પણ થાય તેવા અહેવાલ મળી ચુક્યા છે. એફએટીએફના અહેવાલ પ્રકાશિત થતા પહેલા વર્ષ ૨૦૧૦માં ભારત સરકારે કઠોર પગલા લઈને એફસીઆરએની રચના કરી હતી અને એફટીએફના રિપોર્ટ પહેલા જ કેટલાક બિનસરકારી સંગઠનોને રાજકીય છત્ર હેઠળ લાવીને તેમને વિદેશી સહાયતા મેળવવાના મામલાથી બચાવી લેવામાં આવ્યા હતા આ તરત જ કરવમાં આવેલી કાર્યવાહી પાછળ દુનિયાના દેશોને એવો સંદેશો પણ આપવાનો હેતુ હતો કે ભારત હવાલા અને ત્રાસવાદી સંગઠનોને સામે કઠોર કાર્યવાહી કરવાનું જાણે છે અને તે આ પ્રકારની ગતિવિધિને કોઈપણ સંજોગોમાં ચલાવી લેશે નહીં. પરંતુ આની સાથે સાથે આ કાયદાએ સરકારને અસહમતિના અવાજોને દબાવી દેવા અને માનવઅધિકાર માટે લડનારની સામે કાર્યવાહીના અધિકાર પણ આપી દીધા હતા. હવે નરેન્દ્ર મોદી સરકારે ૧૦ હજારથી વધારે બિનસરકારી સંગઠનોના લાઈસન્સ રદ કરી ચૂકી છે. સાથે સાથે સરકાર નવા દિશાનિર્દેશો પણ જારી કરી ચુકી છે. જે વિદેશી સહાયતા મેળવનાર સાથે સંબંધિત છે. નવા નિયમો મુજબ બિનસરકારી સંગઠનોને વિદેશમાંથી પ્રાપ્ત સહાયતાની રકમની સાત દિવસની અંદર માહિતી આપવી પડશે. જે બેંકોના માધ્યમથી આ વિદેશી નાણાં બિનસરકારી સંગઠનના ખાતામાં જમા થશે તેમને આ માહિતી ૪૮ કલાકની અંદર આપવી પડશે. આવી જ રીતે બિનસરકારી સંગઠનોને પોતાના નાણાંને દેશ માટે ઘાતક ગાતાવાધમા સામલ કરવાના મજુરા આપા નથા. જાણકાર લાકાનુ કહેવું છે કે ભારત કેટલાક દેશોમાં પડોશી દેશો કરતા આગળ છે. બાંગ્લાદેશ તો ભારતથી પણ આગળ છે. બાંગ્લાદેશે બ્લોક સ્તરના અધિકારીઓને બિનસરકારી સંગઠનોને બંધ કરવા સુધીના અધિકારો આપી દીધા છે. પાકિસ્તાનમાં પણ ૩૦૦૦થી વધારે બિનસરકારી સંગઠનોને રાષ્ટ્રના હિતમાં કામ નહીં કરવાના કારણે પોતાના કામકાજને સમેટી લેવા માટે સૂચના આપી દીધી છે. શ્રીલંકાના પૂર્વ પ્રમુખ રાજાપક્ષાયે તો આનાથી પણ આગળ વધીને બિનસરકારી સંગઠનોની પત્રકાર પરિષદ પર પણ બ્રેક મૂકી દીધી હતી. ભારતમાં બિનસરકારી સંગઠનોને લઈને ઘૃણાની સ્થિતિ રહી નથી બલકે કેટલાક સરકારી વિભાગ તો તેમની સહાયતાથી પોતાના કાર્યક્રમ સુધી પણ આયોજિત કરે છે. જાસુસીમાં પણ ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિ એને ગણી શકાય છે જે દેશની પ્રગતિમાં બાધાજનક છે. કેટલાક વિદેશી ફંડિંગ મેળવતા સંગઠનો આવી ગતિવિધિ ચલાવી રહ્યા છે. તમિળનાડુના કુડનકુલમમાં બનનાર પરમાણુ ઉર્જા યુનિટના વિરોધ કરનાર એનજીઓની વ્યૂહરચના સામે પ્રશ્નો ઉઠતા રહ્યા છે. આવી જ રીતે ભારતમાં પછાત આદિવાસી વિસ્તારોમાં સરકાર દ્વારા કરવામાં આવી રહેલી વિકાસ ગતિવિધિનો વિરોધ ઘણા એનજીઓ કરી રહ્યા છે. તેમની સામે કાર્યવાહી જરૂરી છે. સરકારની સામે અભિયાન ચલાવનાર એનજીઓને વિદેશી ફંડ મળે છે આવી ઘણી સંસ્થાઓ દ્વારા ધારાધોરણોના ભંગના મામલા સપાટી પર આવી ચુક્યા છે. ગ્રીનપીસ નામના એનજીઓનું નામ સૌથી પહેલા સપાટી પર આવ્યું છે. પશ્ચિમી ગુપ્તચર સંસ્થાઓ આ સંગઠનોના મારફતે ભારત જેવા દેશોમાંથી મહત્વપૂર્ણ માહિતી એકત્ર કરે છે. ધર્માંતરણ માટે પણ કેટલાક એનજીઓને વિદેશી નાણાં મળે છે. હવે કેન્દ્ર સરકાર તેમના ફંડિંગ અને કામગીરી પર નજર રાખી રહી છે જે ખૂબજ યોગ્ય પગલુ છે. આ સંસ્થાઓની પ્રવૃત્તિ પર બ્રેક ખૂબ જરૂરી છે. ભારતમાં સરકારોને એનજીઓ અને સિવિલ સોસાયટી તરફથી કેટલાક મામલાઓમાં પ્રશ્નોનો સામનો કરવો પડે છે. સામાન્ય રીતે આ કામગીરી સામાન્ય લોકોના જીવનના રક્ષણના અધિકારથી લઈને રાજ્યો તરફથી થતી હિંસાને લઈને હોય છે. વિકાસના નામે ગરીબ લોકોના વિસ્થાપન, વળતર, કુદરતી સંશાધનોના દુરુપયોગ આ પ્રકારની બાબતો જોવા મળે છે. એનજીઓ ઘણા વિષય પર લડત ચલાવતા રહે છે.

ભારતીય ગૃહમંત્રાલયે ચાર હજાર એનજીઓને કહી દીધુ છે કે તેમના ખાતાઓમાં ખામીઓ છે અને તેમને બંધ કરવામાં આવે તે જરૂરી છે. જે રીતે ગ્રીનપીસના ખાતાઓ મામલે સરકારે નોટિસ જારી કરી છે. આવનાર દિવસોમાં આ દિશામાં આક્રમક કાર્યવાહી થઈ શકે છે. સરકારે ચાર હજાર એનજીઓ પર કાર્યવાહી કરી છે.



કોંગ્રેસના ધારાસભ્યનો વિવાદાસ્પદ વીડિયો વાયરલ

ભાજપ નેતાઓ કોંગ્રેસ કાર્યકર્તા પર આંગળી ઉઠાવશે તો તેમની ખાલ ઉતારી નાંખીશું

ઈન્દોર

મધ્યપ્રદેશમાં સત્તારૂઢ કોંગ્રેસ પાર્ટીના ધારાસભ્ય વિજય ચૌરે ભાજપ નેતાઓની વિરૂદ્ધ ખૂબ જ આપત્તિજનક નિવેદન આપ્યું છે. સૌસર સીટ પરથી ધારાસભ્ય વિજય ચૌરે પાર્ટી નેતાઓની એક બેઠકમાં કહ્યું કે જો કોઈ ભાજપ નેતાએ કોંગ્રેસના કોઈ કાર્યકર્તા પર આંગળી ઉઠાવી તો અમે તેમની ખાલ ઉતારી નાંખવામાં કોઈ કસર છોડીશું નહીં. કોંગ્રેસના નેતાના આ વિવાદાસ્પદ નિવેદનનો વીડિયો હવે સોશિયલ મીડિયામાં વાયરલ થઈ ગયો છે.

છિંદવાડા જિલ્લાના સૌસરથી કોંગ્રેસના ધારાસભ્ય વિજય ચૌરે કહ્યું કે ભાજપના લોકો જે દિવસે કોંગ્રેસના કોઈ કાર્યકર્તા પર આંગળી ઉઠાવાનો પ્રયાસ કરશે કે તેમના વાળને હાથ લગાવાનો પ્રયાસ કરશે તો આ મંચ પરથી જાહેરમાં કહું છું કે અમે તેમના છોતરા ઉતારી નાંખવામાં કોઈ કસર છોડીશું નહીં. કોંગ્રેસ ધારાસભ્યના આ નિવેદન બાદ મધ્યપ્રદેશના રાજકારણમાં ગરમાવો આવાની સંભાવના છે.

આપને જણાવી દઈએ કે મધ્યપ્રદેશના રાજગઢમાં થોડાંક દિવસ પહેલાં સંશોધિત નાગરિકતા કાયદાના સમર્થનમાં ભાજપના પ્રદર્શન દરમ્યાન એક મહિલા અધિકારી પ્રદર્શનકારીઓનો કોલર પકડીને તેને મારતા દેખાયા હતા. આ દરમ્યાન તેમની સાથે અસભ્યતા ભર્યું વર્તન પણ કર્યું. ભીડમાં કોઈ પ્રદર્શનકારીએ મહિલા અધિકારીના વાળ ખેંચી નાંખ્યા હતા. આ આખા મામલાને લઈ ભાજપ આક્રમક થઈ ગઈ હતી.

સરકારે અયોધ્યામાં મસ્જિદ માટે ભંડોળ આપવું જોઈએ

સરકાર રામ મંદિર માટે ટ્રસ્ટ બનાવી શકે તો મસ્જિદ માટે કેમ નહીં?: શરદ પવાર



મુંબઈ

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના અધ્યક્ષ શરદ પવારે ભાજપ પર સીધા પ્રહારો કર્યા હતા. શરદ પવારે કહ્યું હતું કે સરકારે અયોધ્યામાં મસ્જિદ માટે ભંડોળ આપવું જોઈએ. પવારનું કહેવું હતું કે "ભાજપ લોકોને સાંપ્રદાયિક ધોરણે વહેંચી રહી છે. જો સરકાર મંદિર માટે ટ્રસ્ટ બનાવી શકે છે તો તે અન્ય ટ્રસ્ટ બનાવીને મસ્જિદને નાણાં કેમ ના આપી શકશે." ઉલ્લેખનીય છે કે તેઓ તેમની પાર્ટીના રાજ્ય પરિષદમાં ભાગ લેવા આવ્યા હતા.

ત્યાં તેમણે બજેટને સંબંધીત પણ વાત કરી હતી કે, ચાલું નાણાકીય વર્ષ માટે ઉત્તરપ્રદેશના બજેટમાં ખેડૂતો માટે કંઈ જ નથી. ઉપરાંત યુવાનો માટે સરકારે માસિક રકમની ઘોષણા કરી છે, પરંતુ આ નાણાં તેમના સુધી પહોંચશે કે કેમ તેની શંકા છે. યુવાનોને કામ કરવાનો અધિકાર આપવાની સમયની જરૂરિયાત છે.

પૂર્વ વડાપ્રધાને વર્તમાન આર્થિક સ્થિતિને લઈ મોદી સરકાર પર નિશાન સાધ્યું

દેશમાં આજે એવી સરકાર છે જે 'મંદી' જેવા શબ્દને સ્વીકારતી નથી: મનમોહન સિંહ



ન્યુ દિલ્હી

પૂર્વ પ્રધાનમંત્રી મનમોહનસિંહે વર્તમાન આર્થિક સ્થિતિને લઈને કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું છે. એક કાર્યક્રમમાં મનમોહનસિંહે કહ્યું હતું કે હાલની સરકાર 'મંદી' શબ્દ સ્વીકારી રહી નથી અને આજે આ સૌથી મોટી સમસ્યા છે. મોદી સરકારને છેલ્લા કેટલાક દિવસોમાં આર્થિક મોરચે અનેક આંચકા મળ્યા છે. બેરોજગારીની વધતી સમસ્યા સાથે, વિશ્વની ઘણી આર્થિક એજન્સીઓએ ભારતના જીડીપીનો અંદાજ ઘટાડ્યો છે.

પ્લાનિંગ કમિશનના પૂર્વ ડેપ્યુટી ચેરમેન મોન્ટેક સિંઘ અહલુવાલિયાના પુસ્તકના લોકાર્પણ સમયે મનમોહનસિંહે મોદી સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા. મનમોહનસિંહે કહ્યું કે જો આપણે અગાઉના પ્લાનિંગ કમિશનના આધારે વિકાસની ગતિને આગળ વધારવીએ તો ૨૦૨૪-૨૫ સુધીમાં ૫ ટ્રિલિયન અર્થવ્યવસ્થાનું સ્વપ્ન પૂર્ણ થઈ શકતું હતું.

મનમોહનસિંહે મોદી સરકાર પર નિશાન સાધતા કહ્યું કે આજે ઘણા મુદ્દાઓ પર ચર્ચા કરવી જરૂરી છે, કારણ કે આજની સરકાર મંદી જેવા શબ્દોને સ્વીકારતી નથી. જો તમે મુશ્કેલીઓને ઓળખતા નથી, તો પછી તમે કેવી રીતે સાચો જવાબ શોધી શકશો, આ સૌથી મોટો ભય છે.

પૂર્વ વડાપ્રધાને કહ્યું કે સરકારે વિકાસને આગળ વધારવાનો વિચાર ૮ ટકાની ગતિએ કરવો જોઈએ, પરંતુ આ માટે શક્તિની જરૂર છે. દેશમાં આ સમયે ટેક્સ રિફોર્મની જરૂરત છે.

આ જ કાર્યક્રમમાં ભાગ લેનારા પૂર્વ નાણાં મંત્રી પી. ચિદમ્બરમે પણ મોદી સરકાર પર નિશાન સાધ્યું હતું. પી.ચિદમ્બરમે જણાવ્યું હતું કે આજે દર્દી સ્થિતિ ખરાબ છે અને તેને આઈસીયુમાં લઈ જવામાં આવી રહ્યો નથી, તેને હમણાં જ આઈસીયુની બહાર ઉભા કરી દેવામાં આવ્યો છે.

મેનેલિયા દિલ્હીની સરકારી સ્કૂલમાં મુલાકાત કરી એક કલાક વિતાવશે

ભારત પ્રવાસ દરમ્યાન ટ્રમ્પની પત્ની કેજરીવાલે કરેલા વિકાસને નિહાળશે..!!

ન્યુ દિલ્હી

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પોતાની પત્ની મિલેનિયા ટ્રમ્પ સાથે ૨૪ અને ૨૫ ફેબ્રુઆરીએ ભારતની મુલાકાતે આવી રહ્યાં છે. આ દરમિયાન ટ્રમ્પની પત્ની મિલેનિયા દિલ્હીની સરકારી સ્કૂલમાં જઈને બાળકો સાથે મુલાકાત કરી શકે છે. મળતી માહિતી મુજબ મિલેનિયા ૨૫ ફેબ્રુઆરીએ હેપ્પીનેસ ક્લાસ અંતર્ગત બાળકોને મળી શકે છે. મિલેનિયા ટ્રમ્પ સાઉથ દિલ્હીની એક સરકારી સ્કૂલમાં બાળકો સાથે લગભગ એક કલાકનો સમય વિતાવી શકે છે.

આ દરમિયાન તેમની સાથે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયા પણ હાજર રહેશે. આ પહેલી વખત છે કે જ્યારે અમેરિકાના ફર્સ્ટ લેડી દિલ્હીમાં સ્કૂલ સ્ટૂડન્ટ્સને મળશે. આ પહેલાં ૨૦૧૦માં જ્યારે ઓબામા ભારતની મુલાકાતે આવ્યા હતા ત્યારે તેમના પત્ની મિશેલ ઓબામાએ મુંબઈમાં બાળકો સાથે મુલાકાત કરી હતી.

મિશેલની બાળકો સાથે ડાન્સ કરતી તસવીરે પણ ખુબ ચર્ચા જગાવી હતી. મિલેનિયા ટ્રમ્પની મુલાકાતને લઈને જોરદાર તૈયારીઓ ચાલી રહી છે. કેજરીવાલ સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલા મોડલ સ્કૂલમાં મિલેનિયાને લઈ જવામાં આવશે. કેજરીવાલ સરકારે સરકારી સ્કૂલમાં ૨૦૧૮થી હેપ્પીનેસ ક્લાસની શરૂઆત કરી હતી, જેની મદદથી બાળકોને માનસિક તણાવથી દૂર રાખવામાં આવે છે.

નૃપેન્દ્ર મિશ્રાની રામ મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ તરીકે નિમણૂંક

ન્યુ દિલ્હી

અયોધ્યામાં રામ મંદિર નિર્માણ માટે બનેલા શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટમાં નૃપેન્દ્ર મિશ્રાને મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ તરીકે નિમણૂક કરાઈ છે. આ એ જ નૃપેન્દ્ર મિશ્રા છે જેમને નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન બનતા જ પોતાના પ્રધાન સચિવ તરીકે નિમણૂક કરાઈ હતી. મોદી જ્યારે ૨૦૧૯મા બીજી વખત પ્રધાનમંત્રી બન્યા તો મિશ્રાએ પદ છોડવાની રજૂઆત કરી અને સપ્ટેમ્બર ૨૦૧૯થી તેઓ પ્રધાનમંત્રી સચિવ પદ પરથી રિટાયર થઈ ગયા. તેમને અયોધ્યામાં રામ મંદિર નિર્માણની અગત્યની જવાબદારી મળવી એ વાતના સંકેત છે કે વડાપ્રધાન મોદી ખુદ આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટથી કેટલાં નજીકથી જોડાયા છે.

સૂત્રોએ જણાવ્યું છે કે મિશ્રાને નિર્માણ સમિતિના અધ્યક્ષ એટલા માટે જ બનાવ્યા જેથી કરીને મંદિરનું નિર્માણ પૂરી ભવ્યતાની સાથે સમયમર્યાદાની અંદર થાય. વડાપ્રધાન મંદિરમાં કોઈપણ પ્રકારની કમી છોડવા માંગતા નથી. આ બધી વાત સુનિશ્ચિત કરવા માટે એક એવી ઓથોરિટીની જરૂર મહેસૂસ થઈ કે જેમની કામ કરવાની સ્ટાઈલ પારખેલી હોય. વાત એમ છે કે રામ મંદિર આંદોલનથી સાધુ-સંતોનો ભાવનાત્મક પ્રેમ છે, એવામાં થોડી પણ કમી તેમની અંદર ઉકળાટ પેદા કરી શકે છે. આ સિવાય સંઘ પરિવારનો પણ અયોધ્યા આંદોલન સાથે ઊંડો સંબંધ છે. એટલું જ નહીં રામ મંદિરથી હિન્દુત્વના મૂળિયા જોડાયેલા છે. પ્રધાનમંત્રી આ વાતોને ગંભીરતાથી સમજે છે અને કોઈપણ પ્રકારનો બિલકુલ ખતરો ઉઠાવા માંગતા નથી.

જીવન ટકાવવા માટેના ધોરણ ક્રમાંકમાં ભારત ૭૭મા સ્થાનેઃ યુએન રિપોર્ટ

યુએન

સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જાહેર કરવામાં આવેલા એક રિપોર્ટ મુજબ જોઈએ તો જીવન ટકાવવા માટેના ધોરણ ક્રમાંકના મામલે ભારત ૭૭માં સ્થાન પર છે, અને બાળકોના ભરણપોષણ, જવાબદારી તથા જાળવણી બાબતની યાદીમાં ભારતનું સ્થાન ૧૩૧મું છે. આ રિપોર્ટમાં મા-બાપ દ્વારા બાળકોના જીવનમાં તેમના પ્રત્યેની જવાબદારી, ઉછેર, આગળ વધવાની તક અને કલ્યાણનો ઉલ્લેખ કર્યો છે. દુનિયાભરના ૪૦થી પણ વધારે બાળ અને કિશોર સ્વાસ્થ્ય નિષ્ણાંતોએ આ અંગેનો રિપોર્ટ બુધવારે જાહેર કર્યો છે. આ સંશોધન વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન, યૂનિસેફ તથા લાંસેટ મેડિકલ જર્નલના સંયુક્ત ત્તત્વાવધાનમાં થયો છે. આ રિપોર્ટમાં ૧૮૦ દેશોની ક્ષમતાનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. જેમાં એ જોવાનું હતું કે, તેમના બાળકો યોગ્ય રીતે ભણી શકે છે, ખુશ રહી શકે છે, વ્યવસ્થિત જીવ જીવી શકે છે કે નહીં. જેમાં જીવન ટકાવવા માટેના ધોરણના ક્રમમાં ભારત ૭૭માં સ્થાને અને ખુશ રહેવાની બાબતમાં ભારત ૧૩૧માં સ્થાને છે. બાળકોના ખુશ રહેવાની યાદીમાં માતા અને પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકો પ્રત્યેની જવાબદારી, આત્મહત્યા દર, માતૃ અને શિશુ સ્વાસ્થ્ય સુવિધાન, બુનિયાદી સાફ-સફાઈ અને ઘોર ગરીબીથી મુક્તિ તથા બાળકોને આગળ વધવા જેવા મુદ્દાઓનો સમાવેશ થાય છે.

આ રિપોર્ટમાં કહેવાયું છે કે, કોઈ પણ દેશ બાળકોને પોતાના બાળપણને યોગ્ય અને મજબૂત બનાવવાના પ્રયાસમાં યોગ્ય ઉતરતું હોય તેવું જણાતું નથી. આ સંશોધનમાં સામેલ એક શોધ કરતાનું કહેવું છે કે, દુનિયાનો કોઈ પણ દેશ એવી પરિસ્થિતીનું નિર્માણ કરી શક્યા નથી કે, જ્યાં બાળકો વિકસીત થઈ શકે અને તેમને સારામાં સારી સુવિધા અને ઉછેર કરી શકે.

આગામી સુનાવણી ૪મેએ

એરસેલ મેક્સિસ કેસઃ CBI-EDએ બંધ કાગળમાં કોર્ટને સ્ટેટસ રિપોર્ટ સોંપ્યો

ન્યુ દિલ્હી

એરસેલ મેક્સિસ મામલે સીબીઆઇ અને ઇડીએ કોર્ટમાં સ્ટેટસ રિપોર્ટ દાખલ કર્યો છે. આ અંગે એક બંધ કાગળનો રિપોર્ટ કોર્ટમાં સોપવામાં આવ્યો છે. આ સાથે જ સીબીઆઇ અને ઇડીએ કોર્ટે પાસે સમય માગ્યો છે. આ અંગે એએસજી સંજય જૈને કોર્ટને જણાવ્યું કે, ૫ દેશોમાં આ મામલે લેટર્સ રોગેટરી પેન્ડિંગ છે. જેથી તપાસ પૂરી નથી થઇ. અત્યારે કોર્ટે આ મામલે સુનાવણી માટે ૪ મેની તારીખ નક્કી કરી છે.

એકસેલ મેક્સિસ મામલામાં પૂર્વ નાણાં પ્રધાન પી. ચિદમ્બરમ અને કાર્તિ ચિદમ્બમ અને અન્ય એક સીબીઆઇ અને ઇડીએ કેસ દાખલ કર્યો હતો. બંને અત્યારે જામીન પર છે. અત્યારે આ મામલે સુનાવણી સીબીઆઇના વિશેષ જસ્ટિસ એ.કે કુહાર કરી રહ્યાં છે. આ અગાઉ આ કેસની સુનાવણી ઓપી. સૈની કરી રહ્યાં હતાં.

ઉલ્લેખનીય છે કે, ૨૦૦૬માં એરસેલ મેક્સિસ ડીલમાં વિદેશ નિવેશ સંવર્ધન બોર્ડની મંજૂરી આપવામાં કથિત અનિયમિતતા સાથે જોડાયેલો છે. આ મંજૂરી કથિત રીતે ૨૦૦૬માં આપવામાં આવી છે. જ્યારે પી. ચિદમ્બરમ નાણાં પ્રધાન હતાં. ફોરેન ડાયરેક્ટ ઈનવેશમેન્ટ નીતિના નિયમ પ્રમાણે, ચિદમ્બરમને પ્રસ્તાવોને મંજૂરી આપવાનો અધિકાર હતો. આ પ્રસ્તાવોમાં ૬૦૦ કરોડ રૂપિયાથી વધારે વિદેશ રોકાણ સામેલ હતું.

વોડાફોન આઈડિયાએ ટેલિકોમ ડિપાર્ટમેન્ટને ૧,૦૦૦ કરોડ રૂપિયા ચૂકવ્યા

ન્યુ દિલ્હી

ગુરુવારે વોડાફોન આઈડિયાએ ટેલિકોમ ડિપાર્ટમેન્ટે વધુ ૧,૦૦૦ કરોડ રૂપિયાની ચૂકવણી કરી છે. એક વરિષ્ઠ અધિકારીએ આ માહિતી આપી છે. અગાઉ કંપનીએ ૨,૫૦૦ કરોડ રૂપિયાની ચૂકવણી કરી હતી. ડીઓટીના જણાવ્યા મુજબ, એક કે બે દિવસમાં બાકી રહેલી રકમની સંપૂર્ણ વસુલાત માટે ટાટા ટેલિસર્વિસિસને નોટીસ મોકલવામાં આવશે. કંપનીએ વિભાગને ૨,૧૯૭ કરોડ રૂપિયાની ચૂકવણી કરી છે, જ્યારે ડીઓટીનું અનુમાનના જણાવ્યા મુજબ ટાટા ટેલિસર્વિસસે ૧૪૦૦૦ કરોડ રૂપિયા ચૂકવવાના બાકી છે.

એક્સચેન્જને આપવામાં આવેલી માહિતીમાં વોડાફોન આઈડિયાએ કહ્યું છે કે ૩,૫૦૦ કરોડ રૂપિયાના મુલ્યના નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર(એનસીડી) પર ક્રિસલે કંપનીનું રેટિંગ ઘટાડી દીધું છે. ક્રિસિલે રેટિંગને બી+થી ઘટાડીને બીબી કરી દીધું છે. કંપનીએ માહિતીમાં કહ્યું છે કે એજીઆરના મુદ્દા પર સરકાર તરફથી રાહત મળવાની શકયતાના કારણે રેટિંગ એજન્સીએ રેટિંગ ઘટાડ્યું છે.

મોદી સરકારે સર્જિકલ સ્ટ્રાઈક ક્યાં કરી?

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી કમલનાથે સર્જિકલ સ્ટ્રાઈક પર સવાલ ઉઠાવ્યા

છિંદવાડા,તા.૨૦

મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી કમલનાથે સર્જિકલ સ્ટ્રાઈકને લઈને ફરી એકવાર મોટો સવાલ ઉઠાવ્યો છે. તેમણે સવાલ કર્યો હતો કે, મોદી સરકારે ક્યાં સર્જીકલ સ્ટ્રાઈક અને કઈ સ્ટ્રાઈક કરી? કમલનાથના આ નિવેદન બાદ વધુ એકવાર વિવાદ થાય તેવી શક્યતા છે.

છિંદવાડામાં કમલનાથ સિંહે પૂર્વ મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ પર આકરા પ્રહાર કરતા કહ્યું હતું કે, શિવરાજ શ્રેયની રાજનીતિ કરે છે અને તેમનું માત્ર મોઢું જ ચાલે છે.

મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા કમલનાથે સર્જીકલ સ્ટ્રાઈકને લઈને વધુ એકવાર સવાલ ઉઠાવ્યા હતાં. તેમણે ભારતીય સૈન્યની કામગીરી પર જ સવાલ ખડા કર્યા હતાં. તેમને કહ્યું હતું કે, મોદીજી ધ્યાન હટાવવા માટે રાષ્ટ્રવાદ અને પાકિસ્તાનની જ વાતો કરે છે, પણ તેમને ખબર નથી કે ઈંદિરાજીની સરકારમાં ૯૦ હજાર પાકિસ્તાની સૈન્ય જવાનોએ આત્મસમર્પણ કર્યું હતું. તે પોતાની વાતો નોતા કરતા પણ રાષ્ટ્રવાદની વાતો કરતા હતાં. કમલનાથે સવાલ ઉઠાવતા કહ્યું હતું કે, મોં ચલાવવું અને દેશ ચલાવવામાં ફરક હોય છે. મોદી સરકારે ક્યાં સર્જીકલ સ્ટ્રાઈક અને કઈ સ્ટ્રાઈક કરી? મોદીજીએ કઈ સર્જીકલ સ્ટ્રાઈક કરી અને ક્યારે કરી તે દેશને જણાવવુ જોઈએ.

ભારતનો વળતો જવાબઃ અરૂણાચલ અમારો આંતરિક ભાગ

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની અરૂણાચલ યાત્રા સામે ચીને વાંધો ઉઠાવ્યો

ન્યુ દિલ્હી

અરૂણાચલ પ્રદેશની સ્થાપનાના પ્રસંગની ઉજવણીમાં અમિત શાહ ભાગ લેવા પહોંચ્યા હતા. જેનો ચીને વાંધો ઉઠાવ્યો છે. ચીનનું કહેવું છે કે, શાહની યાત્રા બીજિંગની સ્થાનિક સંપ્રભુતાનું ઉલ્લંઘન છે અને અરસ-પરસના રાજકીય વિશ્વાસને તોડનારી છે. ચીને આ યાત્રાનો પૂરજોર રીતે વિરોધ નોંધાવ્યો છે. શાહ અરૂણાચલના ૩૪માં સ્થાપના દિવસના પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં ભાગ લેવા પહોંચ્યા હતા.

ચીન અરૂણાચલ પ્રદેશના દક્ષિણ તિબેટનો ભાગ માને છે અને તેની પર પોતાનો હક હોવાનો દાવો કરે છે. તેમજ ભારતના કોઈ નેતા આ વિસ્તારમાં યાત્રા કરે તો ચીન વિરોધ નોંધાવે છે. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા જેંગ શુઆંગે એક પ્રશ્નના જવાબમાં મીડિયાને કહ્યું કે, 'ચીન-ભારત સીમાના પૂર્વ ભાગ વિશે ચીનનો સ્પષ્ટ મત છે. ચીનની સરકારે કથિત અરૂણાચલ પ્રદેશને પણ માન્યતા આપી નથી. તે ચીનના તિબેટ ક્ષેત્રના દક્ષિણ ભાગમાં ભારતીય નેતાની યાત્રાનો વિરોધ કરે છે. કારણ કે તે ચીનની સ્થાનિક પ્રભુતાનું ઉલ્લંઘન છે. સરહદ અંગે ચીન અને ભારતના પક્ષના મુદ્દાને વધુ ગુંચવણ ભર્યો બનાવાયો છે. આ પ્રકારની કોઈ પણ કાર્યવાહી રોકવા અને સીમા ક્ષેત્રમાં શાંતિ જાળવી રાખવા માટે નક્કર કાર્યવાહી માટે ચીન વિનંતી કરે છે.'

ભારતના વિદેશ મંત્રાલયે ગૃહ પ્રધાન અમિત શાહના અરુણાચલ પ્રદેશ પ્રવાસ અંગે જે વાંધો ઉઠાવવામાં આવ્યો છે તે અંગે પ્રતિક્રિયા આપી છે અને કહ્યું છે કે અરુણાચલ પ્રદેશ ભારતનો આંતરિક ભાગ છે. ભારતીય નેતાઓ ભારતના અન્ય કોઈ પણ રાજ્યોની માફક આ રાજ્યના પ્રવાસ પર જાય છે.

ઉત્તરપ્રદેશના સોનભદ્રમાં ત્રણ હજાર ટન સોનું મળ્યું

સોનભદ્ર

ઉત્તર પ્રદેશના સોનભદ્રમાં ત્રણ હજાર ટન સોનું મળી આવ્યું છે. આ સોનું જમીનની નીચે દબાયેલું છે. રાજ્યના ખાણકામ વિભાગે સોનાની શોધ કરી છે. ટૂંક સમયમાં આ સોનું કાઢવાનું કામ શરૂ કરવામાં આવશે. ભારતના ભૂસ્તરશાસ્ત્રીય સર્વેક્ષણ (જીએસઆઈ) ની ટીમ છેલ્લા ૧૫ વર્ષથી અહીં કાર્યરત છે. ટીમે આઠ વર્ષ પહેલા જમીનની અંદર સોનાની પુષ્ટિ કરી હતી. યુપી સરકારે હવે તેજી બતાવતા સોનાના વેચાણ માટે ઈ-ઓક્શન પ્રક્રિયા શરૂ કરી દીધી છે.

જણાવી દઈએ કે વર્ષ ૨૦૦૫ થી જીએસઆઈની ટીમ સોનું શોધવાનું કામ કરી રહી હતી. ઉંડા અભ્યાસ બાદ ટીમે સોનભદ્રમાં સોનું હોવાની વાત કહી હતી અને વર્ષ ૨૦૧૨ માં તેની પુષ્ટિ કરી હતી. ટીમે કહ્યું હતું કે સોનભદ્રની પહાડીઓમાં સોનું હાજર છે.

કટ,કોપી-પેસ્ટના શોધક વૈજ્ઞાનિક લેરી ટેસ્લરનું નિધન

વૉશિંગ્ટન

કટ, કોપી અને પેસ્ટ — આ એક શબ્દ છે કે જેના વિના તમે ભાગ્યે જ કમ્પ્યુટર અથવા સોશિયલ મીડિયા પર આવશ્યક કાર્ય કરી શકો છો. કટ, કોપી અને પેસ્ટની જેમણે શોધ કરી છે તે સ્ટીવ જોબ્સ જેટલા લોકપ્રિય તો ન થઈ શકયા પરંતુ તેમનું યોગદાન મહત્વનું છે.

કટ, કોપ અને પેસ્ટ યુઝર ઈન્ટરફેસ એટલે કે યુઆઈ ખરેખર સાઈન્ટિસ્ટ દ્વારા બનાવવામાં આવી હતી. વૈજ્ઞાનિકનું નામ લેરી ટેસ્લર છે અને તેમનું મોત નીપજ્યું છે. તેમનો જન્મ ન્યૂયોર્કમાં થયો હતો. તેમણે સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાંથી કમ્પ્યુટર સાયન્સનો અભ્યાસ કર્યો હતો. ૧૯૭૩માં તે ઝેરોક્ષ પાલો અલ્ટો રિસર્ચ સેન્ટર (પીએઆરસી) માં જોડાયા. કટ, કોપી અને પેસ્ટ યુઝર ઈંટરફેસની વાર્તા આ સાથે પ્રારંભ થાય છે.

ટેસ્લરે જિપ્સી ટેક્સ્ટ સંપાદક બનાવવા માટે ટીએનઆર મોટ સાથે પીએઆરસી પર સહયોગ કર્યો. આ જિપ્સી ટેક્સ્ટ સંપાદકમાં તેમણે ટેક્સ્ટની કોપી અને ખસેડવા માટે એક મોડેલ પદ્ધતિ તૈયાર કરી. અહીંથી જ કટ, કોપી અને પેસ્ટ શબ્દની શોધ થઈ હતી.

લેરી ટેસ્લર તેમના સીવીમાં લખે છે કે તે મોડેલલેસ સંપાદન અને કટ કોપી પેસ્ટનો પ્રારંભિક શોધક છે. જોકે તેણે સીવીમાં એમ પણ લખ્યું છે કે તેમને ભૂલથી ફાધર ઓફ ગ્રાફિકલ યુઝર ઈંટરફેસ કહેવામાં આવતું હતું.

કોંગ્રેસમાં ગાંધી પરિવાર સામે અસંતોષ? નેતાઓનો સ્ફોટક નિવેદન

કોંગ્રેસ પાર્ટી મહિનાઓથી નવા અધ્યક્ષનું નામ પણ નક્કી કરી શકી નથીઃ સંદિપ દિક્ષિત

કોંગ્રેસ હાઈકમાન્ડ વિરુદ્ધ નારાજગી ચરમસીમાએઃ શશી થરૂરનો ધ્રૂજારો



ન્યુ દિલ્હી

દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં શરમજનક પ્રદર્શન બાદ કોંગ્રેસ પાર્ટીમાં ઉભો થયેલો વિવાદ હવે બંધ થવાનું નામ નથી લઈ રહ્યો. હવે ધીમે ધીમે આ વિરોધ ગાંધી પરિવાર વિરૂદ્ધ વિદ્રોહનું સ્વરૂપ લેતો જણાય છે. દિલ્હીના જ પૂર્વ મુખ્યમંત્રી શીલા દીક્ષિતના પુત્ર અને દિલ્હી કોંગ્રેસના વરિષ્ઠ નેતા સંદીપ દીક્ષિત હાઈકમાન્ડ તરફથી નક્કી કરવામાં આવી રહેલી નીતિઓ પર હવે ખુલીને મેદાને આવ્યા છે.

પાર્ટીની વરિષ્ઠ નેતા શશિ થરૂરે પણ સંદીપના નિવેદનનું ખુલીને સમર્થન કરતા સ્વિકાર્યું છે કે, દેશભરના કોંગ્રેસી નેતાઓ અને હાઈકમાન્ડ વિરૂદ્ધ ભારે નારાજગી છે. આમ પણ મધ્ય પ્રદેશ, રાજસ્થાનથી લઈને પંજાબ સુધીના રાજ્યોમાં કોંગ્રેસ નેતાઓમાં ઉભા થયેલા વિવાદ દર્શાવે છે કે, પાર્ટી નેતાઓ પર હવે ગાંધી પરિવારનો પ્રભાવ ધીમે ધીમે ઘટી રહ્યો છે.

સંદીપ દીક્ષિતે હવે ખુલીને ગાંધી પરિવાર વિરૂદ્ધ બોલતા કહ્યું છે કે, આટલા મહિનાઓ બાદ પણ કોંગ્રેસના વરિષ્ઠ નેતા નવો અધ્યક્ષ નથી નીમી શક્યા. તેનું કારણ એ છે કે, બધા હવે ડરે છે કે, બિલાડીના ગળામાં ઘંટડી કોણ બાંધે. કોંગ્રેસ પાસે નેતાઓની કોઈ જ કમી નથી. હાલ પણ પાર્ટીમાં ૬ થી ૮ નેતાઓ છે જે અધ્યક્ષ બનીને પાર્ટીનું નેતૃત્વ કરી શકે છે. પાર્ટીના વરિષ્ઠ નેતાઓ પર નિશાન તાકતા તેમણે કહ્યું હતું કે, ક્યારેક તમે જાતે જ નિષ્ક્રિયતા ઈચ્છો છો કારણ કે તમે જ નથી ઈચ્છતા કે કંઈ થાય.

સંદીપ દીક્ષિતને કોંગ્રેસના જ વરિષ્ઠ નેતા શશિ થરૂરનું પણ સમર્થન મળ્યું છે. તેમણે કહ્યું છે કે, કોંગ્રેસ હાઈકમાન્ડ વિરૂદ્ધ નારાજગી ચરમશીમાએ છે, જે દબાયેલા અવાજમાં સામે પણ આવતી રહે છે. શશિ થરૂરે ટ્વિટ કરીને કહ્યું હતું કે, સંદીપ દીક્ષિતે કહ્યું હતું કે, તે દેશભરમાં પાર્ટીના ડઝનબંધ નેતાઓ અંગત રીતે કહી રહ્યાં છે. તેમાંથી અનેક નેતાઓ તો પાર્ટીમાં જવાબદાર પદ પર બેઠેલા છે. તેમણે કહ્યું હતું કે, હું સીડબ્લ્યૂસીને ફરી આગ્રહ કરૂ છું કે, કાર્યકર્તાઓમાં ઉર્જાનો સંચાર કરવા અને મતદાતાઓને પ્રેરિત કરવા માટે નેતૃત્વની પસંદગી કરાવો. તેમણે આગળ ઉમેર્યું હતું કે, અમરિંદર સિંહ, અશોક ગહલોત, કમલનાથ, આ લોકો કેમ સાથે નથી આવતા અને બીજા લોકોને પણ કેમ સાથે નથી લાવતા? એ કે એન્ટની, પી ચિદમ્બરમ, સલમાન ખુર્શીદ, અહમદ પટેલ આ બધાએ કોંગ્રેસ માટે મહાન કામ કર્યા છે. પણ હવે આ તમાનની રાજકીય કારકિર્દી ઉતાર પર છે. તેમની પાસે હવે વધુમાં વધુ ૫ વર્ષ છે. મને લાગે છે કે હવે સમય આવી ગયો છે કે, તેઓ બૌદ્ધિક યોગદાન આપે. તેઓ કેન્દ્રમાં, રાજ્યોમાં અને અન્ય જગ્યાઓ પર લીડરશીપની પસંદગી પ્રક્રિયામાં જઈ શકે છે. સંદીપ દીક્ષિત ગાંધી પરિવાર વિરૂદ્ધ જે રીતે બોલી રહ્યાં છે તેવુ કહેવાની હિંમત ભાગ્યે જ કોઈ કોંગ્રેસ નેતા બોલવાની હિંમત કરે. જોકે એ વાત અલગ છે કે કોંગ્રેસ પરિવાર વિરૂદ્ધ હવે નારાજગી તેની ચરમશીમાએ છે જે રાષ્ટ્રીયતથી રાજ્ય સ્તરના કોંગ્રેસી નેતાઓ દ્વારા દબાયેલા અવાજમાં અવારનવાર ખુબ જ સાંભળવા મળે છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા શશિ થરૂર પણ આ વાતની વાકેફ છે અને માટે જ તેઓ ખુલીને સામે આવ્યા છે.

અંસલ બંધુઓને રાહત, જેલની સજા નહીં વધે

ઉપહાર સિનેમા અગ્નિકાંડઃ પીડિતોને ઝટકો, સુપ્રિમે ક્યૂરેટિવ અરજી ફગાવી

ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટે ૧૯૯૭ ઉપહાર સિનેમા અગ્નિકાંડ મામલે પીડિતોના એક સંઘની સુધારાત્મક અરજી ફગાવી દીધી છે. જેનો અર્થ તે થયો કે અંસલ બંધુઓની જેલની સજા હવે નહીં વધે. સીજેઆઈ એસ.એ.બોબડે, જસ્ટિસ એન.વી.રમણ અને જસ્ટિસ અરૂણ મિશ્રાની બેંચે ઉપહાર કાંડ પીડિત સંઘની સુધારાત્મક અરજી પર બંધ રૂમમાં સુનાવણી કરી તેને ફગાવી દીધી હતી. બેંચે પોતાના આદેશમાં કહ્યું કે અમે સુધારાત્મક અરજી અને પ્રાસંગિક દસ્તાવેજ પર વિચાર કર્યો છે.

અમારા મતે કોઈ મામલો નથી બનતો તેથી સુધારાત્મક અરજી ફગાવવામાં આવે છે. આ પહેલાં ૯ ફેબ્રુઆરી, ૨૦૧૭નાં રોજ ત્રણ જજની બેંચે ૨ જેમ ૧ના બહુમતીવાળા ફેંસલામાં ૭૮ વર્ષના સુશીલ અંસલની ઉંમરને ધ્યાનમાં રાખીને પડતી મુશ્કેલીના કારણે જેલમાં રહેવાની અવધિના બરાબર સજા આપીને રાહત આપી હતી. બેંચે તેમના નાના ભાઈ ગોપાલ અંસલને શેષ એક વર્ષની સજા પૂરી કરવાનું કહ્યું હતું. દિલ્હીની ઉપહાર સિનેમામાં ૧૩ જૂન, ૧૯૯૭નાં રોજ બોર્ડર ફિલ્મના શો દરમિયાન આગ લાગી હતી જેમાં ૫૯ લોકોના મોત નિપજ્યા હતા.

સ્વામી ચિન્મયાનંદના જામીનને પીડિતાએ સુપ્રિમ કોર્ટમાં પડકાર્યાઃ ૨૪મીએ સુનાવણી



ન્યુ દિલ્હી

ઉત્તર પ્રદેશના શાહજહાંપુરમાં લૉની વિદ્યાર્થિની સાથે દુષ્કર્મના મામલે ભાજપના પૂર્વ સાંસદ અને આરોપી સ્વામી ચિન્મયાનંદને અલ્હાબાદ હાઈકોર્ટે જામીન આપ્યાં છે. ત્યારે પીડિતાએ સ્વામી ચિન્મયાનંદના જામીનને પડકારતી એક અરજી સુપ્રીમ કોર્ટમાં કરી છે. આ અરજી પર સુનાવણી કરવી કે નહીં તે અંગે સુપ્રીમ કોર્ટ આગામી સપ્તાહે વિચાર કરશે અને વધુ સુનવણી ૨૪મી ફેબ્રુઆરીએ હાથ ધરાશે.

આરોપી પૂર્વ સાંસદ ચિન્મયાનંદને અલ્હાબાદ હાઈકોર્ટે ૩ ફેબ્રુઆરીએ જામીન આપ્યા હતા. હવે આ મામલે મુખ્ય ન્યાયાધીશ એસ.એ.બોબડેની ખંડપીઠ સુનાવણી કરશે. તો બીજી બાજુ ચિન્મયાનંદ પર દૂષ્કર્મનો આરોપ લગાવનારી વિદ્યાર્થિની વિરુદ્ધ અદાલતે ધરપકડનો વોરંટ બહાર પાડ્યો છે.

સમાજમાં બદનામ કરવાની ધમકી આપી પાંચ કરોડ રૂપિયા માંગવાના કેસમાં એમપી-એમએલએ કોર્ટના વિશેષ ન્યાયાધીશ પવન કુમાર રાયે આરોપી વિદ્યાર્થીનીના જામીન કરાવનારાઓને પણ નોટિસ મોકલી છે, જે અંગે સુનાવણી ૪ માર્ચે થશે. ભાજપના પૂર્વ સાંસદ ચિન્મયાનંદને ગત વર્ષે ૨૦ સપ્ટેમ્બરનાં રોજ પકડવામાં આવ્યા હતા.

ઉત્તર કર્ણાટકના ગડગ જિલ્લામાં લિંગાયત મઠમાં મુસ્લિમ યુવકને મુખ્ય પૂજારી બનાવાશે..!!

ગડગ

ઉત્તર કર્ણાટકના ગડગ જિલ્લામાં સ્થિત એક લિંગાયત મઠમાં મુસ્લિમ યુવકને મુખ્ય પૂજારી બનાવવામાં આવશે, લિંગાયત મઠે પરંપરા તોડતા મુસ્લિમ યુવક દીવાન શરીફ રહમાનસાબ મુલ્લાને પૂજારી બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ૩૩ વર્ષના દીવાન શરીફ ૨૬ ફેબ્રુઆરીએ લિંગાયત મઠના પૂજારી તરીકે શપથ લેશે. આ મઠ કલબુર્ગીના ખજુરી ગામના ૩૫૦ વર્ષજૂના કોરાનેશ્વર સંસ્થાન મઠ સાથેજોડાયેલોછે. આ મઠ માટે વર્ષો પહેલાં શરીફના પિતાએ બે એકર જમીન દાનમાં આપી હતી. દીવાન શરીફે કહ્યું તે નાનપણથી જ ૧૨મી સદીના સુધારક બસવન્નાની શિક્ષાઓથી પ્રભાવિત રહ્યાંછે. તેઓસામાજિક ન્યાય અને સદ્ભાવનાની સાથે તેમના આદર્શો પર કામ કરશે. મઠના તમામ લોકોએ દીવાન શરીફને પૂજારી બનાવવાનું સમર્થન આપ્યું છે.

કોરોના વાયરસ ઈફેક્ટઃ એર ઈન્ડિયાએ ૨૦ જૂન સુધી તમામ ફ્લાઈટ કેન્સલ કરી

ન્યુ દિલ્હી

કોરોના વાઈરસને ધ્યાનમાં રાખી એર ઈન્ડિયાએ ચીન જતી તમામ ફ્લાઈટ સ્થગિત કરી દીધી છે. એર ઈન્ડિયા અનુસાર ૨૦જૂન સુધી ચીન જતી તમામ ફ્લાઈટ કેન્સલ કરી દેવામાં આવી છે. આ પહેલા એર ઈન્ડિયાએ ૨૮ માર્ચ સુધી ચીનની તમામ ફ્લાઈટ રદ કરવાનો નિર્ણય લીધો હતો.

એર ઈન્ડિયાએ આ નિર્ણય ચીનમાં કોરોના વાઈરસના પ્રકોપને લઈને લીધો છે. કાલે મોડી સાંજે એર ઈન્ડિયાની એક બેઠક મળી હતી ત્યાર બાદ ફ્લાઈટ કેન્સલ કરવાની તારીખ આગળ વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે એર ઈન્ડિયાએ ગત ૪ ફેબ્રુઆરીએ ચીન જતી તમામ ફ્લાઈટ કેન્સલ કરવાનો નિર્ણય લીધો હતો.

ઉપલા ગૃહની સમિતિએ ભલામણો કરી, ૧૨૪ નવા નિયમો, ૭૭ નિયમોમાં સુધારાની દરખાસ્ત

હંગામો કરનારા સાંસદો પાસેથી વોટિંગ કરવાનો અધિકાર છિનવાશે..!!



ન્યુ દિલ્હી

રાજ્યસભામાં હંગામો મચાવવો હવે માનનીય માટે મોંઘા સાબિત થઈ શકે છે. ઉપલા ગૃહની સમિતિએ આવી ભલામણો કરી છે, જેના અમલ પછી, હંગામો કરનારા સાંસદો પાસેથી બિલ ઉપર વોટિંગ કરવાનો અધિકાર છીનવાઈ શકે છે. સદનની જનરલ પર્પસ કમિટીએ કાર્યવાહીને સરળતાથી ચલાવવા માટે ૧૨૪ નવા નિયમો લાગુ કરવાની સાથે ૭૭ નિયમોમાં સુધારાની દરખાસ્ત કરી છે.

જો નવા નિયમો અમલમાં આવે તો લોકસભાની જેમ વેલમાં આવીને હંગામો કરનારા સાંસદોને ગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવામાં આવી શકે છે અને તેમને ૫ દિવસ માટે ગૃહની કાર્યવાહીથી બહાર રહેવું પડી શકે છે. હવે આ સમિતિ નિયમો સાથે જોડાયેલી સમિતિને તેની દરખાસ્તો રજૂ કરશે, ત્યારબાદ તેનો અમલ કરવા અંગે વિચારણા કરવામાં આવશે. નવા નિયમોમાં હંગામો કરનારા સાંસદ પાસેથી મતદાનના અધિકાર છીનવી લેવાનો અને તેને ગેરહાજર કેટેગરીમાં લાગુ કરવાની દરખાસ્ત શામેલ છે.

રાજ્યસભામાં ગતિરોધ એક મોટી સમસ્યા છે અને સંખ્યાબળમાં લોકસભાની સરખામણીએ વધારે મજબૂત વિપક્ષી સાંસદો ઘણીવાર ઉપલા ગૃહમાં હોબાળો મચાવતા જોવા મળે છે. સ્પીકર વેંકૈયા નાયડુએ છેલ્લા ઘણા સત્રોમાં ગડબડીને સમાપ્ત કરવા માટે અને ગૃહને સરળતાથી ચલાવવામાં મદદ કરવા માટે સાંસદોને અપીલ કરી છે, પરંતુ સીએએ જેવા મુદ્દાઓ પર તે અપીલ દેખાઈ ન હતી અને ગૃહમાં ભારે હંગામો થયો હતો.

સ્પીકર વેંકૈયા નાયડૂએ જનરલ પર્પઝ કમિટીની અધ્યક્ષતા કરી હતી. જેમાં ૨૩ દળોનાં નેતાને સામેલ કરવામાં આવ્યા હતા.

સ્પીકર તરફથી મે ૨૦૧૮માં જ નિયમોની સમીક્ષા માટે એક સમિતીની રચના કરવામાં આવી હતી. આ કમિટીએ લગભગ ૫૧ બેઠકો બાદ નવા નિયમોનો પ્રસ્તાવ આપ્યો છે. સભાપતતિ અને ઉપસભાપતિએ રાજકીય દળોની સામે આ સુચન રાખ્યુ છે, જેને બધાની સહમતિ બાદ લાગૂ કરી દેવામાં આવી શકે છે.

સીસીએસનો મોટો નિર્ણય, ૨.૬ બિલિયન ડોલરના સોદાને મંજૂરી

ટ્રમ્પના ભારત પ્રવાસ પહેલા મોટી ડીલઃ નેવી માટે 'રોમિયો' ખરીદશે ભારત

આ હેલિકોપ્ટર નૌસેનાના જંગી કાફલામાં સામેલ કરાશે, જે સબમરીન હુમલા માટે હથિયારોથી સજ્જ હશે, ૨૫ ફેબ્રુઆરીએ ડીલ પર હસ્તાક્ષરની શક્યતા



ન્યુ દિલ્હી

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના પ્રવાસ પહેલા સુરક્ષા મામલાની કેબિનેટ કમિટી (સીસીએસ)એ નૌસેના માટે અમેરિકા પાસેથી ૨૪ મલ્ટીરોલ હેલિકૉપ્ટર, રોમિયો ખરીદવાનો નિર્ણય કર્યો છે. સીસીએએ ૨.૬ બિલિયન ડૉલરના આ સોદાને મંજૂરી આપી દીધી. રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પના ભારત પ્રવાસ દરમિયાન આ સોદા પર મહોર વાગી શકે છે.

આ હેલિકૉપ્ટર નૌસેનાના જંગી કાફલામાં સામેલ કરવામાં આવશે, જે સબમરીન પર હુમલા માટે હથિયારોથી સજ્જ હશે. અમેરિકાની કંપની લૉકહીડ માર્ટિન દ્વારા તૈયાર એમએચ-૬૦ રોમિયો હેલિકૉપ્ટર એન્ટી-સબમરીન અને એન્ટી સર્ફેસ (શિપ) વૉરફેર માટે ઉપયોગમાં લેવામાં આવે છે. ૨૫ ફેબ્રુઆરીએ પીએમ મોદી અને ટ્રમ્પની ઉપસ્થિતિમાં આ ડીલ પર હસ્તાક્ષર થવાની શક્યતા છે.

સૂત્રો મુજબ, આ ડીલ હેઠળ ભારત ૨૪ એમએચ-૬૦ રોમિયો હેલિકૉપ્ટર માટે શરૂઆતમાં ૧૫ ટકા રકમની ચૂકવણી કરશે. ડીલ થયા બાદ તેની પહેલી ખેપ બે વર્ષની અંદર આવશે. ત્યારબાદ ૨થી ૫ વર્ષની અંદર તમામ હેલિકૉપ્ટર ભારતને મળી જશે. આ ઉપરાંત બંને દેશોની વચ્ચે ઈન્ટીગ્રેટેડ એર ડિફેન્સ વેપન સિસ્ટમ ખરીદવા અંગે પણ ચર્ચા થઈ શકે છે. જોકે આ સોદામાં અડચણ આવી શકે છે કારણ કે આ સોદો લગભગ ૯૦૦૦ કરોડનો હશે.

સૂત્રો અનુસાર, સીસીએસએ ૧.૮૬ બિલિયન ડૉલરની અંદાજિત ખર્ચથી અમેરિકા પાસેથી મિસાઈલ રક્ષા પ્રણાલીની ખરીદી અંગે પણ ચર્ચા-વિચારણ કરી. તેઓએ કહ્યું કે સોદાને અંતિમ મંજૂરી આપવાની બાકી છે.

નોંધનીય છે કે અમેરિકાએ ગયા વર્ષે ભારતને સીહૉક હેલિકૉપ્ટર વેચવાની મંજૂરી આપી હતી. તેના કારણે અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે ટ્રમ્પના આવતાં આ સમજૂતી પર હસ્તાક્ષર થઈ જશે. આ હેલિકૉપ્ટર સી કિંગ હેલિકૉપ્ટરનું સ્થાન લેશે. હિન્દ મહાસાગરમાં ચીનના આક્રમક વ્યવહારના કારણે ભારત માટે આ હેલિકૉપ્ટર આવશ્યક છે. આ રક્ષા સમજૂતી બાદ ભારતની નૌસેનાને વધુ તાકાત મળશે. ભારતને આતંકવાદનો સામનો કરવા માટે વધુ મદદ મળશે.

લશ્કર-એ-તૈયબાના નામથી ઈ-મેલ મોકલી ધમકી આપતા ખળભળાટ

મુંબઈની સેવન સ્ટાર અને ફાઈવ સ્ટાર હોટલોને બોમ્બથી ઉડાવાની ધમકી

મુંબઈ

દેશની આર્થિક રાજધાની મુંબઈની એક સેવન સ્ટાર અને ફાઈવ સ્ટાર હોટલોને બોમ્બથી ઉડાવાની ધમકી આપવામાં આવી છે. મુંબઈ પોલીસનાં જોઈન્ટ કમિશનર (ક્રાઈમ)નાં જણાવ્યા અનુસાર આંતકી સંગઠન લશ્કર એ તૈયબ્બાનાં નામથી ઈ-મેલ મોકલીને આ ધમકી આપવામાં આવી છે. જોકે હાલમાં આ સમગ્ર મામલાની તપાસ સતત ઝીંણવટપૂર્વક ચાલી રહી છે.

આ ધમકી ભર્યા ઈમેલમાં ચાર હોટલોને ફૂંકી મારવાની ધમકી આપી છે. જેમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે જો ૨૪ કલાકમાં અંદાજીત સવા સાત કરોડ રૂપિયા આપ્યા નહીં તો હોટલોને અમે ઉડાવી દઈશું. આ રકમ બિટકવાઈનમાં માંગી છે. આ ઘટનાને ગંભીરતા સમજીને પોલીસે તમામ હોટલોની તપાસ શરૂ કરી દીધી છે, પરંતુ એવું કંઈ શંકાસ્પદ જેવું કંઈ મળ્યું નથી. ત્યારે એટીએસ અને બીડીડીએસને સુરક્ષાનાં કારણોસર હોટલોમાં તૈનાત કરી દેવામાં આવ્યા છે.

પોલીસ હાલ તપાસ કરી રહી છે, કે આ ઈમેલ ક્યાંથી આવ્યું છે. મુંબઈની આ ચાર હોટલો છે, જે હોટલ લીલા, રમાડા, પાર્ક અને સી પ્રિંસ છે. તમામ ઉચ્ચઅધિકારીઓ સહીત વરિષ્ઠ પોલીસ ઓફિસર પણ આ તમામ હોટલો પર પહોંચીને લાંબા સમયથી તપાસ કરી હતી, પરંતુ તપાસ દરમ્યાન કોઈપણ શંકાસ્પદ વસ્તુઓ મળી આવી નથી. પરંતુ આ ઘટનાની ગંભીરતા જોઈને તમામ હોટલોની સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો છે.

રાજસ્થાનમાં ચોરીના આરોપ હેઠળ બે દલિતને નિર્વસ્ત્ર કરી ફટકાર્યાઃ છ લોકોની ધરપકડ

જયપુર

રાજસ્થાનના નાગૌર જિલ્લામાં બે દલિત પર ટુ-વ્હીલર એજન્સીમાંથી ૫૦૦ રૂપિયાનો ચોરીની આરોપ લગાવવામાં આવ્યો હતો. જે બાદમાં શોરૂમના સ્ટાફે બંનેને પકડીને નિર્વસ્ત્ર કર્યા હતા અને માર માર્યો હતો. આ મામલે બંને પક્ષોએ સામસામે ફરિયાદ દાખલ કરી છે.

આ અંગેનો વીડિયો વાયરલ થયા બાદ મામલે ધ્યાનમાં આવ્યો હતો. જેમાં અમુક લોકો ટૂલ્સ સાથે એક પીડિતને ફટકારી રહ્યા હતા અને તેના પર જુલમ ગુજારી રહ્યા હતા. આ વીડિયોમાં જોઈ શકાય છે કે એક વ્યક્તિ નગ્ન અવસ્થામાં પડ્યો છે જ્યારે અમુક લોકો તેના પ્રતાડિત કરી રહ્યા છે. એટલું જ નહીં આ લોકોએ તેના ગુપ્તાંગો પર પેટ્રોલ પણ છાંટ્યું હતું.

પોલીસના કહેવા પ્રમાણે બંને યુવકોને પરેશાન કરનારા તમામ છ લોકોની ધરપકડ કરી લેવામાં આવી છે, આ મામલે પોલીસે વધારે તપાસ હાથ ધરી છે. આ મામલે બંને પક્ષે સામસામે ફરિયાદ દાખલ કરાવી છે. પીડિતો વિરુદ્ધ ચોરીની ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

પંચોડી પોલીસ સ્ટેશનના હાઉસ ઓફિસર રજપાલ સિંઘે જણાવ્યું હતું કે, "બંને પીડિતો રવિવારે શોરૂમમાંથી પૈસાની ચોરી કરતા ઝડપાયા હતા. જે બાદમાં શોરૂમના સ્ટાફે બંનેને ફટકાર્યા હતા. આ અંગેનો વીડિયો વાયરલ થયો હતો, જે બાદમાં પીડિતોએ બુધવારે ફરિયાદ દાખલ કરાવી હતી. પોલીસના કહેવા પ્રમાણે શોરૂમને સ્ટાફે પણ બંને યુવક સામે ચોરીની ફરિયાદ આપી છે.

અયોધ્યામાં મસ્જિદના નિર્માણ માટે રામ મંદિરની જેમ જ ટ્રસ્ટ બનાવાશે

લખનૌ

રામ મંદિર નિર્માણ માટે બનેલા ટ્રસ્ટની જેમ અયોધ્યામાં મસ્જિદના નિર્માણ માટે પણ એક ટ્રસ્ટ બનાવવામાં આવશે.

સુન્ની વકફ બોર્ડને મસ્જિદ બનાવવા માટે સુપ્રીમ કોર્ટના આદેશ પ્રમાણે પાંચ એકર જમીન અપાવાની છે. આ જમીન પર મસ્જિદ બનાવવા માટે ઈન્ડો ઈસ્લામિક કલ્ચર ફાઉન્ડેશન નામનુ ટ્રસ્ટ બનાવવામાં આવશે. આ ટ્રસ્ટ દ્વારા મસ્જિદ બનાવાશે. જોકે ૨૪ ફેબ્રુઆરીએ સુન્ની વકફ બોર્ડની બેઠકમાં ટ્રસ્ટની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે મસ્જિદ મામલામાં મધ્યસ્થા કરનારા તેમજ સુન્ની વકફ બોર્ડના સભ્યોને તેમાં સ્થાન અપાશે. ટ્રસ્ટમાં કુલ સાત સભ્યો હશે. સુન્ની વકફ બોર્ડના અધ્યક્ષ આ જ ટ્રસ્ટના અધ્યક્ષ હશે.

ટ્રસ્ટનુ કામ સરકાર દ્વારા મળનારી જમીન પર મસ્જિદની સાથે સાથે શૈક્ષણિક ઈન્સ્ટિટ્યુટ, લાઈબ્રેરી બનાવવાનુ પણ હશે.

યુપી સરકારે અયોધ્યા નજીકના ધન્નીપુર ગામમાં સુન્ની વકફ બોર્ડને જમીન આપવાનુ એલાન કરી દીધુ છે.

નરાધમ ઈજાગ્રસ્ત, હોસ્પિટલમાં સારવાર બાદ જેલમાં ધકેલાયો

ફાંસીથી બચવાનો પેંતરોઃ નરાધમ વિનયે જેલમાં દિવાલ સાથે માથુ અથડાવ્યું

વિનયના વકિલે ચૂંટણી પંચમાં અરજી દાખલ કરી



ન્યુ દિલ્હી

નિર્ભયા ગેંગરેપ અને હત્યાના મામલામાં દોષી વિનય શર્માએ પોતાને ફાંસીની સજાથી બચવા માટે વધુ એક ચાલ ચાલી છે. મળતી જાણકારી મુજબ, દોષીએ સેલની દીવાલ સાથે પોતાનું માથું ફોડી દીધું છે, જેમાં તેને ઈજા થઈ છે. તેને હૉસ્પિટલ લઈ જવામાં આવ્યો, જ્યાં તેની સારવાર કર્યા બાદ ફરી જેલ મોકલી દેવામાં આવ્યો છે.

વિનય શર્માને તિહાડ જેલના બેરેક નંબર-૩માં રાખવામાં આવ્યો છે. આ ઘટના ૧૬ ફેબ્રુઆરીએ બની હતી. સૂત્રો અનુસાર વિનયે સેલમાં પોતાનું માથું દીવાલ સાથે ભટકાવ્યું. જોકે તે ફરી આવું કરતો ત્યાં સુધીમમાં બહાર ઊભેલા સિપાહીએ તેને રોકી દીધો. મળતી માહિતી મુજબ દોષી વિનય પોતાને ફાંસીથી બચાવવા માટે ચાલ ચાલી રહ્યો છે. તે પોતાને મેડિકલ અનફિટ કરવાના પ્રયાસમાં છે જેથી તેની ફાંસી ટળી જાય. આ ઘટના બાદ ચારેફ દોષિતોને કડક ઓબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવી રહ્યા છે.

દાવો કરવામાં આવી રહ્યો છે કે ત્રીજી વાર ડેથ વૉરન્ટ જાહેર થયા બાદથી જ દોષિતોતના વલણમાં ઘણો ફેરફાર જોવા મળી રહ્યો છે. તેમનું વલણ પહેલાથી વધુ આક્રમક થઈ ગયું છે. હવે તેમને નાની-નાની વાતો પર ગુસ્સો આવી રહ્યો છે. સીસીટીવી દ્વાર એક કર્મચારી સતત ચારેય દોષિતો પર નજર રાખી રહ્યા છે.

બીજી તરફ વિનય કુમારના વકીલ નવો પેંતરો અજમાવ્યો છે. વકીલે ચૂંટણી પંચમાં એક અરજી દાખલ કરી છે. જેમાં કહેવામાં આવ્યુ છે કે, જ્યારે દિલ્હી સરકારના મંત્રી સત્યેન્દ્ર જૈને ૧૯ જાન્યુઆરીએ રાષ્ટ્રપતિ સમક્ષ વિનય કુમારની દયાની અરજી ફગાવી દેવાની ભલામણ કરી ત્યારે તેઓ મંત્રી પણ નહોતા અને ધારાસભ્ય પણ નહોતા.

વકીલે કહ્યુ હતુ કે, આ સંજોગોમાં દયા અરજી ફગાવી દેવાનુ ગેરકાયદેસર છે. કારણકે તે સમયે દિલ્હીમાં ચૂંટણી માટેની આચાર સંહિતા લાગુ હતુ. આ અરજીમાં ચૂંટણી આયોગને કાયદાકીય કાર્યવાહી કરવા માટે માંગ કરાઈ છે.

જર્મનીના હનાઉમાં બે હુક્કાબારમાં ફાયરિંગઃ ૮ લોકોનાં મોત

બર્લિન

જર્મનીના બે હુક્કા બારમાં બુધવાર મોડી રાત્રે ગોળીબાર થયો જેમાં ૮ લોકોનાં મોત થગા છે જ્યારે અનેક લોકો ઘાયલ હોવાનું કહેવાય છે. જર્મનીના સ્થાનિક મીડિયા મુજબ, અજાણ્યા હુમલાખોરોએ શહેરના શિશા બારમાં ગોળીઓ વરસાવી. આ ઘટના સ્થાનિક સમય મુજબ રાત્રે ૧૦ વાગ્યાની આસપાસ બની.

ગોળીબારની સૂચના મળતાં જ ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે વિસ્તારને ઘેરી લીધો અને મામલાની તપાસમાં લાગી ગઈ છે. જર્મન બ્રૉડકાસ્ટર હેસનશાઉ મુજબ, હનાઉની પાસે કેસેલ્તાદ વિસ્તારમાં હુક્કા બાર પર થયેલા ગોળીબારમાં ત્રણ લોકોનાં મોત થયા, જ્યારે બીજા સ્થળે પાંચ લોકોના મોત થયા છે.

નોંધનીય છે કે, હનાઉ ફ્રેંકફર્ટથી લગભગ ૨૫ કિલોમીટર જ દૂર છે. અહીંની વસ્તી ૧,૦૦,૦૦૦થી વધુ છે. મળતા અહેવાલ મુજબ હુમલાખોર ગોળીબાર કરીને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો. પોલીસ અધિકારી હેલિકૉપ્ટરની મદદની બંને વિસ્તારોની સુરક્ષા પર નજર રાખી રહી છે.

અધિકારીઓએ જણાવ્યું કે સ્થાનિક સમય મુજબ લગભગ રાત્રે દસ વાગ્યે બે અલગ-અલગ બારમાં આ ગોળીબાર થયા. જોકે હજુ સુધી ગોળીબાર કરનારાના ઉદ્દેશ્ય વિશે જાણી નથી શકાયું. આ ઉપરાંત હુમલામાં મૃત્યુ પામેલા લોકોની વિશે માહિતી એકત્ર કરવામાં આવી રહી છે.

બીએસ-સિક્સ પેટ્રોલ, ડીઝલ બધે મળતું થશે

દેશમાં પહેલી એપ્રિલથી ઓછું પ્રદૂષણ ફેલાવતું ઈંધણ વપરાશે

ન્યુ દિલ્હી

દેશમાં પહેલી એપ્રિલથી વાહનો માટેના યુરો-સિક્સ ઈંધણને સમાન ભારત સ્ટેજ (બીએસ) - સિક્સ પેટ્રોલ અને ડીઝલનો વપરાશ મોટા પાયે શરૂ થશે. આ ઈંધણ વિશ્વના સૌથી ઓછું પ્રદૂષણ ફેલાવતા ઈંધણમાંનું એક ગણાય છે. ભારત માત્ર ત્રણ વર્ષના ગાળામાં બીએસ-ફૉરને સ્થાને બીએસ-સિક્સ ઈંધણનો મોટા પાયે ઉપયોગ શરૂ કરવાનું છે. ભારત સ્ટેજ - સિક્સ પેટ્રોલ અને ડીઝલમાં ગંધક (સલ્ફર)નું પ્રમાણ અગાઉના ઈંધણની સરખામણીમાં ઘણું જ ઓછું હોવાનું કહેવાય છે.

દેશના અનેક શહેર, ખાસ કરીને મહાનગરોમાં વધતી વાહનોની સંખ્યાને લીધે હવાનું પ્રદૂષણ ઘણું જ વધી ગયું છે અને તેને લીધે શ્વાસને લગતા અનેક રોગના દરદી વધ્યા છે.

દેશમાં ઈંધણની પચાસ ટકા બજાર પર નિયંત્રણ ધરાવતી કંપની ઈન્ડિયન ઑઇલ કૉર્પોરેશનના અધ્યક્ષ સંજીવ સિંહે જણાવ્યું હતું કે દેશમાંની મોટા ભાગની રિફાઈનરીએ ૨૦૧૯ના અંતથી ગંધકનું બહુ જ ઓછું પ્રમાણ ધરાવતા ઈંધણ ભારત સ્ટેજ - સિક્સનું ઉત્પાદન શરૂ કરી દીધું છે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે આગામી થોડાં અઠવાડિયાંમાં જ દેશના મોટા ભાગના પેટ્રોલ પમ્પ ખાતે માત્ર બીએસ-સિક્સ કક્ષાનું ઈંધણ મળતું થઈ જશે. અગાઉ, ભારતે યુરો-થ્રીને સમાન ગણાતા બીએસ-થ્રી ઈંધણનો ઉપયોગ ૨૦૧૦માં શરૂ કર્યો હતો અને ત્યાર બાદ બીએસ-ફૉર ઈંધણનો ઉપયોગ શરૂ કરતા સાત વર્ષ લાગ્યા હતા. આમ છતાં, ભારતમાં હવે માત્ર ત્રણ વર્ષમાં જ બીએસ-ફૉર ઈંધણને સ્થાને બીએસ-સિક્સ કક્ષાના ઈંધણનો ઉપયોગ શરૂ થશે.

એક્સિસ બેંક મેક્સ લાઈફનો ૨૦ ટકા હિસ્સો ખરીદશેઃ વાટાઘાટો શરૂ

મુંબઈ

મેક્સ લાઈફમાં ૨૦ ટકા હિસ્સો મેળવવા માટે એક્સિસ બેંકે વાટાઘાટો શરુ કરી છે. એક અહેવાલ અનુસાર આ સોદાનું લક્ષ્ય એક્સિસ બેંક સાથે વ્યૂહાત્મક અને લાંબાગાળાની ભાગીદારી કરવાનું છે જે મેક્સ લાઈફની ૫૪ ટકા આવકસ્ત્રોત છે. જેમાં કહેવામાં આવ્યું છે કે એક્સિસ બેંક સાથે સોદોનો વીમાકર્તા માટે એક બેંકએશ્યોરન્શ પાર્ટનર અંગેની અનિશ્ચિતતાને સમાપ્ત કરી દેશે.

બેંકએશ્યોરન્શ સોદાઓથી બેંકોને નુકશાન થઈ શકે છે કેમ કે ભવિષ્યમાં કમિશનની આવકના રૂપમાં રોકડ સેટ થઈ જાય જેનાથી તેઓ કમાણી કરશે. તે અપેક્ષાકૃત ઓછા ખર્ચને કારણે વીમા કંપનીઓ માટે વિતરણ ચેનલની સૌથી વધુ માંગ છે. રિપોર્ટ અનુસાર એક્સિસ બેંક મેક્સ લાઈફમાં ૨ ટકાથી વધુ શેડ ઓવર ધરાવે છે. જે બાદમાં રૂ.૨૦૦૦ કરોડનું રોકાણ કરશે.આ નાણાંનો ઉપયોગ વિસ્તરણ માટે કરવામાં આવશે.

મેક્સ ફાઈનાન્સિયલ સર્વિસ લિસ્ટેડ કંપની છે. દેશની સૌથી મોટી નોન બેંક ખાનગી જીવન વીમા કંપની મેક્સ લાઈફમાં મેક્સ ફાઈનાન્સિયલ સર્વિસ આશરે ૭૦ ટકા હિસ્સેદારી ધરાવે છે. આ ઉપરાંત તેમાં જાપાનની મિત્સુઈ સુમિતોમો ઈંશ્યોરંશ કંપની લિમિટેડ પાસે ૨૬ ટકા, એક્સિસ બેંક પાસે ૨% ટકા જ્યારે અન્ય હિસ્સો કમર્ચારીઓ ધરાવે છે. અહેવાલ મુજબ મેક્સના જીવન વીમા વ્યવસાયે નાણાકીય વર્ષ ૧૯માં વાર્ષિક ધોરણે ૧૪.૬% નો વધારો નોંધાવ્યો હતો. આ ઉપરાંત પ્રથમ વર્ષનાં પ્રીમિયમમાં ૨૪.૫ ટકાનો વધારો છે.

બાવીસમા કાયદા પંચની રચનાને મોદી કેબિનેટની મંજૂરી

ન્યુ દિલ્હી

બાવીસમા કાયદા પંચની રચનાને કેન્દ્રીય કેબિનેટે મંજૂરી આપી હતી. પંચ જટિલ કાનૂની પ્રશ્નને સરકારને સલાહ આપે છે. અગાઉના કાનૂની પેનલની મુદત ૩૧, ઑગસ્ટે પૂર્ણ થઈ હતી. કેબિનેટની મંજૂરી મળ્યા બાદ કાનૂન મંત્રાલય નવી પેનલ માટે નોટીફાઈ કરશે જેની મુદત ત્રણ વર્ષની રહેશે.

પેનલમાં સંપૂર્ણ સમયના ચેરપર્સન રહેશે તે ઉપરાંત ચાર સભ્યો હશે. કાનૂન મંત્રાલયના લેજીસ્લેટીવ સેક્રેટરી પણ સભ્ય રહેશે. સામાન્યપણે સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજ અથવા હાઈ કોર્ટના ચીફ જસ્ટિસ કમિશનના વડા રહે છે.

કમિશનની રચના ૧૯૫૫માં કરાઈ હતી. દર ત્રણ વર્ષે પુનઃગઠન થાય છે. અત્યાર સુધીમાં પંચે ૨૭૭ રિપોર્ટ સુપરત કર્યા છે.

નિવૃત્ત જસ્ટિસ બી. એસ. ચૌહાણના વડપણ હેઠળના ૨૧મા કાયદા પંચે જે રિપોર્ટ સુપરત કર્યો હતો તેમાં લોકસભા - રાજયસભાની ચૂંટણી એકસાથે યોજવી તથા યુનિફોર્મ સિવિલ કોડ વિશે રજૂઆત કરાઈ હતી.

કોર્ટે બાંગ્લાદેશી ઘૂસણખોર હોવાના આરોપથી એક દંપતીને દોષમુક્ત જાહેર કર્યા

મતદાન ઓળખપત્ર નાગરિકતા સાબિત કરવા માટે પર્યાપ્ત પુરાવોઃ મુંબઈ કોર્ટ

મુંબઈ

મતદાન ઓળખપત્ર નાગરિકતા મેળવવા માટેનો પર્યાપ્ત પુરાવો છે. મુંબઈના એડિશનલ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટે એવું કહેતા એક દંપતીને બાંગ્લાદેશી ઘૂસણખોર હોવાના આરોપથી દોષમુક્ત કરી દીધા. કોર્ટે સ્વીકાર્યું કે મતદાન ઓળખપત્ર કોઈ પણ નાગરિક માટે નાગરિકતા મેળવવા માટેનું પ્રમાણપત્ર છે. નોંધનીય છે કે આ દંપતીની ૨૦૧૭માં ગેરકાયદેસરી રીતે ભારતમાં પ્રવેશ કરવા અને દસ્તાવેજ વગર મુંબઈમાં રહેવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી.

કોર્ટે આ મામલાથી દંપતીને દોષમુક્ત જાહેર કરતાં કહ્યું કે, જન્મ પ્રમાણપત્ર, નિવાસ પ્રમાણપત્ર, મૂળ નિવાસ પ્રમાણ પત્ર અને પાસપોર્ટને મૂળ પ્રમાણ તરીકે માનવામાં આવી શકે છે. કોર્ટે પોતાના આદેશમાં કહ્યું કે મતદાન ઓળખપત્રને પણ નાગરિકતાનું પર્યાપ્ત પ્રમાણ કહી શકાય છે. તેઓએ કહ્યું કે મતદાન ઓળખપત્ર બનાવવા માટે જન પ્રતિનિધિ અધિનિયમના ફોર્મ-૬ હેઠળ કોઈ પણ વ્યક્તિને ઓથોરિટીની સમક્ષ નાગરિક તરીકે ઘોષણા પત્ર દાખલ કરવાનું હોય છે કે તેઓ ભારતના નાગરિક છે. જો ઘોષણા ખોટી પુરવાર થાય છે તો અમુક શખ્સ સજા માટે ઉત્તરદાયી હોય છે.

કોર્ટે કહ્યું કે, અબ્બાસ શેખ (૪૫) અને રાબિયા ખાતૂન શેખ (૪૦)એ પોતાની નાગરિકતા સાબિત કરવા માટે મતદાન ઓળખપત્ર સહિત અન્ય મૂળ દસ્તાવેજ પણ રજૂ કર્યા હતા. જોકે ફરિયાદી પક્ષે દાવો કર્યો હતો કે દંપતી તરફથી રજૂ કરવામાં આવેલા તમામ દસ્તાવેજ ખોટા છે. કોર્ટમાં ફરિયાદી પક્ષ એ સાબિત કરવામાં નિષ્ફળ રહ્યો કે દંપતીની પાસે જે દસ્તાવેજ છે તે નકલી છે. કોર્ટે પોતાનો ચુકાદો સંભળાવતા કહ્યું કે ફરિયાદી પક્ષ એ વાતને સાબિત કરવામાં નિષ્ફળ રહી છે કે આરોપી દ્વારા રજૂ કરવામાં આવેલા દસ્તાવેજ વાસ્તવિક નથી.

કોરોના વાયરસની ભારતમાં એક-બે સેક્ટરો પર જ અસર થશેઃ આરબીઆઈ ગવર્નર

મુંબઈ

રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસે કહ્યું છે કે, કોરોના વાઈરસનો ભારત પર સિમિત પ્રભાવ પડશે પરંતુ ચીનની અર્થવ્યવસ્થાનો આકાર જોતા વૈશ્વિક જીડીપી અને વ્યાપાર પર નિશ્ચિતપણે તેનો પ્રભાવ પડશે. ભારતમાં માત્ર એક-બે ક્ષેત્રો પર પ્રતિકૂળ પ્રભાવ પડી શકે છે પરંતુ તે મુદ્દાઓ પાર પાડવા માટે વિકલ્પો પર ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

ચીનમાં કોરોના વાઈરસના લીધે દુનિયાની સૌથી મોટી અર્થવ્યવસ્થા અટકી ગઈ છે અને તેનો પ્રભાવ સમગ્ર ઉદ્યોગ જગત પર જોવા મળી રહ્યો છે. તેમણે કહ્યું, દેશના ઔષધી અને ઈલેક્ટ્રોનિક ઉત્પાદન ક્ષેત્ર કાચા માલ માટે ઘણી હદ સુધી ચીન પર નિર્ભર છે અને તેની અસર જોવા મળી શકે છે.

તેમણે કહ્યું, નિશ્ચિતપણે આ મુદ્દો છે જેના પર ભારત કે અન્ય કોઈ પણ દેશમાં પ્રત્યેક નીતિ નિર્માતાઓએ નજર રાખવાની જરૂર છે. દરેક નીતિ નિર્માતા, નાણાંકિય સત્તાને કોરોના વાઈરસ મામલે નજર રાખવાની જરૂર છે. તેમણે કહ્યું કે, ૨૦૦૩માં ફેલાયેલા સાર્સની સરખામણીએ તે ઘણો મોટો છે. તે સમયે ચીનની અર્થવ્યવસ્થામાં લગભગ એક ટકાની સુસ્તી આવી હતી.

તેમણે કહ્યું કે, જ્યાં સુધી ભારતનો સવાલ છે ચીન મહત્વપૂર્ણ વ્યાપારી ભાગીદાર છે અને સરકાર તથા નાણાંકિય સત્તા બંન્ને સ્તરે નીતિ નિર્માતાઓને તેને લઈને સતર્ક રહેવાની જરૂર છે. જો ચીન સરકાર સમસ્યાને કાબૂ કરવામાં સફળ થાય તો વૈશ્વિક અર્થતંત્ર અને ભારત પર ઓછી અસર થશે.

ચીનમાં મૃતાંક ૨૧૧૨, ગુરુવારે સૌથી ઓછા ૬૨૮ કેસ નોંધાયા

કોરોના વાયરસઃ જાપાનના શિપમાં ૨ લોકોના મોત,૭ ભારતીય ચેપગ્રસ્ત

બેઇજિંગ/ટોક્યો

જાપાનના યોકોહામા પોર્ટ પર ફસાયેલા જહાજ પર કોરોના વાઈરસને લીધે બે લોકોના મોત થયા છે ત્યારે અત્યાર સુધીમાં સાત ભારતીયોમાં સંક્રમણની પૃષ્ટી થઈ છે. સંક્રમણની અસર ધરાવતા તમામ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જહાજ પર ૧૩૮ ભારતીય છે, જેમાંથી ૧૩૨ ક્રુ અને ૬ યાત્રી છે. ચીનમાં કોરોના વાઈરસથી સંક્રમણના કેસોમાં નોંધપાત્ર પ્રમાણમાં ઘટાડો થયો છે. અધિકારીઓના જણાવ્યા પ્રમાણે ગુરુવારે એક મહિનામાં સૌથી ઓછા ૬૨૮ નવા કેસ નોંધાયા છે.

ચીનના અધિકારીઓના જણાવ્યા પ્રમાણે દેશમાં મંગળવારે ૧,૬૯૩ કેસની પુષ્ટી થઈ હતી. બીજીબાજુ અત્યાર સુધીમાં ૨૧૧૨ લોકોના મોત થયા છે. વાઈરસથી સૌથી વધારે અસરગ્રસ્ત હુબેઈ પ્રાંતમાં એક દિવસમાં ૧૦૮ લોકોના મોત થયા છે. એકલા હુબેઈમાં અત્યાર સુધીમાં ૨૦૨૯ લોકોના મોત થયા છે. અત્યાર સુધીમાં ૬૨,૦૨૧ કેસની પૃષ્ટી થઈ છે.

આજે મહા શિવરાત્રી
પહેલા પાનાથી ચાલુ

ભગવાન શિવને ચઢાવવાથી લાભ થાય છે. વાહનસુખ મેળવવા માટે ચમેલીનાં ફૂલ શિવજીને ચઢાવવાં. તેનાથી ઉત્તમ વાહન પ્રાપ્તિના યોગ સર્જાય છે. વિવાહસુખમાં આવનારી બાધાઓને દૂર કરવા માટે વેલ પર આવતાં ફૂલ શિવને અર્પણ કરવાં. તેનાથી ઉત્તમ પત્ની મળે છે તથા કન્યા ફૂલ ચઢાવે તો તેને મનોવાંછિત પતિ મળે છે.

જૂહીનાં ફૂલ ભગવાન શિવને અર્પણ કરવાથી ક્યારેય અન્નનો અભાવ રહેતો નથી. વંશવૃદ્ધિ માટે શિવલિંગ પર ઘીનો અભિષેક શુભ ફળદાયી હોય છે. ભૌતિક સુખ-સાધનોમાં વૃદ્ધિ માટે શિવલિંગ પર સુગંધિત દ્રવ્યથી અભિષેક કરવો. રોગમાંથી છુટકારો મેળવવા માટે મહામૃત્યુંજય મંત્રનો જાપ કરતાં કરતાં મધથી શિવલિંગ પર અભિષેક કરવો. થોડા જ સમયમાં રોગમાંથી મુક્તિ મળી જશે.

રોજગારમાં વૃદ્ધિ માટે ગંગાજળ તથા મધથી અભિષેક કરવાથી લાભ થાય છે. માનસિક અશાંતિ તથા માનસિક નબળાઈને દૂર કરવા માટે શિવલિંગ પર જળ અથવા દૂધના મિશ્રણનો અભિષેક કરવો. પારિવારિક અશાંતિના નિવારણ માટે શિવલિંગ પર માત્ર દૂધથી અભિષેક કરવો. કષ્ટો તથા દુખ દૂર કરવા માટે શિવલિંગ પર દૂધ અને ત્યારબાદ પાણીનો અભિષેક કરવો.

લગ્નમાં આવી રહી મુશ્કેલી દૂર કરવા માટે આ મંત્રની સાથે શિવ શક્તિની પૂજા કરવી અને "ૐ હોમ જુમ સહ ૐ ઐમ રિમ કલીં" મંત્રની અગિયાર માળા કરવી જોઈએ. વિદ્યાર્થીમિત્રો એ શિવ ગાયત્રી મંત્ર કરવો જોઈએ જયારે આધિ વ્યાધિ દૂર કરવા"ૐ 'મૃત્યુંજય મહાદેવ ત્રાહિમામ શરણાગત્મ। જન્મ- મૃત્યુ જરા વ્યાધિ પીડિત કર્મ બન્ધને :॥ મંત્ર કરવો જોઈએ.

મોહન ભાગવત
પહેલા પાનાથી ચાલુ

પોતાના વ્યાપારને દરેક દેશમાં ફેલાવા માંગે છે. તેના દ્વારા તેઓ પોતાની શરતોને મનાવા માંગે છે. દુનિયાની સામે જે મોટી સમસ્યાઓ છે, તેમાંથી માત્ર ભારત જ છૂટકારો અપાવી શકે છે એવામાં હિન્દુસ્તાનને દુનિયાનું નેતૃત્વ કરવાનું વિચારવું જોઈએ. દેશની એકતા જ અસલી તાકાત છે, તેનો આધાર અલગ હોઈ શકે છે પરંતુ હેતુ સમાન જ છે.

હિન્દુત્વના મુદ્દા પર સંઘ પ્રમુખ બોલ્યા કે હિન્દુ જ એક એવો શબ્દ છે જે ભારતને દુનિયાની સામે યોગ્ય રીતે રજૂ કરે છે. ભલે દેશમાં કેટલાંય ધર્મ હોય પરંતુ દરેક વ્યક્તિ એક શબ્દ સાથે જોડાય છે જે હિન્દુ છે. આ શબ્દ જ દેશના કલ્યરને દુનિયાની સામે દર્શાવે છે. તેમણે કહ્યું કે સંઘ દેશમાં વિસ્તારની સાથો સાથ હિન્દુત્વના એજન્ડા પર આગળ વધતા રહેશે જે દેશને જોડવાનું કામ કરશે.

સંઘ પ્રમુખે કહ્યું કે આપણે બધાએ માનવતાની સાથે જીવતા શીખવું પડશે, તેના માટે દેશથી પ્રેમ કરવો જરૂરી છે. સંઘમાં અમે અમારા કાર્યકર્તાઓને આ અંગે જ જ્ઞાન આપીએ છીએ.

ભારતમાં ધાર્મિક
પહેલા પાનાથી ચાલુ

ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. આ રિપોર્ટમાં ભારતને ટિયર-૨ કેટેગરીમાં રાખવામાં આવ્યું છે, જે 'વિશેષ ચિંતાનો દેશ' વાળી કેટેગરી છે.

યુનાઈટેડ સ્ટેટ્સ કમીશન ઓન ઈન્ટરનેશનલ રિલિજિઅસ ફ્રીડમના આ રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ૨૦૧૮ બાદ ભારતમાં ધાર્મિક ઉત્પીડનના મામલાઓ વધ્યા છે. તેમાં કેટલાક રાજ્યોમાં ધાર્મિક સ્વતંત્રતાની બગડતી પરિસ્થિતિની વાત કરવામાં આવી છે, જોકે સરકાર તેને રોકવાનો પ્રયત્ન કરી રહી નથી.

રિપોર્ટમાં લખવામાં આવ્યું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ સ્થિતિ કાબુમાં આવે તેવા નિવેદનો આપ્યા નથી અને તેમની પાર્ટીના સભ્યોના હિન્દુ સંગઠનો સાથે સંબંધ રહ્યો છે. આ નેતાઓએ જ ઉશ્કેરણીજનક ભાષાનો ઉપયોગ કર્યો છે.

રિપોર્ટ દ્વારા અમેરિકાની સરકારે ભારત સરકારને કેટલાક સુચનો આપ્યા છે, જેમાં ઉશ્કેરણીજનક ભાષણ આપનારને કડક સજા કરવા. પોલીસને મજબુત કરવામાં આવે જેથી યોગ્ય પગલા લઈ શકાય અને ધાર્મિક સ્થળોની સુરક્ષા વધારવા જેવી વાત કહી છે. ઘણી ઘટનાઓનો ઉલ્લેખ કરવા ઉપરાત સિટિઝનશીપ અમેન્ડમેન્ટ એક્ટ પર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે અને કહેવામાં આવ્યું કે એક મોટા વર્ગમાં આ કારણે ડર છે.

ઉલ્લેખનીય છે કે મોદી સરકારના સમયમાં ઘણી વખત એવા મામલાઓ આવ્યા છે, જ્યાં ધાર્મિક ઉત્પીડન થયું છે. આ સિવાય મોબ લિન્ચિંગ, બીફના નામે મારામારી, દલિત ઉત્પીડન જેવા મામલાઓ તો વિશ્વના વિવિધ મીડિયામાં છવાયા છે.

તામિલ નાડુ
પહેલા પાનાથી ચાલુ

જિલ્લાના અવિનાશી ગામ નજીક માર્બલ તેમજ ટાઈલ્સ ભરેલી એક ટ્રક ડિવાઈડર કૂદીને બસ સાથે ધડાકાભેર અથડાઈ હતી. અક્સમાત એટલો ભયાવહ હતો કે ટ્રકના ડ્રાઈવર સહિત ૧૯ લોકોના મોત થઈ ગયા હતા. મૃતકોના પાર્થિવ દેહને તિરુપુરની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ અક્સમસત મળસ્કે ત્રણ વાગ્યે બન્યો હોવાનું જણાય છે.

ટ્રક ડ્રાઈવરે કોઈ કારણસર કાબૂ ગુમાવતા ટ્રક ડિવાઈડર કૂદાવીને સામેની સાઈડમાંથી આવતી બસ સાથે અથડાઈ હતી. અકસ્માત વખતે બસમાં સવાર ૪૮ મુસાફરો પૈકી મોટાભાગના લોકો ઊંઘી રહ્યા હતા.

રાત્રીના સમયે લોકોની ચીચીયારીઓ હાઈવે ગૂંજી ઉઠ્યો હતો. બચાવ તેમજ રાહત કામગીરી હાથ ધરાઈ છે અને બસના પતરા કાપીને પણ ઘાયલોને બહાર કાઢવામાં આવ્યા છે. બસમાં આગળની સીટ પર બેઠેલા લોકો પૈકી લભગભગ કોઈ બચ્યું નથી તેમ બસમાં સવાર એક મુસાફરે જણાવ્યું હતું. આ ઉપરાંત મદદમાં પણ વિલંબ થયો હતો. કેરળના મુખ્યમંત્રી પી વિજયને જણાવ્યું કે તેઓ તમિલનાડુ સરકાર સાથે સંપર્કમાં છે અને ઘાયલનો ઝડપી સારવારના પ્રયાસ થઈ રહ્યા છે. તમામ ઘાયલોને કેરળ ખસેડાશે અને તેમની સારવારનો ખર્ચ રાજય સરકાર ચૂકવશે.

ફિલ્મ સેટ
પહેલા પાનાથી ચાલુ

જણાવ્યું છે કે મેં ઘણા અકસ્માતો સહન કર્યા છે, પણ આજનો અકસ્માત અત્યંત ગોઝારો હતો. શૂટિંગ સ્થળે સેટ ઊભો કરવા માટે ક્રેનને ઉપયોગમાં લેવામાં આવી હતી ત્યારે એ આકસ્મિક રીતે પડી હતી, જેની નીચે દબાઈ જવાથી ત્રણ જણનાં મરણ નિપજ્યા અને બીજાં ૯ જણ ઘાયલ થયા. એ બધા બેઠા હતા અને એમની પર ક્રેન પડી હતી. 'ઈન્ડિયન ૨' ફિલ્મમાં કમલ હાસન મુખ્ય ભૂમિકામાં છે. જ્યારે કાજલ અગ્રવાલ, રકુલપ્રીત સિંહ, સિદ્ધાર્થ જેવા અન્ય કલાકારો પણ મહત્ત્વની ભૂમિકામાં છે. આ ફિલ્મ ૨૦૨૧ના આરંભમાં રિલીઝ કરાય એવી ધારણા છે. આ ફિલ્મ ૧૯૯૬માં આવેલી કમલ હાસનની એક્શન થ્રિલર 'ઈન્ડિયન' ફિલ્મની સીક્વલ છે.

ભવનાથ મેળામાં ત્રીજા દિવસે ૩ લાખ ભાવિકો ઉમટ્યા, ૧૩ વર્ષીય બાળકે ધુણી ધખાવી

જુનાગઢ

ભવનાથમાં મહાશિવરાત્રિના મેળામાં બીજા દિવસે બપોર બાદ ઉમટેલી ૨ લાખથી વધુ ભાવિકોની ભીડ બાદ ત્રીજા દિવસે સવારથી જ લોકોનો પ્રવાહ ભવનાથ તરફ શરૂ થઈ ગયો હતો. દિવસ દરમિયાન ૩ લાખથી વધુ ભાવિકોની હાજરી રહી હતી. મેળામાં હિતેનગીરી નામનો ૧૩ વર્ષના બાળકે સંન્યાસ ધારણ કર્યો હતો જે ભાવિકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.



મહાશિવરાત્રીનો મેળો શરૂ થતા અનેક સંતો, મહંતો, નાગા સન્યાસીઓ આવી પહોંચ્યા છે. દરમિયાન એક ૧૩ વર્ષના બાળયોગીએ લોક આકર્ષણ જમાવ્યું છે. ગત જન્મના ઉત્તમ સંસ્કારના કારણે નાની ઉંમરમાં જ સંસાર અસાર લાગતા તેમણે સન્યાસ લીધો છે. હિતેનગીરી નામના ૧૩ વર્ષીય બાળકે ગુરૂ રમાગીરી પાસેથી દીક્ષા લઈ સન્યાસ ધારણ કરી લીધો છે. મહા શિવરાત્રીના મેળામાં ધૂણી ધખાવી બેઠેલા આ બાળ સન્યાસી લોક આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.

મેળામાં આવતા પગપાળા રાહદારીઓની આવન અને જાવનને લીધે ભીડ ઘણી વખત વધી જતી હોય છે. આથી એ ભીડ ઓછી કરવા અને દુર્ઘટના ન બને એ માટે ડીવાયએસપી કક્ષાના અધિકારીની સુચનાથી પોલીસ થોડી થોડી વાર માટે ભરડાવાવથી જ વાહનોની એન્ટ્રી અટકાવી દે છે. રાહદારીઓની સંખ્યા ઘટી ગયા બાદ ફરીથી વાહનોને શરૂ કરી દેવાય છે. લોકો પોતાના વાહનોમાં સીધા ભવનાથ વધુ જતા હોવાથી આ વખતે હજુ સુધી જો કે, મજેવડી ગેઈટ, બસ સ્ટેશન રોડ, પર ભારે ટ્રાફિક સર્જાયો નથી. અત્યારે જૂનાગઢ તરફ આવતા વાહનો ભરચક્ક હોય છે. અને જતા વાહનોમાં બહુ ભીડ નથી. સવારે અને સાંજે ગીરનાર રોડ પર વધુ ટ્રાફિક રહે છે. જયારે બપોરે ૪ કલાકના સમયગાળામાં આ રોડ પર હળવો ટ્રાફિક રહે છે.

ફાર્મા કંપનીના સંચાલકને દવાના વેપારીએ ૧ કરોડનો ચૂનો ચોપડયો

વડોદરા

હરિયાણાના પંચકૂલા ખાતે રહેતા અને હિમાચલ પ્રદેશમાં પેથોકેમ હેલ્થકેર નામની ફાર્મા કંપની ધરાવતા નિરંજન શર્માએ પોલીસને કહ્યું છે કે, મે-૨૦૧૯માં દિલ્હીમાં ફાર્મા કંપનીના વેપારીઓની મીટિંગ કરી ત્યારે વડોદરાના અલકાપુરી શ્રીનગર સોસાયટી ખાતે પૂજા કોર્ટ પ્લોટમાં ફ્યુચર લાઈફ ફાર્માસ્યૂટિકલ પ્રા.લિ. નામની કંપની ધરાવતા હાર્દિકસિંહ મહેન્દ્રસિંહ દોડિયા સાથે સંપર્ક થયો હતો.

હરિયાણાની કંપનીના સંચાલકે પોલીસને કહ્યું છે કે,મે મહિનામાં હું વડોદરા આવ્યો ત્યારે હાર્દિકસિંહે મારી દવાનો સપ્લાય લેવામાં રસ લીધો હતો અને દવાનો જેટલો જથ્થો મળશે તેટલી રકમનો ચેક તુર્તજ આપી દેવાનું નક્કી કર્યું હતું.

વડોદરાના વેપારીએ શરૂઆતમાં આપેલા ચેકો ક્લીયર થયા હતા.પરંતુ જાન્યુઆરી-૨૦૨૦થી એકાએક તેણે સ્ટોપ પેમેન્ટ કરાવતાં બાકી નીકળતી રૂ.૧.૦૧ કરોડની રકમની વારંવાર ઊઘરાણી કરી હતી. હાર્દિકસિંહ દોડિયા (રહે.દેવપુષ્પ ડુપ્લેક્સ, વાઘોડિયારોડ)એ હજી સુધી પેમેન્ટ નહીં આપતાં તેની સામે ગોત્રી પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાઇ છે.

એકલ બહેનોની પેન્શન યોજના વધારીને ૫૦૦૦ રૂપિયા કરવા માંગ

અરવલ્લી



આજ રોજ તારીખ ૨૦/૦૨/૨૦ ના દિવસે એકલ મહિલા અધિકાર સંગઠનનું અરવલ્લી જિલ્લાનું સમ્મેલન કરવામાં આવેલ જેમાં આશરે ૫૦૦ જેટલી એકલ મહિલાઓ એ ભાગ લીધો. આ સમ્મેલનમાં નીચે મુજબની માંગો ને લઈને પ્રસ્તાવ પસાર કરવામાં આવેલ અને આ માંગો માટે એકલ મહિલા અધિકાર સંગઠન ગામ સ્તરે થી લઈને દિલ્હી સુધી ની લડત આપવા માટે તૈયાર છે.

સમ્મેલનમાં નક્કી કરવામાં આવ્યું કે આજે કલેક્ટર શ્રી અરવલ્લીને પણ આ માંગો બાબતનું માંગ પત્ર આપવામાં આવશે તેમજ મુખ્યમંત્રીને પણ મોલકલવામાં આવશે.

સમ્મેલનમાં કન્વીનર હુરાબેન, સંરક્ષક મુજાહિદ નફીસ, જલબા બેન, સવિતા બેન, સમીમબેન, હેતલ બેન, સાંતા બેન, હંસા બેન, શહનાજ બેન, ગેનહી બેન, હિના બેન, બાનુ બેન, મેરા બેન, સહી બેન, મુમતાઝ બેન, રહમત બી વગેરે સાથીઓએ સંબોધન કર્યું.

સમ્મેલન પછી અધિક કલેક્ટર શ્રી અરવલ્લી ને નીચે મુજબની માંગો ને લઈ ને આવેદન આપવામાં આવ્યું. આગામી દિવસોમાં સંગઠન ગુજરાતનાં દરેક જીલ્લામાં આ માંગણીઓ માટે કામગીરી કરશે.

આ સંગઠનની માંગો નીચે મુજબ છે.

એકલ મહિલાની પેન્શન યોજના આજીવન કરવામાં આવે,બેહનો પાસે દર વર્ષે લેવાતા પુનઃ લગ્ન કર્યા નથી અને પુત્રવયનો પુત્ર નથી તેની સમય મર્યાદા બંધ કરવામાં આવે,એકલ બહેનોની પેન્શન યોજના વધારીને ૫૦૦૦ રૂપિયા કરવામાં આવે,નિરાધાર વૃદ્ધ સહાયમાં વધારો કરી ૫૦૦૦ રૂપિયા કરવામાં આવે,વૃદ્ધોને દર વર્ષે હયાતીના દાખલા સરકાર બંધ કરે,પાલક માતાપિતા યોજનાનું નામ બદલી સરકાર માતાપાલક યોજના કરી આપવા ધ્યાનમાં લે,દરેક એકલ બહેનને સરકારી જમીનમાં થી પ્લોટ ની ફડાવણી કરવામાં આવે, એકલ બહેનોને આવાસ યોજનામાં જોડી મકાન બનાવી આપવામાં આવે, એકલ બહેનોને મફત વીજ (મીટર) જોડાણ આપવામાં આવે, એકલ બહેનો ને અંત્યોદય અને બી.પી.એલ. કાર્ડ આપવામાં આવે, નિરાધાર વૃદ્ધ બહેનોને અન્નપૂન્ના કાર્ડ આપવામાં આવે વગેરે.

ગાંધીનગર એલ.સી.બીએ ઘરવખરી સામાનની ચોરી કરતા ચોરની કરી ધરપકડ

ગાંધીનગર

ગાંધીનગર જીલ્લામા બનતા ઘરફોડ ચોરીના ગુનાઓ અટકાવવા તથા શોધી કાઢવા જીલ્લા પોલીસવડા મયુર ચાવડાની સૂચના મુજબ એલ.સી.બીના અધિકારીઓએ જીલ્લાના વિસ્તારમાં સઘન પેટ્રોલીંગ કરી અરોપીયોની અટકાયતની કવાયત શરુ કરીને આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. અરોપીયો સાથે એલ.સી.બી એ ઘરવખરીનુ સમાન પણ જપ્ત કરાયું હતું.

એલ.સી.બી એ મળેલ માહીતી આધારે સેકટર-૨૧ શાક માકેટમાથી શંકાસ્પદ હાલતમા મોબાઈલ વેચવા ફરતા એક ઈસમ રજનીકાન્ત ઉફે અજય શ્યામસીંગ સીંઘાનીયા (કુસવાહ) ઉ.વ. ૨૪, રહે હાલ- ખાત્રજ, પેપર ફાફટની ફેકટરીની ઉપર આવેલ ઓરડીમાાં તા. કલોલ, મુળ ગામ-ગૌતમનગર, તહસીલ-અલીગાંજ, જી. એટા ઉત્તર પ્રદેશ વાળાને પકડી પાડેલ અને તેની અગ જડતી કરતા તેના ખિસ્સામાથી જુદી જુદી કાંપનીના મોબાઈલ ફોન કુલ-૬ નંગ રૂ. ૧૯,૦૦૦ તથા ત્રણ ચાદીના તેમજ એક સોનાનો નાનો દોરો ત્યારે કુલ રૂ. ૨૪૦૮નો મળી આવેલ.

ગાંધીનગર એલ.સી.બી એ આ ગુના બાબતે પછુપરછ કરતા આરોપીએ સતોષકારક જવાબ આપેલ નહી જેથી તેની ઉંડાણ પૂર્વક પછુપરછ કરતા પોતાના ભાઇ સવનય સિંધાનીયા સાથે મળી આજથી આશરે આઠ-નવ દસ ઉપર રાત્રીના સમયે વડસર ગામે આવેલ ટાટા હાઉસીંગ ના એક મકાનમાંથી એક ટી.વી. તથા એક ગેસનો બાટલો, બે મોબાઈલ ફોન, રોકડ તથા એક પસવની ચોરી કરેલ અને તેના બે-ત્રણ દિવસ બાદ તેના ભાઇ સાથે મળી ખાત્રજ ચોકડીથી વડસર રોડ ઉપર આવેલ એક કરીયાણાની દુકાનમાં રાત્રીના સમયે પતરૂ તોડી દુકાનમાથી કરીયાણાનો સામાન તથા એક ગેસનો બાટલો તથા ચાર મોબાઈલ ફોન તથા પરચરુણ તેમજ નાના ચાંદીના સિક્કા તથા એક સોનાનો સિક્કાની ચોરી કરેલ તેમજ ભાડજ ગામેથી એક ગલ્લો તોડી તેમાંથી પણ ગેસ નો બાટલો ચોરી કરી હતી. ત્યારે સઘન પેટ્રોલિંગ કરતા ગાંધીનગર એલ.સી.બી એ ચોરી કરતા ઇસમ સાથે અન્ય બે લોકો ને પકડી પડ્યો હતો. અત્યારે પણ એલ.સી.બી પોલીસ આરોપી જોડેથી અન્ય ગુન્હાની કબૂલાત કરાવવાની કોશિશ કરી રહી છે.

બોટાદના લાઠીદડ ગામમાં જાથા દ્વારા અંધ શ્રદ્ધા નિવારણ કાર્યક્રમ

ચમત્કારિક પ્રયોગોનું નિદર્શન કરી શીખવાડી દેવામાં આવશે

અમદાવાદ

બોટાદ જિલ્લાના લાઠીદડ ગામમાં ઉમિયા એજ્યુકેશન ટ્રસ્ટ ઉપક્રમે ગ્રામજનો, જનસમાજમાં અંધશ્રદ્ધા નિવારણનો ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ શનિવાર તા. ૨૨ મી ફેબ્રુઆરી રાત્રિના સાડા આઠ કલાકે લાઠીદડ ગામના બુટ માતાજીના મંદિર મેઈન બજારમાં અદભુત આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા વહેમ, અંધશ્રદ્ધા, ચમત્કારો ઉપર ધારદાર વકતવ્ય આપી વૈજ્ઞાનિક સમજ આપશે.

આ કાર્યક્રમમાં ટ્રસ્ટના પ્રમુખ પ્રેમજીભાઈ, ઉપપ્રમુખ રવજીભાઈ ખંભાળીયા, ઉપપ્રમુખ નાગરભાઈ ભંગોરા, ધીરૂભાઈ ગુનાણી, શિક્ષણ સમિતિના ચેરમેન એ. ડી. ભાવનગરીયા, સીદીભાઈ ખંભાળીયા, માધવજીભાઈ ગુનાણી, પરસોત્તમભાઈ ત્રિકમભાઈ માથોળીયા, નાગરભાઈ ભંડોરા, ઘનશ્યામભાઈ મોઢાકા, શૈલેષ પટેલ અને અન્ય આગેવાનો ઉપરાંત જાથાના સદસ્ય રાજેશભાઈ ફતે પરાની હાજરીમાં કાર્યક્રમનું વૈજ્ઞાનિક ઉદ્ઘાટન થશે.

અમિત શાહ આજે વડોદરાની મુલાકાતે... સુરસાગર તળાવનું લોકાર્પણ કરશે

વડોદરા

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે વડોદરાની મુલાકાતે આવવાના છે. જેને લઈને શહેર પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો છે. તેઓ સુરસાગરના લોકાર્પણ કાર્યક્રમમાં હાજરી આપવાના છે. મળતી માહિતી મુજબ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ વડોદરાની મુલાકાતે આવવાના છે. શહેર પોલીસે સુરસાગર ફરતે ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો છે. ડોગસ્કવોર્ડ અને બોમ્બ ડિસ્પોઝલ ટીમ દ્વારા ચેકિંગ હાથ ધરાયુ છે. શહેરની મધ્યમાં આવેલા સુરસાગર તળાવના લોકાર્પણ કાર્યક્રમમાં અમિત શાહ હાજરી આપશે. ૩૦ હજાર દીવડાની મહા આરતીમાં પણ તેઓ ભાગ લેશે. અત્રે જણાવવાનું કે ૩૫ કરોડના ખર્ચે સુરસાગર તળાવનું નવીનિકરણ કરાયું છે. ન્યાય મંદિર, દાંડિયા બજાર અને ગાંધીનગર ગૃહની આસપાસના વિસ્તારોનું પણ ચેકિંગ હાથ ધરાયું છે. સુરક્ષામાં કોઈ ખામી ન રહે તે માટે આજથી જ સુરક્ષા કવચ પૂરું પાડવામાં આવી રહ્યું છે.

ટ્રમ્પનાં કાર્યક્રમમાં ૯ જિલ્લામાંથી આવનારા એક લાખ લોકોના પાસના કલર કોડ નક્કી

અમદાવાદ

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને વડાપ્રધાન મોદીના મોટેરા ક્રિકેટ સ્ટેડિયમમાં નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમમાં ૧ લાખ લોકો હાજર રહેવાના છે. કાર્યક્રમમાં આવનાર લોકોને સરકાર તરફથી ખાસ પાસ આપવામાં આવ્યા છે. રાજયના ૯ જિલ્લામાંથી આવનારા એક લાખ લોકોના પાસના કલર કોડ નક્કી કરવામાં આવ્યા છે જેમાં અમદાવાદ શહેર-જિલ્લાને ગુલાબી રંગના, ગાંધીનગર જિલ્લાને લાલ, ખેડા-આણંદને આછો જાંબલી, સાબરકાંઠા અને મહેસાણાને વાદળી, વડોદરાને આછો લીલો, સુરેન્દ્રનગર, પાટણ, બનાસકાંઠા, મહીસાગર, અરવલ્લી અને પંચમહાલને ઘેરો વાદળી કલરનો કોડ આપવામાં આવ્યો છે. નવ જિલ્લામાંથી આવનાર એક લાખ લોકોની બેસવાની વ્યવસ્થા માટે પણ સ્ટેડિયમમાં માઈક્રો પ્લાનિંગ કરવામાં આવ્યું છે. સ્ટેડિયમમાં પ્રવેશ આપ્યા બાદ જિલ્લાઓ મુજબ લોકોને અપર અને લોઅર ગેલેરીમાં બેસાડવામાં આવશે. દરેક જિલ્લાના લોકોને બેસાડવા માટે બિમ નંબરથી જગ્યા ફાળવી છે. જેમાં લોઅર ગેલેરીમાં ૧૦૧થી ૧૪૪ નંબરના બિમ જ્યારે અપર ગેલેરીમાં ૨૦૧થી ૨૮૫ નંબર બિમ પાસેની જગ્યામાં બેસાડવામાં આવશે.

ટ્રમ્પની મુલાકાતને લઈ કોંગી કાર્યકરે ગરીબો પર અત્યાચારનો વીડિયો શેર કરતા ધરપકડ

પાટણ

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની સુરક્ષામાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. તો સોશિયલ મીડિયામાં પણ પોલીસ દ્વારા એક્ટિવ રીતે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યું છે. અને આ મોદી અને ટ્રમ્પ વચ્ચેની આ મુલાકાતમાં કોઈ અફવા કે ફેક મેસેજ દ્વારા અફવા ઉડાવનાર લોકો પર કાબૂ મેળવવામાં આવી રહ્યો છે. આવી જ રીતે સોશિયલ મીડિયામાં ટ્રમ્પની મુલાકાતને લઈ વાઈરલ વીડિયો અમદાવાદનો છે તેમ કહી પોસ્ટ કરનાર પાટણના કોંગ્રેસી કાર્યકરની અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી છે.

હાલ સોશિયલ મીડિયામાં જેસીબી મશીનની મદદથી ફૂટ અને શાકભાજીની લારીઓ તોડી પડાતી હોવાનો વીડિયો ખુબ જ વાઈરલ થયો છે અને આ વીડિયો જોઈ લોકો ખુબજ આક્રોશમાં છે. ત્યારે આ પાટણના કોંગ્રેસી કાર્યકર વિનોદ ઠાકોરે આ વીડિયો ટ્રમ્પ અમદાવાદની મુલાકાત પર આવવાના હોય તે પહેલાનો છે તેમ લખીને ફેસબૂક પર પોસ્ટ કર્યો હતો. ગરીબો પર અત્યાચાર કરવામા આવતો હોવાના નામે ખોટી રીતે વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં અજાણ્યાં શખ્સ સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. આ ગુનાના સંદર્ભમાં પોલીસે કોંગ્રેસના નેતા અને પાટણ કોંગ્રેસમાં સોશિયલ મીડિયા વિભાગના પ્રમુખ વિનોદ ઠાકોરની ધરપકડ કરી હતી. જો કે, આ ધરપકડ થતા ઠાકોરના સમર્થનમાં લોકો ઉતરી આવ્યા હતા અને ફેસબુક પર સપોર્ટ કરવા માટે અપીલ કરી હતી.

૫ શખ્સોએ દેના બેંક અને બીઓબી બેંકમાં ઘૂસી ૬ લાખની લૂંટ મચાવી

મોરબી

મોરબીના મહેન્દ્રનગરની બેંક ઓફ બરોડા શાખા અને દેના બેંકમાં પાંચ શખ્સો હથિયાર સાથે ઘૂસ્યા હતા. પાંચેય શખ્સોએ હથિયાર દેખાડી કર્મચારીઓને ડરાવ્યા હતા અને લૂંટ કરી હતી. જેમાં બેંક ઓફ બરોડા બેંકમાંથી ૪,૫૦,૦૦૦ અને દેના બેંકમાંથી ૧,૫૦,૦૦૦ રૂપિયાની લૂંટ કરી નાસી છૂટ્યા હતા. ઘટનાની જાણ થતા બી ડિવીઝન પોલીસ અને એલસીબીની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને તપાસ હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં લૂંટારા હિન્દીભાષી હોવાનું જાણવા મળ્યું છે. લૂંટારા લૂંટ કરી ફરાર થતા જ મોરબી જિલ્લામાં આવતા અને જતા રસ્તા પર ઠેર ઠેરે નાકાબંધી કરવામાં આવી છે.

અનિલ અંબાણીએ હજારો ગુજરાતીઓનાં પેટે લાત મારી, ૬ મહિનાથી પગાર નથી ચુકવ્યો

અમરેલી

લંડનની કોર્ટમાં પોતાને કંગાળ ગણાવતાં અનિલ અંબાણીએ ગુજરાતમાં પણ હજાર લોકોનાં પેટે લાત મારી છે. સમગ્ર દેશમાં નાદારી નોંધાવી ચૂકેલાં અનિલ અંબાણીની અમરેલીના પીપાવાવ પાસે રિલાયન્સ ડિફેન્સ નામની કંપની છે. હથિયારો બનાવતી આ કંપનીમાં કામ કરતાં કર્મચારીઓને છેલ્લા ૬ મહિનાથી પગાર ચૂકવવામાં નથી આવ્યો. જેને કારણે કર્મચારીઓએ હડતાળ પાડીને વિરોધ નોંધાવ્યો હતો.

અમરેલીના પીપાવાવ પોર્ટ ખાતે દેશનાં સૌથી ધનાઢ્ય મુકેશ અંબાણીના ભાઈ અનિલ અંબાણીની રિલાન્યસ નેવેલ એન્ડ એન્જિનિયરિંગ નામે ડિફેન્સ કંપની છે. અહીં યુદ્ધવાહક જહાજો સહિત કોમર્શિયલ જહાજો પણ બનાવવામાં આવે છે. પણ દેશમાં તો ઠીક વિદેશમાં પણ પોતાને કંગાળ જાહેર કરી ચૂકેલાં અનિલ અંબાણીની આ કંપનીનું પણ ભવિષ્ય ડામાડોળ છે. રિલાયન્સ ડિફેન્સ કંપનીમાં ગુજરાત સહિત પરપ્રાંતીય કામ કરે છે અને છેલ્લા ૬ મહિનાથી અહીં કામ કરતાં એક હજાર લોકોને પગાર આપવામાં આવ્યો નથી. સતત પગાર માટે કંપનીના અધિકારીઓ પાસે માગણી કરવા છતાં કોઈ ઉકેલ આવતો નથી. અંતે રોષે ભરાયેલાં કર્મચારીઓએ રાજુલા રેલ્વે સ્ટેશને પહોંચીને પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. અને અનિલ અંબાણી હાય હાયનાં નારા લગાવ્યા હતા.

સેન્સેક્સ ૧૫૨ અંક ઘટી ૪૧૧૭૦ની સપાટીએઃ નિફ્ટી ૪૫ અંક ડાઉન

મુંબઇ

ગુરુવારે દિવસભર ફ્લેટ કારોબાર કર્યાબાદ ટ્રેડિંગ દિવસના અંતિમ સેશનમાં ભારતીય શેર માર્કેટ ગગડીને સેટલ થયા છે. બીએસઈ પર સેન્સેક્સ ૧૫૨ અંક અથવા ૦.૩૭ ટકા ઘટીને ૪૧,૧૭૦ નજીક જ્યારે નિફ્ટી ૫૦ આંક ૪૫ અંક અથવા ૦.૩૭ ટકા ઘટીને ૧૨,૦૮૦ નજીક બંધ આવ્યા છે. બેંક નિફ્ટીની વાત કરીએ તો ઈન્ડેક્સ ગુરૂવારે અંતિમ સેશનમાં ૧૦૪ અંક વધીને ૩૦,૯૪૨ નજીક બંધ આવ્યો છે. જ્યારે બીએસઈ પર મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સ અનુક્રમે ૦.૪૦ ટકા અને ૦.૫૧ ટકા વધીને સેટલ થયા છે. અન્ય સેક્ટર્સની વાત કરીએ તો બીએસઈ પર ઓટો ઈન્ડેક્સ ૦.૧૫ ટકા, મેટલ ઈન્ડેક્સ ૦.૯૦ ટકા, પાવર ઈન્ડેક્સ ૦.૩૪ ટકા વધીને જ્યારે આઈટી ઈન્ડેક્સ ૦.૩૭ ઘટીને સેટલ થયા છે. ચલણની વાત કરીએ તો આજે ભારતીય ચલણમાં નીચલી સપાટીએ થી રિકવરી જોવા મળી છે. જોકે, તેમ છતાં ૯ પૈસા ગગડીને ડોલર સામે ૭૧.૬૫ ની સપાટી નજીક કારોબાર કરી રહ્યો છે.

મોદી-ટ્રમ્પ રાજઘાટ પર ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપશે

વડાપ્રધાન મોદી-ટ્રમ્પ વચ્ચે એચ-૧બી વિઝા મુદ્દે વાતચીત શક્યઃ સરકાર

ન્યુ દિલ્હી

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રવીશ કુમારે કહ્યું છે કે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ભારતની આ પ્રથમ મુલાકાત હશે. છેલ્લા ૮ મહિનામાં પીએમ મોદી સાથેની તેમની ૫ મી બેઠક હશે. રાષ્ટ્રપતિ ટ્રમ્પનો પ્રવાસ અમદાવાદ-આગ્રા-દિલ્હી ત્રણ ભાગોમાં વહેંચાયો છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ બપોરે અમદાવાદ પહોંચશે. જ્યાંથી તે નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમને સંબોધન કરવા મોટેરા સ્ટેડિયમ જશે. અમને આશા છે કે મોટી સંખ્યામાં લોકો (રાષ્ટ્રપતિને આવકારવા એરપોર્ટથી) એરપોર્ટથી સ્ટેડિયમ જતા માર્ગ પર ઉપસ્થિત રહેશે. જોકે, ડોનાલ્ડ ટ્રમ્પની અમદાવાદ મુલાકાતમાં ગાંધી આશ્રમની મુલાકાત રદ થઈ છે તેવી ચર્ચાઓ વચ્ચે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના સ્પેશિયલ કમિશનર અજય તોમરે જણાવ્યું છે કે 'પોલીસે ગાંધી આશ્રમની સૂચિત મુલાકાત માટે તૈયારીઓ કરી છે.' અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ભારત મુલાકાત દરમિયાન એચ-૧બી વિઝાનો મુદ્દો પણ વાતચીત દરમિયાન ચર્ચાઈ શકે છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રવીશ કુમારે વધુમાં જણાવ્યું હતું કે 'અમદાવાદના મોટેરામાં યોજાઈ રહેલા કાર્યક્રમનું આયોજન ડોનાલ્ડ ટ્રમ્પ નાગરિક અભિનંદન સમિતિ દ્વારા કરવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમમાં કોને આમંત્રણ આપવું તે સમિતિ નક્કી કરે છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રવીશ કુમારે અમેરિકા સાથેની ટ્રેડ ડીલના મુદ્દે ઉમેર્યું કે ' અમને આશા છે કે અમે અમેરિકા સાથે કોઈ સમજૂતી પર પહોંચીશું છતાં અમે કોઈ ઉતાવળમાં નથી. ટ્રેડ ડીલને લગતા મુદ્દાઓ જટીલ છે. અમે કોઈ કૃત્રિમ સમયમર્યાદા નક્કી કરવા માંગતા નથી. અમારા માટે લોકોનું હિત મહત્ત્વનું છે.

વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર વડાપ્રધાન મોદી અને યુએસ પ્રમુખ ટ્રમ્પ દિલ્હીમાં મહાત્મા ગાંધીની સમાધી રાજઘાટની મુલાકાત લેશે અને બાપુને શ્રદ્ધાંજલિ આપશે. ત્યારબાદ બંને દેશના પ્રતિનિધિ મંડળ વચ્ચે હૈદરાબાદ હાઉસમાં બેઠક યોજાશે.

મેટલડીટેક્ટર-એન્ટી ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરાશે

નમસ્તે ટ્રમ્પ : એસપીજી, એનએસજી, સિક્રેટ સર્વિસ દ્વારા ચૂસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવાઈ

અમદાવાદ

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ અને પીએમ મોદીની ૨૪ ફેબ્રુઆરીની મુલાકાતને લઈ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે એક્શન પ્લાન તૈયાર કર્યો છે. ટ્રમ્પ અને મોદીની ચૂસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવાની તૈયારીઓ થઈ ગઈ છે. આ અંગે સ્પેશિયલ પોલીસ કમિશનર અજય તોમરે જણાવ્યું કે, ટ્રમ્પના ભારત પ્રવાસને લઈ એજન્સીઓ સતર્ક છે. અમદાવાદ પોલીસ અને વહીવટી તંત્ર માટે આ મોટું આયોજન છે. સિક્રેટ સર્વિસ, એસપીજી, એનએસજી, એટીએસ, ક્રાઈમ બ્રાન્ચ,રેપિડ એક્શન ફોર્સ અને ઈન્ટેલિજન્સ એજન્સીઓ સંકલન સાધીને આ વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. તેમજ એસઆરપી અને ચેતક કમાન્ડો પણ ફરજ પર રહેશે. આ દરમિયાન મેટલડીટેક્ટર અને એન્ટી ડ્રોન ટેકનોલોજીનો પણ ઉપયોગ કરવામાં આવશે. તમામ એજન્સીઓ, એએમસી, ટ્રાન્સપોર્ટ અધિકારીઓ અને એજન્સીઓ વચ્ચે સંકલન સાથે કામગીરી ચાલી રહી છે.

ટ્રમ્પનું એરપોર્ટ ખાતે સ્વાગત કરવામાં આવશે અને ત્યારબાદ રોડ શો યોજાશે. તેની સાથે સાથે પોલીસે સાબરમતી આશ્રમમાં પણ બંદોબસ્ત ગોઠવ્યો છે અને પોલીસને સાબરમતી આશ્રમના કાર્યક્રમ રદ થવા અંગે કોઈ માહિતી નથી. સુરક્ષા માટે અમદાવાદ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ ફરજમાં રહેશે. લેટેસ્ટ ટેકનોલોજી સાથે ગુજરાત પોલીસ સુરક્ષા વ્યવસ્થામાં મદદરૂપ થશે. જ્યારે ડીપ પોઇન્ટ, ધાબા પોઇન્ટ અને બેરિકેડ પણ રાખવામાં આવશે.

મોટેરા સ્ટેડિયમમાં ૨૫ બેડની મિનિ હોસ્પિટલ ઉભી કરાઇ

અમદાવાદ

ડોનાલ્ડ ટ્રમ્પના આગમનને અંગે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ત્યારે મોટેરા સ્ટેડિયમમાં મોટી સંખ્યામાં લોકો આવવાના હોવાથી ૨૫ બેડની હોસ્પિટલ ઉભી કરવામાં આવી છે. જ્યાં તમામ પ્રકારની તાત્કાલિક સારવાર લોકોને આપી શકાશે.

મોટેરા સ્ટેડિયમમાં 'નમસ્તે ટ્રમ્પ' કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો હાજર રહેવાના છે. જેને પગલે કોઈ પણ પ્રકારની મેડીકલની તાત્કાલિક જરૂરિયાત ઉભી થાય તો તેને આવરી લેવા ૨૫ બેડની મિનિ હોસ્પિટલ ઉભી કરવામાં આવી છે. જેમાં એક્સરે મશીન જેવી સુવિધા હશે અને પ્રાથમિક સારવાર પણ આપવામાં આવશે.

ઉપરાંત ડોનાલ્ડ ટ્રમ્પ અને નરેન્દ્ર મોદીના રોડ શૉ દરમિયાન પણ ૫૦થી વધુ એમ્બ્યુલન્સ ખડેપગે રહેશે. રોડ શૉ દરમિયાન ૨૦ મેડીકલની ટીમ પણ હાજર રહેશે, જે સમગ્ર રૂટ પર જરૂરિયાત પ્રમાણે સારવાર આપશે.

ગુજરાતીઓ પરસેવો પાડવા રહેજો તૈયાર... એપ્રિલથી જ ગરમીનો પારો ૪૩ને પાર જશે

અમદાવાદ

શિયાળામાં હાડ થીજવી દેતી ઠંડી બાદ હવે પરસેવો નીતારી દેતી ગરમી માટે પણ તૈયાર રહેજો. અને આ વર્ષે શિયાળાની જેમ ગરમી પણ ધમધોકાર પડવાની છે અને આ વખતની ગરમી તમામ રેકોર્ડ તોડી દેશે તેવું પણ જણાવવામાં આવી રહ્યું છે. જો કે હાલ ૩ દિવસમાં ગરમીમાં વધારાની સંભાવના નહિવત છે. તો આગાહી પ્રમાણે એપ્રિલથી જ ગરમીનો પારો ૪૩ ડિગ્રીને પાર થઈ જશે.

હાલ છેલ્લા ૩-૪ દિવસથી બપોરે ગરમી લાગવાની શરૂઆત થઈ ગઈ છે અને રાત્રે પણ હવે પંખો ચાલુ કરવો પડી રહ્યો છે. તેવામાં હવે શિયાળો ખતમ થઈ રહ્યો છે. અને ગરમીની શરૂઆત થતાં જ લોકો હાય ગરમી, હાય ગરમી કરવા લાગ્યા છે અને ઉનાળામાં કેવી જોર ગરમી પડશે તેની ચિંતા કરી રહ્યા છે. અને આ ચિંતા કરવી એકદમ યોગ્ય છે. કેમ કે, ઉનાળામાં પડનારી ગરમી તમે સહન નહીં કરી શકો. આ વખતે ગરમી તમામ રેકોર્ડ તોડી દેશે. સાથે જ મહત્તમ તાપમાનમાં પણ વધારો થશે. જો કે, હાલ ૩ દિવસ માટે ગરમીમાં વધારાની સંભાવના નહીવત છે. પણ તે બાદ તાપમાનમાં વધારાની શરૂઆત થઈ જશે. એપ્રિલ મહિનાથી ગરમીનો પારો ૪૩ ડિગ્રીને પાર થઈ જશે અને આગ ઓગતી ગરમીમાં તમામ ગુજરાતીઓ ત્રાહિમામ પોકારી ઉઠશે.

ડ્રાઈવરે બસની છત પર લઈ જઈ મહિલા પર દુષ્કર્મ આચરતા ખળભળાટ

છોટાઉદેપુર

નિર્ભયા દુષ્કર્મ જેવી વધુ એક ઘટના સામે આવી છે. મધ્યપ્રદેશથી નીકળેલી બસમાં બસ ડ્રાઈવરે પરપ્રાંતીય મહિલા સાથે દુષ્કર્મ આચર્યાની ફરિયાદ નોંધાઇ છે. પોરબંદરના રાણાવાવ પોલીસ સ્ટેશનમાં આ ફરિયાદમાં નોંધાઇ છે.

છોટાઉદેપુર-પોરબંદરથી નીકળેલી બસમાં મહિલા સાથે દુષ્કર્મ ઘટના સામે આવી હતી. જેમાં બસચાલકે પરપ્રાંતીય મહિલા સાથે ચાલુ બસે આવું કૃત્ય આચર્યુ હતું. ૩૦ વર્ષની મહિલા સાથે ચાલુ બસે દુષ્કર્મની ફરિયાદ દાખલ થઇ છે. ભોગ બનનાર મહિલા નશાની હાલત હોવાથી આવું કૃત્ય આચરવામાં આવ્યું હતું. આ મહિલાએ પોરબંદર પોલીસને ફોન કરીને મદદ માંગી છે. તમામ બસો ચેક કરીને રાણાવાવ પોલીસે કાર્યવાહી હાથધરી છે. હાલ રાણાવાવ પોલીસ ઝીરો નંબર ફરિયાદની પ્રક્રિયા હાથધરી છે. ચાલુ બસે બસની છત પર દુષ્કર્મ આચર્યાની મહિલાએ ફરિયાદ કરી છે.

મહિલાએ પોલીસ સ્ટેશનમાં નોંધાવ્યું કે છોટાઉદેપર નજીક એક હોટલમાં નાસ્તા પાણી માટે મુસાફરો ઉતર્યા હતા. આ દરમિયાન બસના ડ્રાઈવરે મહિલાને બસની છત પર લઈ જઈને દુષ્કર્મ આચર્યું હતું. ભોગ બનનારી મહિલા નશાની હાલતમાં હતી. જ્યારે આ મહિલાને ભાન આવ્યું ત્યારે તે પોરબંદર હતી. જ્યાં તેમણે પોલીસની મદદ માંગી અને રાણાવાવ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી. આ મામલે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

સત્યનો અવાજ દબાઈ જાય છે, ત્યારે કલમ બોલે છેઃ રાજ્યપાલનો ધ્રુજારો

પ્રમાણિકતા સાથે સત્યનું શરણ અને અસત્યનો પરિત્યાગ પત્રકારનો ધર્મઃ વેદપ્રતાપ વૈદિક

• આઝાદીની ક્રાંતિકારી ચળવળ સમયે જનમાનસના ઘડતરમાં સમાચારપત્રોની ભૂમિકા મહત્ત્વની હતીઃ રાજ્યપાલ

• ગાંધીનગર ખાતે ઈન્ડિયન જર્નાલિસ્ટ યુનિયનની રાષ્ટ્રીય કાર્યકારિણી બેઠક યોજાઈ

ગાંધીનગર

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, ભારતની આઝાદીની ક્રાંતિકારી ચળવળ સમયે જનમાનસના ઘડતરમાં પત્રકારોની - સમાચારપત્રોની ભૂમિકા મહત્ત્વરૂપ હતી. જ્યારે સત્યનો અવાજ દબાઈ જાય છે ત્યારે કલમ બોલે છે. પત્રકારત્વ એ તપસ્વી વ્યક્તિનું કાર્ય છે તેમ જણાવી તેમણે ઉમેર્યું હતું કે, આત્માના અવાજથી સર્વોપરિતા સ્વીકારવી એ જ પત્રકારોનો ઉદ્દેશ હોવો જોઈએ. તેઓ ગાંધીનગર ખાતે ઈન્ડિયન જર્નાલિસ્ટ યુનિયન(આઈજેયુ)ની રાષ્ટ્રીય કાર્યકારિણી બેઠકના ઉદ્ઘાટન પ્રસંગે સંબોધન કરી રહ્યાં હતા.રાજ્યપાલે પત્રકારત્વને લોકશાહી શાસન પ્રણાલીનાં અભિન્ન અંગ સમાન પણ ગણાવ્યું હતું.

રાજ્યપાલે સ્વાતંત્ર સંગ્રામમાં પત્રકારોની ભૂમિકા સંદર્ભે વધુમાં જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીજી, લોકમાન્ય બાલગંગાધર તિલક જેવા મહાપુરુષોએ સ્વતંત્રતા પ્રાપ્તિ માટે પત્રકારત્વના માધ્યમથી સમાજને માર્ગદર્શન આપ્યું હતું. એટલું જ નહીં ગણેશશંકર વિદ્યાર્થીના પ્રતાપ અખબાર સાથે જોડાઈને ક્રાંતિકારી શહીદ ભગતસિંહે શરૂઆતના દિવસોમાં અંગ્રેજ શાસન સામે જંગ છેડ્યો હતો.

પત્રકારત્વમાં વિશ્વસનીયતા અને પ્રમાણિકતાના ગુણો બહુ જ જરૂરી છે તેમ જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે, સત્તાના માર્ગ પર ચાલનારાને પત્રકારત્વ સત્યનું દિશાદર્શન કરાવે છે. જ્યારે સત્યનો અવાજ દબાઈ જાય છે ત્યારે કલમ બોલે છે. પત્રકારત્વ એ તપસ્વી વ્યક્તિનું કાર્ય છે તેમ જણાવી રાજ્યપાલે એમ પણ કહ્યું કે,આત્માના અવાજથી સર્વોપરિતા સ્વીકારવી એ જ પત્રકારોનો ઉદ્દેશ હોવો જોઈએ.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત ભારતના વરિષ્ઠ પત્રકાર વેદપ્રતાપ વૈદિકે પત્રકારોને લોકતંત્રનું હૃદય ગણાવી જણાવ્યું હતું કે, શરીરનો કોઈ ભાગ આરામ કરે તે ચાલશે પણ હૃદયને ચોલીસ કલાક કામ કરવું પડશે, તેમ લોકશાહીમાં પત્રકારો ચોવીસ કલાક સતર્ક રહીને કાર્ય કરે છે. તેમણે પત્રકારત્વનાં વ્યવસાયને ત્યાગ અને સમર્પણનો વ્યવસાય ગણાવ્યો હતો. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, મનથી સ્વતંત્ર રહેનારા પત્રકારને કોઈ અંતરાય નડતો નથી. પ્રમાણિકતાની સાથે સત્યનું શરણ અને અસત્યનો પરિત્યાગ પત્રકારનો ધર્મ છે. તેમણે શિક્ષણ અને સ્વાસ્થ્ય ક્ષેત્રે સાનુકુળ પરિવર્તનની પણ હિમાયત કરી હતી.

આ પ્રસંગે રાજ્યપાલે પદ્મશ્રી પુરસ્કાર અલંકૃત સુભાષ પાલેકર પ્રેરિત પ્રાકૃતિક કૃષિ, ગૌવંશની નસલ સુધારણા, નશામુક્તિ જેવા અભિયાનોની સફળતામાં પત્રકારોના સહયોગની પણ નોંધ લીધી હતી.

આ કાર્યક્રમમાં ઈન્ડિયન જર્નાલિસ્ટ યુનિયનના અધ્યક્ષ કે. બી. પંડિતે યુનિયનની કાર્યપ્રણાલી અને પત્રકારોની સ્વતંત્રતા તેમજ સામાજિક સુરક્ષા સંદર્ભે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. જ્યારે યુનિયનના ગુજરાત રાજ્યના સંયોજક ભીખાભાઈ પ્રજાપતિ અને સ્વાગત સમિતિના અધ્યક્ષ લક્ષ્મણભાઈ પટેલે ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું. કાર્યક્રમમાં બિહારના વરિષ્ઠ પત્રકાર આચાર્ય ગૌરીશંકર ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે વિવિધ રાજ્યોમાંથી ઉપસ્થિત રહેલા અગ્રણી પત્રકારોનું સ્મૃતિચિહ્ન અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને અંતે મૃગેશભાઈ શિવપુંજીએ આભારદર્શન કર્યું હતું.

૨૮-૨૯ ફેબ્રુ.એ શિલાન્યાસ, બે દિવસમાં બે લાખ ભક્તો આવશે

અમદાવાદમાં ૧૦૦૦ કરોડના ખર્ચે ઉમિયા માતાજીનું મંદિર બનશે

અમદાવાદ

સરદાર પટેલ રિંગ રોડ પર વૈષ્ણોદેવી સર્કલ પાસે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા આકાર પામનાર વિશ્વના સૌથી ઉંચા અને ભવ્ય એવા ઉમિયા માતાજીના મંદિરનો ૨૮ અને ૨૯ ફેબ્રુઆરીએ શિલાન્યાસ કરવામાં આવશે. આ મંદિરનું ૧૦૦ વીઘા જમીનમાં એક હજાર કરોડના ખર્ચે નિર્માણ કરવામાં આવશે. આ શિલાન્યાસ સમારોહમાં સંતો, મહંતો અને પાટીદાર અગ્રણીઓ સામેલ થશે. બે દિવસના આ સમારોહમાં રાજ્ય અને વિશ્વમાંથી ઉમિયા માતાના ૨ લાખ ભક્તો ઉમટી પડશે. તેની સાથે સાથે જગદગુરુ રામાનંદાચાર્ય સ્વામી રામભદ્રાચાર્યજી, અવિચલદાસજી, જગદગુરુ શંકરાચાર્ય વિજેન્દ્ર સરસ્વતીજી, દિલીપદાસજી મહારાજ, વિશ્વંભર ભારતી મહારાજ સહિતના સંતો પધારશે. આ ઉપરાંત ઉમિયા માતાજીના મંદિરની બાજુમાં મંદિર અને સરકારના સંયુક્ત સંકલનથી વિશ્વનું બીજા નંબરનું ટ્રી મ્યુઝિયમ બનશે. જેમાં લુપ્ત થતા ૩૦૦૦ વૃક્ષો રોપવામાં આવશે. બે દિવસમાં અંદાજે ૨ લાખ કરતાં વધુ માં ઉમિયાના ભક્તો વિશ્વ ઉમિયાધામ જાસપુર–અમદાવાદ પધારશે. સમગ્ર સમારોહના આયોજન માટે ૫૦થી વધુ કમિટીઓ કામ કરશે. સમગ્ર કાર્યક્રમમાં ૫૦૦૦થી વધુ સ્વયં સેવકો સેવા આપશે.

ચેકપોસ્ટ નાબૂદી અને દારૂબંધી નીતિ વિષયક નિર્ણય, કોર્ટ હસ્તક્ષેપ ન કરી શકે : હાઈકોર્ટ

અમદાવાદ

સરકારના ચેકપોસ્ટ બંધ કરવાના નિર્ણય અને દારૂબંધીનો કડક અમલ કરાવવા થયેલી અરજી હાઈકોર્ટે ફગાવી દીધી છે. હાઈકોર્ટે એવું અવલોકન કર્યું હતું કે,'સરકારના નીતિ વિષયક નિર્ણયમાં કોર્ટ હસ્તક્ષેપ કરી શકે નહિ.'

જાગેગા ગુજરાત સંઘર્ષ સમિતિના પ્રમુખ પ્રકાશ કાપડિયાએ હાઈકોર્ટમાં કરેલી જાહેરહિતની અરજીમાં રજૂઆત કરી હતી કે, સરકારે ચેકપોસ્ટ નાબૂદ કરવા જે નિર્ણય લીધો છે તેનાથી દેશની સુરક્ષા જોખમાશે. આતંકવાદી કે અસામાજિક તત્ત્વો બેરોકટોક રાજ્યમાં પ્રવેશી શકશે. સરહદોમાં દારૂની હેરાફેરી પણ વધશે. ચેકપોસ્ટ પર વધુ કડક નિયત્રંણો પણ હોવા જોઈએ. દર વર્ષે દમણથી રાજ્યમાં પ્રવેશતા અનેક દારૂડિયાઓને પોલીસ પકડે છે. જો ચેકપોસ્ટ જ નીકળી જશે તો ગુજરાતમાં ખુલ્લેઆમ દારૂ વેચાશે અને પીવાશે. અમદાવાદમાં દર એક મિનિટે એક દારૂની બોટલ સાથે આરોપી પકડાય છે. જો ચેકપોસ્ટ નાબૂદ થાય તો દારૂની રેલમછેલ થશે. દારૂના કારણે ડ્રંક એન્ડ ડ્રાઈવના કિસ્સા વધી રહ્યા છે. જો દારૂ છૂટથી મળતો થઈ જશે તો ગુજરાતના યુવાનો દારૂને રવાડે ચઢી જશે. આ તમામ બાબતોને ધ્યાને લઈને કોર્ટે સરકારને ચેકપોસ્ટ બંધ નહિ કરવા અને દારૂબંધીનો કડક અમલ કરાવવા આદેશ કરવો જોઈએ.

વિજય નહેરાએ સ્પષ્ટતા કરી... રોડ શો દરમિયાન ૧ લાખ જેટલા લોકો હાજર રહેશે

અમદાવાદ

ડોનાલ્ડ ટ્રમ્પના અમદાવાદના રોડ શો માટે તંત્ર તડામાર તૈયારીઓમાં વ્યસ્ત છે. વરિષ્ઠ અધિકારીઓ રોડ શોની તૈયારીઓ પર નજર રાખી રહ્યા છે. ૨૨ કિમી લાંબા રોડ શો દરમિયાન સમગ્ર રુટ પર એક લાખ લોકો હાજર રહે તેવી સંભાવના છે. જોકે ટ્રમ્પે પોતાના વિડિયોમાં દાવો કર્યો હતો કે, પીએમ મોદીએ મને કહ્યુ છે કે, આ શોમાં ૭૦ લાખ લોકો હાજર રહેવાના છે. આમ તંત્રની જાહેરાત જોતા લાગે છે કે ટ્રમ્પે જે આંકડો કહ્યો છે અથવા તો ટ્રમ્પના દાવા પ્રમાણે મોદીએ જે આંકડો કહ્યો હતો તેના કરતા તો આ આંકડો સાવ ઓછો છે. આમ તો ટ્રમ્પે જ્યારે એક વિડિયોમાં કહ્યુ કે, મારા સ્વાગત માટે ૭૦ લાખ લોકો હાજર રહેવાના છે ત્યારે જ ઘણાને આશ્ચર્ય થયુ હતુ. કારણકે અમદાવાદની કુલ વસતી જ ૭૦ થી ૮૦ લાખની છે. અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર વિજય નહેરાએ સ્પષ્ટતા કરી હતી કે, રોડ શો દરમિયાન ૧ લાખ જેટલા લોકો હાજર રહેશે.

નમસ્તે ટ્રમ્પઃ કલાકારો-આયોજકો માટે ૬૦ હજાર ફૂડ પેકેટની વ્યવસ્થા કરાઈ

અમદાવાદ

ડોનાલ્ડ ટ્રમ્પ અને પીએમ મોદી ૨૪ ફેબ્રુઆરીએ એરપોર્ટથી ગાંધીઆશ્રમ અને ત્યાંથી મોટેરા સ્ટેડિયમ સુધી ૨૨ કિમી લાંબો રોડ શો કરવાના છે. આ રોડ શોમાં ભાગ લેવા આવનાર ધાર્મિક સંસ્થાઓ, એનજીઓ, મહેમાનો, પર્ફોર્મ કરનારા કલાકારો, સ્વૈચ્છિક સંસ્થાઓના જે લોકો આવશે તેના માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ફૂડ પેકેટની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. મહેમાનોને ફૂડ પેકેટમાં પુરી-શાક, ચણા-પુરી, શીંગ-ચણા, ચવાણું અને મોહનથાળ જેવો નાસ્તો આપવામાં આવશે.

સવારથી લોકો રોડ શોમાં ભાગ લેવા આવી જવાના છે હોવાથી ફૂડ પેકેટની વ્યવસ્થા કરવામાં આવી છે. આ મહેમાનોને આશરે ૬૦ હજારથી વધુ અલગ અલગ ફૂડ પેકેટ લાવવાની જવાબદારી જે તે ઝોનના ડેપ્યુટી હેલ્થ ઓફિસરોને આપવામાં આવી છે. આ રૂટ પર ભારતીય પરંપરા અને વિવિધતામાં એકતા દર્શાવવામાં આવશે.

ઓવૈસીના પક્ષના નેતા વારિસ પઠાણનું ભડકાઉ નિવેદન

૧૫ કરોડ મુસ્લિમો ૧૦૦ કરોડ હિન્દુઓ પર ભારે પડશે..!

છાતી પર ગોળી ખાઈશુ પણ કાગળ નહી બતાવીએ,આતંકી મદરેસામાંથી નહિ પણ આરએસએસમાંથી નીકળે છે

ગુલબર્ગા

એઆઈએમઆઈએમના નેતા વારિસ પઠાણે ભડકાઉ નિવેદન આપ્યુ છે. ગુલબર્ગા રેલીમાં વારિસ પઠાણે કહ્યુ, ' મુસ્લિમોની સંખ્યા ૧૫ કરોડ છે પરંતુ આ ૧૫ કરોડ ૧૦૦ કરોડ પર ભારે છે, જો ૧૫ કરોડ સાથે આવી ગયા તો વિચારી લો ૧૦૦ કરોડનું શું થશે? પઠાણે સીએએએ વિરૂદ્ધ પ્રદર્શન કરી રહેલી મહિલાઓને શેરણી કહી હતી. ભીડને ઉકસાવતા તેમણે કહ્યુ, 'હિન્દુઓને હલાવવા છે, મોદી-અમિત શાહની સત્તાને પાડવી છે? તો અવાજ એવો કરો કે અહીથી નીકળે અને સીધા દિલ્હીની અંદર સંભળાય', વારિસે એમ પણ કહ્યુ, 'અમે ઈંટનો જવાબ પથ્થરથી આપવાનું જાણીએ છીએ.'



વારિસ પઠાણ અહી જ નહતા રોકાયા, તેમણે કહ્યુ, 'છાતી પર ગોળી ખાઈશુ પણ કાગળ નહી બતાવીએ. જે લોકો સીએએ વિરૂદ્ધ પ્રદર્શન કરી રહ્યા છે, તે લોકો આ દેશના બંધારણને બચાવવા નીકળ્યા છે. તે લોકો આ દેશના લોકતંત્રને બચાવવા નીકળ્યા છે અને તે લોકો આ દેશના સેક્યુલારિઝમને બચાવવા નીકળ્યા છે.'

વારિસ પઠાણે કહ્યુ, 'આતંકી મદ્રેસામાંથી નહી પણ આરએસએસમાંથી નીકળે છે. અંતે મહાત્મા ગાંધીને મારનાર ગોડસે કોણ હતો, કઈ શાખાનો હતો. ગુજરાતમાં મા-બહેનોની ઈજ્જત લૂંટી, તે કઈ શાખામાંથી આવે છે? જામિયા અને શાહીન બાગમાં જે બંદૂક લઈને ગયો, તે કોની વાત સાંભળીને આવ્યો હતો અને કઈ શાખામાંથી આવ્યો?'

ભાષણના અંતમાં વારિસ પઠાણે ભીડને આઝાદીનું મહત્વ જણાવતા કહ્યુ,'આપણે ૧૦૦ કરોડ હિન્દુઓ પર ભારે પડવુ છે, તેની માટે મુસ્લિમોએ એકજૂટ થવાની જરૂર છે.' તેમણે કહ્યુ, 'આઝાદી લેવી પડશેપઅને જે વસ્તુ માંગવાથી નથી મળતી, તેને છીનવવી પડે છે. હવે સમય આવી ગયો છે.

સિવિલમાં તપાસ્યા વગર જ કાનના દુખાવાની દવા લખી આપતા દર્દી અને ડોક્ટર ઝઘડ્યા

રાજકોટ

રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખાસ કરીને જુનિયર ડોક્ટર કોઈ પણ દર્દીને હાથ અડાડ્યા વગર માત્ર દર્દી જે બોલે તેના અધારે દવા લખી નાખતા હોય છે. જેથી અવારનવાર દર્દીઓના સગાઓ અને ડોક્ટરો વચ્ચે ઘર્ષણ થતું રહે છે તેનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. ડોક્ટરે તપાસ્યા કે જોયા વગર જ કાનના દુખાવાની દવા લખી આપતી દર્દી અને મહિલા ડોક્ટર ઝઘડ્યા હતા.

સિવિલ હોસ્પિટલમાં ગત રાત્રીના ૧૦ વાગ્યે કાનના દુખાવાની તકલીફ સાથે એક દર્દી ઈમરજન્સી વિભાગમાં આવ્યા હતા. ત્યાંથી આ દર્દીના રિપોર્ટ કરીને પાંચમા માળે ઈએનટી વિભાગમાં જવા કહ્યું હતું. દર્દી અને તેની સાથે આવેલા લોકો પાંચમા માળે ગયા હતા. જયાં મહિલા ડોક્ટરોએ દર્દીને હાથ અડાડ્યા કે તપાસ કર્યા વગર જ દવા લખી આપી હતી. દર્દીઓના સગાઓએ પરત આવી ડોક્ટરને સરખા તપાસીને દવા આપવા કહ્યું હતું તો સામે મહિલા તબીબે હાથ નહીં લગાડે તો પણ દવા લખાશે તેમ કહ્યું હતું. મહિલા તબીબે ઉદ્ધતાઈભર્યુ વર્તન કરતા ત્યાં હાજર એક યુવાને મોબાઈલ કાઢીને વીડિયો શરૂ કર્યો તો મહિલા તબીબે મોબાઈલ ઝૂંટવવાનો પ્રયાસ કરતા મામલો બિચક્યો હતો. તબીબોએ સિક્યુરિટીને જાણ કરી પોલીસ બોલાવવા કહ્યું હતું. જો કે દર્દીના સ્નેહીજનો ત્યાંથી નીકળી ગયા હતા. ડોક્ટરના આ વર્તન અંગે ઈન્ચાર્જ તબીબ અધિક્ષક ડો.ગોસ્વામીને જાણ કરતા તેમણે તપાસ કરીને વિભાગના વડા પાસે રિપોર્ટ મગાશે તેમ જણાવ્યું હતું.

વાગરામાં જમીન સંપાદન પ્રક્રિયામાં એક વ્યક્તિના કાયદા માટે ભ્રષ્ટાચાર

ખેડુત હિતરક્ષક દળ દ્વારા ગાંધીનગરમાં પત્ર લખી રજુઆત

અંકલેશ્વર

ભરૂચ જિલ્લા ખેડૂત હિત રક્ષક દળ દ્વારા વાગરા તાલુકામાં જમીન સંપાદન પ્રક્રિયામાં એક ખાસ વ્યક્તિને ફાયદો કરાવવાની ભૂમિકાની તપાસ કરીને ખેડૂતોને ન્યાય અપાવવા માટે ગાંધીનગર ખાતે રજૂઆત કરવામાં આવી છે.

ખેડૂત હિત રક્ષક દળના કોઓર્ડીનેટર યાકુબ ગુરુજીએ ગાંધીનગર સ્થિત ઉદ્યોગ અને ખાણ ખનીજ વિભાગના અગ્ર સચિવ અને ચેરમેન એમ.કે. દાસને પત્ર લખીને રજૂઆત કરી છે. જેમાં જીઆઈડીસી દ્વારા વાગરા તાલુકામાં જમીન સંપાદન પ્રક્રિયામાં એક ખાસ વ્યક્તિને ફાયદો કરાવાતો હોવાની રજૂઆત કરીને તપાસની માંગ કરી છે.

પત્રમાં જણાવ્યું છે કે આ સંગઠનના સંયોજક બળવંતસિંહ પરમાર દ્વારા મુખ્યમંત્રીને પત્ર લખીને વાગરા તાલુકાના પખાજણ, લીમડી અને અંભેલ ગામના જમીન સંપાદન બાબતે જીઆઈડીસી દ્વારા એક ખાસ વ્યક્તિને જ ફાયદો કરાવવાની પ્રક્રિયા સામેની કાર્યવાહી શંકાસ્પદ હોય અને મોટા ભ્રષ્ટાચારની આશંકા હોવાથી સ્થાનિક ખેડૂતોના હક માં નિર્ણય લેવા રજૂઆત કરાઈ હતી. આ રજૂઆતના પગલે મુખ્યમંત્રી કાર્યાલયે પત્ર ક્રમાંક - મુમક/Reg/૨૦૧૯/૫૩૬૩૩ દ્વારા ઉદ્યોગ અને ખાણ વિભાગ અને આ અંગે તપાસ કરવા પણ જણાવ્યું હતું જો કે ખેડૂતો કાર્યવાહીની રાહ જોતા હતા તે દરમિયાન તારીખ ૭ ફેબ્રુઆરી ૨૦૨૦ ના રોજ વાગરા તાલુકાના પખાજણ અને લીમડી ગામની જમીનનું જાહેરનામું જાહેર કરી દેવામાં આવ્યું છે અને એમાં ખૂબ મોટો ભ્રષ્ટાચાર થયાની ખેડૂતોને આશંકા છે.

રજૂઆતકર્તા યાકુબ ગુરુજીએ જણાવ્યું હતું કે દહેજ એસ.ઈ.ઝેડ એક પ્રાઈવેટ કંપની છે તો જીઆઈડીસી શા માટે એક કંપની માટે જમીન સંપાદન કરે છે. આ ઉપરાંત દહેજ એસ.ઈ.ઝેડ હાલમાં PCPIRDA વિસ્તારમાં કાર્યરત છે જ્યાં સરકારે કરોડો રૂપિયાનું રોકાણ કરીને ઔદ્યોગિક વસાહતોની લગતી વ્યવસ્થા ઊભી કરી છે. એ વિસ્તારના સ્થાનિક ખેડૂતોની જમીન સંપાદન કરવાને બદલે અવિકસિત વિસ્તારની એક બહારની વ્યક્તિની માલિકીની જમીન સંપાદન કરવાનો આગ્રહ રાખવામાં આવ્યો છે. પખાજણ ગામનો એક ભાગ પણ CPIRDAમાં સમાવિષ્ટ છે જેમાં ×સર×ના કાયદા હેઠળ ખેડૂતની મૂળ જમીન માંથી ૩૫% જમીન કોઈ પણ પ્રકારનું વળતર ચૂકવ્યા વિના એટલે કે મફત લેવાની જોગવાઈ છે ત્યારે એ જ ગામની બીજા ભાગની જમીન સંપાદન કરીને એ જમીન માલિકને ૧૦૦% જમીનનું વળતર ચૂકવવામાં આવશે. આમ એક ગામમાં સરકારના બે અલગ અલગ ધારાધોરણ છે.

રજૂઆતમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે દહેજ એસ.ઈ.ઝેડથી ૭-૮ કિલોમીટરની ત્રિજયામાં આવેલા અખોડ, નાંદીડા, અટાલી, કોલીયાદ અને વેંગણી ગામના ખેડૂતો પણ પોતાની જમીન સંમતિથી આપવા તૈયાર હતા અને તમામ અધિકારીઓ તેમજ ધારાસભ્ય સાથે મુખ્યમંત્રીને પણ લેખિતમાં બાંહેધરી આપી હતી. તેમ છતાં આ હાલના કાર્યરત પ્રોજેક્ટથી ૨૦થી ૨૫ કિલોમીટર દૂર આવેલી એક વ્યક્તિની જમીન સંપાદન કરવા માટે પણ જાહેરનામું બહાર પાડી પાછળ સરકારનો શું તર્ક છે?

ખેડૂત હિત રક્ષક દળ દ્વારા આ તમામ પ્રશ્નોને સરકારી તંત્રના ભ્રષ્ટાચારની ચાડી ખાતા હોવાનું જણાવીને આક્ષેપ કર્યો છે. ત્યારે હવે આ રજૂઆતને પગલે સરકાર જાહેરનામું રદ કરી ખેડૂતોના હિતમાં નિર્ણય લેશે કે પછી જેમ ચાલે છે તેમ ચાલવા દેશે એ જોવું રહ્યું.

ધોરણ ૨થી ૧૨ સુધીના ૮૦ પુસ્તકોમાં બદલાવ... ટૂંક સમયમાં વિતરણ કરાશે

અમદાવાદ

એપ્રિલ ૨૦૨૦માં નવો શૈક્ષણિક સત્ર શરૂ થશે. આ વખતે ધોરણ ૨થી લઈને ધોરણ ૧૨ સુધીના અંદાજે ૮૦ પુસ્તકોમાં ફેરફાર કરવામાં આવ્યા છે. જેમાં ગુજરાતી, અંગ્રેજી સહિતના વિષયોના પુસ્તકોમાં ફેરકાર તૈયાર શરૂ કરી દેવાઈ છે. જેને થોડા દિવસોમાં વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવામાં આવશે. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં આ વખતે પુસ્તકો બદલવાનો નિર્ણય લેવાયો હતો.

પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા મોટાભાગના પુસ્તકોની પ્રિન્ટિંગનું કામ સમાપ્ત થઈ ગયું છે. કામગીરી પૂર્ણ થયા બાદ પુસ્તકોનું વિતરણ પણ શરૂ કરી દેવામાં આવશે. આ વખતે ધોરણ ૨થી લઈને ૧૨ સુધીના ૮૦ પુસ્તકોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. એટલે કે એપ્રિલથી શરૂ થતાં નવા શૈક્ષણિક વર્ષથી નવા પુસ્તકો અમલમાં આવશે.

ધોરણ ૨થી ૭ના પુસ્તકોમાં પણ મોટા ફેરફાર જોવા મળ્યા છે. ગુજરાતી, પર્યાવરણ, તેમજ ચિત્ર સહિતના પુસ્તકો બદલાયા છે. તેમજ ધોરણ ૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહના પુસ્તકોમાં ફેરફાર થયો છે. ધોરણ ૧૦મા ઉચ્ચતર બુનિયાદી પ્રવાહના ત્રણ અને ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં મોટાભાગના વિષયોની સ્વાધ્યાય પોથી બદલવામાં આવી છે. આ ઉપરાંત ધોરણ ૯ અને ૧૦માં ગણિત અને વિજ્ઞાન વિષયના પણ ફેરફાર સાથે નવા પુસ્તકો આપવામાં આવશે. ધોરણ ૧૨મા જીએસટીના સુધારાના પગલે નામુ, આંકડાશાસ્ત્ર, અર્થશાસ્ત્ર સહિતના પુસ્તકોમાં ફેરફાર કરાયો હતો.

સરકાર ૫૩,૧૫૧ નવી ભરતી કરશે

રાજસ્થાન બજેટ ૨૦૨૦: બંપર ભરતીઓનો વાયદો, ટેક્સ છૂટ અને ૭ સંકલ્પ

જયપુર

રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહલોતે ૨૦ ફેબ્રુઆરીએ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે વિધાનસભામાં બજેટ રજૂ કર્યુ છે. જેમાં તેમણે આ બજેટને નિરોગી રાજસ્થાન સહિત ૭ સંકલ્પો પર આધારિત ગણાવ્યુ.

બજેટમાં ગહલોતે આવનારા નાણાકીય વર્ષમાં ૫૩,૧૫૧ નવી ભરતી કરવાની જોગવાઈ કરી છે. તેમણે જણાવ્યુ કે, બજેટમાં કોઈ નવા ટેક્સના પ્રસ્તાવ નથી કરવામાં આવ્યો. આ સાથે જ ગહલોતે અનેક ટેક્સમાં ફેરફાર કરતા ૧૩૦ કરોડ રૂપિયાની છૂટ આપવાની જાહેરાત પણ કરી છે. જણાવી દઈએ કે, મુખ્યમંત્રી અશોક ગહલોત પાસે નાણાકીય વિભાગ પણ છે.

ગત બજેટમાં લોકકલ્યાણનાં પગલાંનો ઉલ્લેખ કરતાં ગેહલોતે જણાવ્યુ કે, અમે આ બજેટમાં પણ નક્કર એક્શન પ્લાન રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે. તેમણે જણાવ્યુ કે, અમારા માટે સંપૂર્ણ રાજસ્થાન એક પરિવારની જેમ છે. આ પરિવાર માટે હું સાત સંકલ્પોના આ બજેટની પ્રાથમિકતા બનાવવા માંગુ છુ.

ગેહલોતે જણાવ્યુ કે, અમારી સરકારની નાણાકીય નીતિઓ અને પ્રાથમિકતાઓ શું હોય? તેના માટે અમે ખેડૂતો, પશુપાલકો, મહિલાઓ, વિદ્યાર્થીઓ, યુવાઓ, ઉદ્યોગો અને વ્યાપારિક સંગઠનો, સિવિલ સોસાયટીના વિચારો અને સૂચનોને ધ્યાનમાં રાખતા આ બજેટ બનાવવાના પ્રયાસો કર્યા છે.

મેન્યુફેક્ચરિંગ, સેવા અને ખેતી ક્ષેત્રના અનુમાનનો ઉલ્લેખ કરતા ગેહલોતે જણાવ્યુ કે, આંકડાથી સ્પષ્ટ છે કે, દેશની અર્થવ્યવસ્થા પાટા પરથી ઉતરી ગઈ છે. તેમણે જણાવ્યુ કે, કેન્દ્રની ખોટી નીતિઓના કારણ મહેસૂલમાં જે ઘટાડો થઈ રહ્યો છે, તેના નુકશાન સ્વરૂપે કેન્દ્ર દ્વારા અમને મોકલવામાં આવતા અમારા ભાગના ટેક્સ રકમમાંથી ૧૦૩૬૨ કરોડ રૂપિયા ઓછા આપવામાં આવી રહ્યા છે.

ફોર વ્હીલર વાહનના પસંદગીના નંબરો મેળવવા માટે ઈ-હરાજી

ઓનલાઈન અરજી કરી ઈ-હરાજીમાં ભાગ લઈ શકાશે

નવસારી

એ.આર.ટી.ઓ.કચેરી નવસારી ધ્વારા મોટરીંગ પબ્લીકના સગવડતા માટે સિલ્વર અને ગોલ્ડન નંબરની ફાળવણી માટે ઓનલાઈન ઈ-ઓકશન શરૂ કરવામાં આવેલ હતી. કચેરીમાં લાઈટ મોટર વ્હીકલ (ફોર વ્હીલર) ના નંબરો માટેની સીરીઝ GJ21-CA/CB-0001થી GJ21-CA/CB-9999 (ફોર વ્હીલર) બાકી રહેલા નંબરો માટે ઈ-ઓકશન માટે શરૂ કરવામાં આવ્યાં છે. ઈચ્છા ધરાવનાર વાહન માલિકો તેમનાં વાહનનું રજીસ્ટ્રેશન કરાવી ઓનલાઈન Þ http://parivahan.gov.in/fancy પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી ઈ-ઓકશન માં ભાગ લઈ શકશે.

તા.૨૩/૦૨/૨૦૨૦ થી તા.૨૫/૦૨/૨૦૨૦ સુધીના રોજ ઈ-ઓકશન ઓનલાઈન માટે ફોર્મ રજીસ્ટ્રેશન કરાવવાના રહેશે અને એપ્લીકેશન કરવાની રહેશે. તા.૨૬/૦૨/૨૦ ના રોજ ઈ-ઓકશનનું બીડીંગ કરવાનું રહેશે. તા.૨૭/૦૨/૨૦ના રોજ ફોર્મ કચેરીએ જમા કરાવવાના રહેશે. ફેન્સી નંબર મેળવવા ઈચ્છુક અરજદારોએ ઉપર દર્શાવેલ વેબસાઈટ ઉપર જઈને સી.એન.એ.ફોર્મ વાહન ખરીદીના સાત દિવસમાં અચૂક ઓનલાઈન ભરી દેવાનું રહેશે. વાહનનાં સેલ લેટરમાં સેલ તારીખથી ૬૦ દિવસના અંદરના જ અરજદારોએ હરાજીમાં ભાગ લેવા અરજી કરી શકાશે. સમય બહારની અરજીઓ રદ કરવામાં આવશે. તેમ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની યાદી જણાવે છે.

બેંગલ સ્પોર્ટિંગ યંગ આર્ટસ ક્લબની સુવર્ણ જયંતી નિમિત્તે સ્નેહ મિલન

તા. ૧લી માર્ચે ગીત સ્પર્ધા સહિતના કાર્યક્રમો યોજાશે

સુરત

બેંગાલ સ્પોર્ટિંગ યંગ આર્ટ્સ ક્લબનું ૫૦મું ગોલ્ડન જ્યુબીલ વાર્ષિક સ્નેહ મિલન અને પ્રમુખશ્રી હરિશ શાહની ૭૩મું જન્મદિનની ઉજવણી પ્રસંગે બેંગાલ સ્પોર્ટિંગ યંગ આર્ટ્સ ક્લબ સુરત દ્વારા પંચમ ગ્રુપ ઓફ મ્યુઝિક સુરત જાયન્ટ્સ ગ્રુપ ઓફ ગ્રેટર સુરત , સુરતી મોઢવણિક યુવક મંડળ અડાજણ , રાંદેર રોડ સુરતના સૌજન્યથી સરિતા સાગર સંકુલ ટ્રસ્ટ હોલ, સરદાર પુલની નીચે અડાજણ સુરત કરાવકે સીડી પર સવારે ૧૦ વાગ્યાથી બેસ્ટ સીંગર્સ ગીત સ્પર્ધા બપોરે બે વાગ્યા થી બેસ્ટ લેડી સીંગર્સ/બેસ્ટ ડુએટ ગ્રુપ સીંગર્સ ગીત સ્પર્ધાઓ પહેલી માર્ચ ૨૦૨૦ રવિવારે યોજાશે

ઉપરોક્ત ગીત સ્પર્ધાઓમાં ભાગ લેવા હરિશ શાહ (પ્રમુખ) મો-૯૪૨૬૧૦૪૫૬૨, મોહિન મલિક-૯૯૨૫૫૦૮૬૪, અનિલ દલાલ- ૯૮૨૫૧૨૭૪૮૮, પરેશ ભાટિયા-૯૪૨૬૧૪૦૭૧૮, રવિ અગ્રવાલ- ૯૮૨૫૦૫૪૩૦૦ નો સંપર્ક કરવા જણાવ્યું છે.

વેરો ભરપાઈ નહીં કરતા ૮૯ મિલ્કતો સીલ કરાઈ

સુરત મહાનગર પાલિકાનાં આકારણી અને વસુલાત વિભાગ સેન્ટ્રલઝોન દ્વારા બાકી મ્યુનિસિપલ વેરા બાબતે સઘન ઝુંબેશ તા.૧૦/૦૨/૨૦૧૭ થી તા.૧૭/૦૨/૨૦૨૦ દરમ્યાન હાથ ધરતાં બાકી મિલકતદારો પૈકી વોર્ડ નં. ૧ થી ૧૨માં આવેલ વિસ્તારો નાનપુરા મેઈન રોડ, સગરામપુરા, સલાબતપુરા, બેગમપુરા, હરીપુરા, મહિધરપુરા, સ્ટેશન રોડ, સૈયદપુરા, નાણાવટ, શાહપોર માં આવેલ નીચે જણાવેલ કુલ – ૮૯ મિલકતોને સીલ કરવામાં આવેલ તેમજ ૦૫ – નળ કનેકશન કાપતા સદર વેરા વસુલાત ઝુંબેશ દરમ્યાન કુલ રૂ. ૧,૦૨, ૨૭,૪૮૧/ વસુલ કરવામાં આવેલ છે. આ સાથે ફોટો કોપી સામેલ છે.

૨૩મીએ ઢોડિયા સમાજ સમસ્ત બાવીસા કુળનું સંમેલન યોજાશે

ઢોડીયા સમાજ સમસ્તજ બાવીસા કુળ પરિવારનો વાર્ષિક સ્નેકહમિલન કાર્યક્રમ માવલીમાતાનું મંદિર, દહીખેડ ડુંગર પર, આંબાતલાટ, તા.ધરમપુર ખાતે તા.૨૩/૨/૨૦૨૦ના રોજ સવારે ૯-૦૦ કલાકથી યોજાશે. આ સમારંભમાં અધ્યતક્ષસ્થાતને ધરમપુર ધારાસભ્યષ અરવિંદભાઈ પટેલ જયારે મુખ્ય મહેમાન તરીકે માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર મનિષભાઈ એસ.પટેલ હાજર રહેશે. આ કાર્યક્રમમાં બાવીસા કુળ પરિવારના સૌને પધારવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યુંધ છે.

પારડીના ચીવલ રોડની યુવતી ઘરે પરત ફરી નથી

વલસાડ

વલસાડ જિલ્લાના પારડી તાલુકાના ચીવલરોડ હનુમાન ડુંગરીની રહેવાસી યુવતી, જયશ્રીબેન દાજીભાઈ વાધરી(દિવીપુજક), તા.૧૧-૦૨-૨૦૨૦ના રોજ ઘરેથી પારડી બજારમાં શાકભાજી લેવા જાઉં છું કરી કયાંક ચાલી જઈ ગુમ થયી છે. ગુમ થનારી ધોરણ-૮ સુધી ભણેલી છે. તેની ઉ.વ ૨૧, ઉંચાઈ ૫ ફુટ, રંગે ઘઉંવર્ણની, શરીરે પાતળા બાંધાની છે. તેણીએ શરીરે પીળા કલરનો લાંબી બાયનો પંજાબી ડ્રેસ, પગમાં સાનેરી કલરની પટ્ટીવાળી ચંપલ પહેરી છે. તેણી ગુજરાતી ભાષા જાણેછે. આ યુવતિની જો કોઈને ભાળ મળે તો પારડી પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધવા પોલીસ ઈન્સ્પેકટર, પારડી દ્વારા જણાવાયું છે.

કામદાર યુનિયનનું રાજ્ય કક્ષાનું ૧૫મું વાર્ષિક અધિવેશન મેમનગરમાં મળશે

સુરત

ઘરઘાટી – બાંધકામ કામદાર યુનિયન ગુજરાત રાજ્યના પ્રમુખ અને ઈન્દુકના અગ્રણી શ્રી અશોક પંજાબી જણાવે છે કે, ઘરોમાં કામ કરનારા શ્રમિકો, એટલે ઘરઘાટીઓ, કેટરીંગ, હાઉસ કીપીંગ, પ્રાઈવેટ સીક્યુરીટીમાં કામ કરતાં, ટ્રાવેલ્સની બસો અને ખાનગી વાહનો ચલાવતા ડ્રાઈવરો, બાંધકામ ક્ષેત્રે મજુરી કરતા, કડીયા, પ્લમ્બરો વગેરેના કામ કરતાં શ્રમિક ભાઈ-બહેનોની યુનિયન, ઘરઘાટી-બાંધકામ કામદાર યુનિયન ગુજરાત રાજ્યના ૧૫ વાર્ષિક અધિવેશન શિવરાત્રીના રોજ તા. ૨૧-૦૨-૨૦૨૦ ના રોજ શુક્રવાર બપોરે ૧૨-૦૦ વાગે, લાયન શરદ મહેતા ગાર્ડન પાર્ટી પ્લોટ, વિજય ચાર રસ્તા પાસે, અમુલ ડેરીની પાછળ, મેમનગર, અમદાવાદ ખાતે મળશે. અસંગઠિત શ્રમિકોની યુનિયનના ૧૫ વાર્ષિક અધિવેશન ઉદઘાટન, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમિત ચાવડા કરશે. જ્યારે મુખ્ય મહેમાન તરીકે ગુજરાત કોંગ્રેસના પૂર્વ પ્રમુખશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા, કોંગ્રેસના મુખ્ય પ્રવક્તા ડૉ. મનિષ દોશી, ડૉ. જીતુભાઈ પટેલ, શ્રી નૈષધભાઈ દેસાઈ ઉપસ્થિત રહેશે. આ અધિવેશનમાં રાજસ્થાનના ડુંગરપુર, બાંસવાડા, ઉદયપુર જિલ્લાના અગ્રણીઓ વિશેષપણે હાજરી આપશે.

રાજ્ય સરકાર દ્વારા રચવામાં આવેલ, બાંધકામ કામદાર કલ્યાણ બોર્ડના, બાંધકામના શ્રમિકોના કલ્યાણ માટે કુલ ૨૨૦૦ કરોડ જેટલી રકમ નો ઉપયોગ, શ્રમિકો માટે નહી પણ અન્ય હેતુઓ માટે થાય છે અને બોર્ડ ભ્રષ્ટાચારથી ખદબદે છે. ઘરોમાં કામ કરતાં અને અન્ય કોન્ટ્રાક્ટમાં કામ કરતા શ્રમિકો માટે સરકાર દ્વારા રાહતના કોઈ પગલા ભરવામાં આવતા નથી અને શ્રમિકોનું ખુલ્લેઆમ શોષણ થાય છે. રાજ્ય સરકારની શ્રમિક વિરોધી નિતીના કારણે અનેક પરિવારો આર્થિક સંકળામણ ભોગવી રહ્યાં છે. સરકારની નિતી શ્રમિક વિરોધી છે, ત્યારે રાજ્યમાં અસંગઠિત ક્ષેત્રે કામ કરતાં શ્રમિક ભાઈ-બહેનોના પરિવારોને સન્માન સાથે જીંદગી જીવવાનો અધિકાર મળે તે અધિવેશનનો મુખ્ય એજન્ડા છે.

તા.૨૯મીએ એચઆઈવી સાથે જીવતા યુવક-યુવતીઓનો જીવન સાથી મેળો

જીવન સાથી પસંદગી મેળા અંગે ફોન પર વધુ માહિતી મળી શકશે

નવસારી

ગુજરાત સ્ટેટ નેટવર્ક ઓફ પીપલ લીવીંગ વિથ એચ.આઈ.વી./એઈડ્સ (જી. એસ. એન.પી.+) સંગઠન ૨૦૦૩ થી ગુજરાત રાજ્યનું એચ.આઈ.વી. સાથે જીવતા લોકોનું, લોકો માટે, લોકો દ્વારા કાર્યરત સમુદાયિક સંગઠન છે. જી. એસ. એન. પી.+ દ્વારા કાર્યરત ૨૬ જિલ્લામાં સાર સંભાળને લગતી સેવાઓ અંતર્ગત ૬૮૦૦૦ થી વધુ એચ. આઈ. વી. સાથે જીવતા લોકો સાથે જોડાયેલા છે. જેમાંથી લગ્નોત્સુક એચ. આઈ. વી. સાથે જીવતા યુવક-યુવતીને જીવનસાથીની હુંફ મળી રહે અને પોતાના જીવનસાથીની પસંદગી કરી શકે તે ખૂબ જરૂરી છે.

જી.એસ.એન.પી.+ અને રિલાયન્સ ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે તા.૨૯ મી ફેબ્રુઆરી-૨૦૨૦ ના રોજ પ્રાદેશિક રાજયોના લગ્નોત્સુક એચ. આઈ.વી. સાથે જીવતા યુવક-યુવતીઓનો જીવનસાથી પસંદગી મેળો રિલાયન્સ એ. આર. ટી. સેન્ટર, હજીરા, સુરત ખાતે સવારે ૯-૦૦ કલાકે યોજાનાર છે. જે માટે રજીસ્ટ્રેશન જી. એસ. એન. પી.+ ની વેબસાઈટ તથા ફેસબુક પર આપવામાં આવેલી લિંક પર ઓનલાઈન કરવાનું રહેશે. એચ.આઈ.વી. પોઝીટીવ લગ્નોત્સુક માત્ર યુવતીઓને આવવા જવાનું મુસાફરી ખર્ચ જી.એસ.એન.પી.+ દ્વારા ચૂકવવામાં આવશે.

આ અંગે વધુ માહિતી માટે , ૯૬૬૨૫૧૫૩૩૧ તથા જી.એસ.એન.પી.+ સંપર્ક શ્રી રસીકભાઈ ભુવા મો.નં-૯૯૦૯૦૬૪૮૫૪, જી. એસ. એન. પી.+ હેલ્પલાઈન નંબર૨/વોટસઅપ ૭૦૬૯૧૧૧૦૧૦ નંબરો પરથી વધુ માહિતી મેળવી શકો છે.

એટીકેટી આવતા એન્જિનિયરીંગની વિદ્યાર્થિનીએ ગળેફાંસો ખાઈ જિંદગી ટૂંકાવી

રાજકોટ

મૂળ જામનગરની વતની અને રાજકોટના મોરબી રોડ પર બેડી હડમતીયામાં આવેલી સંજયરાજ રાજ્યગુરૂ કોલેજમાં એન્જિનિયરીંગના છેલ્લા વર્ષમાં ભણતી અને કોલેજ કેમ્પસમાં જ આવેલી છાત્રાલયમાં રહેતી રીટા કિશોરભાઈ ગોહેલ (૩.વ.૨૦)એ સાંજે છાત્રાલયમાં પંખામાં દૂપટ્ટો બાંધી જિંદગી ટૂંકાવી લીધી હતી. અંતિમ વર્ષમાં એટીકેટી આવી હોવાથી કેટલાક દિવસથી તે ચિંતામાં રહેતી હતી. આ કારણે આત્મઘાતી પગલુ ભર્યાનું હાલ બહાર આવ્યું છે. આપઘાત પાછળ અન્ય કોઈ કારણ તો નથી ને? તેની તપાસ પોલીસે હાથ ધરી છે.

ગત સાંજે કોલેજ કેમ્પસની છાત્રાલયના રૂમમાં રીટા ગોહેલે ગળાફાંસો ખાઈ લીધાની જાણ થતાં ૧૦૮ની ટીમ પહોંચી હતી. ઈએમટીની તપાસમાં રીટાનું મોત નીપજ્યાનું જણાતાં પોલીસને જાણ કરતાં કુવાડવા પોલીસ દોડી આવી હતી. પોલીસની તપાસમાં ખુલ્યા મુજબ આપઘાત કરનાર રીટા બે બહેન અને એક ભાઈમાં વચેટ હતી. પિતા દરજી કામ કરે છે. રીટા છેલ્લા બે વર્ષથી કોલેજના છાત્રાલયમાં જ રહેતી અને અભ્યાસ કરતી હતી. એન્જિનિયરીંગના છેલ્લા વર્ષમાં એટીકેટી આવી હોય તેની ચિંતામાં આ પગલું ભર્યાનું હાલ બહાર આવ્યું છે. વિદ્યાર્થિનીના આપઘાત પાછળ ખરેખર આવું જ કારણ છે કે અન્ય કંઈ? તેની તપાસ થઈ રહી છે.

કેનાલમાં ગાબડું પડતા ૭૦ વિઘા જમીનમાં પાણી ફરી વળ્યા, ખેડૂતોની વળતરની માંગ

વડોદરા

વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના સાદરા ગામ પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાં રાત્રે ૩ વાગ્યે ગાબડું પડ્યું હતું. જેથી ખેડૂતો તુરંત ખેતરમાં પહોંચી ગયા હતા અને કેનાલમાં પાણી બંધ કરવા માટે નર્મદા કેનાલના અધિકારીઓને વિનંતી કરી હતી પરંતુ પાણી બંધ ન કરવામાં આવતા ખેડૂતો આક્રોશ વ્યક્ત કર્યો હતો અને ખેતરોમાં ઘૂંટણ સમા પાણી ભરાઈ જતા ઉભા પાકને નુકસાન થયું હતું. જોકે સ્થળ પર પહોંચેલા અધિકારીએ પોતાની જવાબદારીમાંથી છટકીને કોન્ટ્રાક્ટર્સ પર જવાબદારી નાખવાના પ્રયત્નો કર્યા હતા.

સાદરા ગામના ખેડૂત પ્રવીણભાઈ ગોહિલે જણાવ્યું હતું કે, કેનાલનાં અણઘડ વહીવટને કારણે અમને નુકસાની ભોગવવી પડી રહી છે. અમારી જમીનો ચોમાસુ પાક ફેલ ગયો હતો અને હવે શિયાળુ પાકમાં પણ ઘૂંટણસમા પાણી ફરી વળતા પાક નષ્ટ થઈ ગયો છે. અમારો ચોરી, બાજરી, ઘઉંના પાકને નુકસાન થયું છે. અધિકારીઓ જવાબદારી કોન્ટ્રાક્ટર પર ઢોળી રહ્યા છે પરંતુ જો અમને યોગ્ય વળતર નહીં મળે તો ઉગ્ર આંદોલન કરીશું. સાદરા ગામના ખેડૂત શેલેશભાઈ પ્રજાપતિએ જણાવ્યું હતું કે, મારો ખેતરમાં ચોરીનો પાક તૈયાર છે અને નર્મદા કેનાલ તૂટતા આખા ખેતરમાં પાણી ફરી વળ્યા છે. મારા બે વિઘાના ખેતરમાં ૬૦ હજાર રૂપિયાનું નુકશાન થયું છે.



ઉનાળો શરૂ થતાં જ બપોરના સમયે પક્ષીઓનો કિલકિલાટ બંધ થઈ ગયો છે. કતારગામ ખાતે સેવા કાર્ય કરતા પ્રેમવતી સોશ્યલ ગ્રુપ દ્વારા ઉનાળાના આકરા તાપથી પક્ષીઓનું રક્ષણ પુરુ પાડવા માટે હજારોની સંખ્યામાં પાણીના કુંડાઓ તૈયાર કરવામાં આવ્યા છે.

વરાછા જોયસ ઈંગ્લિશ સ્કૂલનો વિવિધતામાં એકતા કાર્યક્રમ રજૂ

સુરત

સુરત વરાછા રોડ પર આવેલી ઈબમ ટ્રસ્ટ સંચાલિત જોયસ ઈંગ્લિશ સ્કુલ છેલ્લા ૪૧ વર્ષની કાર્યરત છે જેનો વાર્ષિક કાર્યક્રમ તા. ૧૯.૨.૨૦૨૦ને બુધવારને દિને વરાછા રોડ પર સરતાર પટેલ સ્મૃતિ ભવન ખાતે રાખવામાં આવ્યો હતો. જેનો મુખ્ય હેતુ વિવિધતામાં એકતા હતો. આ કાર્યક્રમમાં બાળકોએ ગરબા, ભાંગડા,ડ્રામા, પિરામિડ, એરોબિક્સ અને આન એક્ટિવિટિઝ જેવા વિવિધ કાર્યક્રમ કર્યા હતા.

ઈબમ ટ્રસ્ટ સંસ્થા તરફથી સુરતની સેવાભાવી સંસ્થાઓને એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં એકતા ટ્રસ્ટ, મુસ્કાન ફેમિલી, શ્રવણ ટિફિન સેવા, મહાવીર અન્ન ક્ષેત્ર ટ્રસ્ટ, મધર ટેરેસા ટ્રસ્ટ, છાંયડો, કરૂણા ટ્રસ્ટ તથા શ્રી શાંતિનાથ ટ્રસ્ટને સામિલ કરવામાં આવ્યા હતા. સુરતના જાણીતા શિક્ષણ શાસ્ત્રી , નાયટકાર, પદ્મશ્રી વિજેતા અને હંમેશા હસ્યરેલાવનાર એવા શ્રી યઝદીભાઈ કરંજિયાને પણ એવોર્ડ એનાયત કર્યો હતો. અંતે બાળકોને વિવિધ એવોર્ડ આપી રાષ્ટ્રગીત દ્વારા કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

પ્રદુષણ સંદર્ભે સુરત પણ ક્રિટીકલ પોલ્યુટેડ એરિયા છે: ડૉ. તરત જૈન

ક્લીનર પ્રોડકશન: અ વે ટુવર્ડસ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ વિશે અવેરનેસ સેશન

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મંગળવારે, ૧૮મી ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીગ, નાનપુરા, સુરત ખાતે 'ક્લીનર પ્રોડકશન : અ વે ટુવર્ડ્?સ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ' વિશે સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે ગાંધીનગરના ગુજરાત કલીનર પ્રોડકશન સેન્ટરના મેમ્બર સેક્રેટરી ડો. ભરત જૈને માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરની એન્વાયરમેન્ટ એન્ડ કલાઈમેટ ચેન્જ કમિટીના ચેરમેન શ્રી વત્સલ નાયકે સેશનમાં સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્બોધનમાં જણાવ્યુ હતુ કે, ઈન્ડસ્ટ્રીએ પ્રોડકશનની સાથે સાથે પાણી અને એનર્જીને બચાવવાની દિશામાં પ્રયાસ કરવો પડશે.

ડો. ભરત જૈને પોતાના વકતવ્યમાં જણાવ્યુ હતુ કે, વધતા જતા ઔદ્યોગિક પ્રદુષણને અટકાવવા માટે વન અને પર્યાવરણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા પગલા ભરવામાં આવી રહયા છે. આ સંદર્ભમાં વન અને પર્યાવરણ વિભાગ તેમજ ગુજરાત કલીનર પ્રોડકશન સેન્ટર દ્વારા સ્વચ્છ ઉત્પાદનની કામગીરીનો ગુજરાતના ઉદ્યોગોમાં ફેલાવો કરવામાં આવી રહયો છે. ગુજરાત રાજયના બધા જ નાના, મધ્યમ અને મોટી કક્ષાના ઔદ્યોગિક એકમોમાં સ્વચ્છ ઉત્પાદનના અમલીકરણ જેવા કે પાણીની બચત, પ્રદૂષિત પાણી તથા ઘન કચરામાં ઘટાડો કરવા માટે પ્રયાસ કરવામાં આવી રહયો છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે ઈન્ડસ્ટ્રીમાં રોજનુ વેસ્ટ કેમ, કયારે અને કેટલું નીકળે છે તેની ઉપર દરરોજ ચર્ચા કરીશું ત્યારે જ તેનું નિરાકરણ લાવી શકીશુ. આપણે હજી રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટમાં જોઈએ તેટલા સક્રીય નથી પણ રોજ ઈનોવેશનની ચર્ચા કરવી જોઈએ. દેશભરમાં ગુજરાત કેમિકલ એન્ડ પેટ્રો કેમિકલમાં સૌથી આગળ છે. ટેક્ટાઈલમાં પણ ગુજરાત આગળ ચાલી રહયુ છે અને રાજયભરમાં ૨૦૦થી વધુ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ છે.

ડો. જૈને વધુમાં કહયુ હતુ કે પાઈપલાઈન દ્વારા વેસ્ટ હેઝાર્ડનો સમુદ્રમાં નિકાલ કરવામાં આવી રહયો છે, પરંતુ ગ્લોબલ ઈશ્યુ બની ગયેલા પોલ્યુશનને ઈગ્નોર કરવાથી હવે તાપમાન વધી રહયુ છે. સુરત પણ ક્રિટીકલ પોલ્યુટેડ એરીયામાં આવી ગયુ છે ત્યારે વેસ્ટ હેઝાર્ડના નિરાકરણ માટે સજાગ થવુ પડશે અને પહેલાંથી જ પ્રોએકટીવ થઈને કામ કરવુ પડશે. આથી ઈન્ડસ્ટ્રીના વેસ્ટ વિશે વિચારવુ પડશે. પાણી અને એનર્જી જેટલી જોઈએ તેટલી જ વાપરવી જોઈએ. કલીનર પ્રોડકશન માટે સરકારની સ્કીમ છે, જેનો લાભ લઈ શકાય છે.

દિલ્હીની ચૂંટણી જીત્યા બાદ ગુજરાતમાં સ્થાનિક ચૂંટણી લડવા આપનો નિર્ણય

આમ આદમી પાર્ટી સ્થાનિક સ્વરાજની તમામ ચૂંટણીઓ લડશે: કિશોર દેસાઈ

સુરત

દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ બહુમતી હાંસલ કરી છે. જેથી ગુજરાતમાં પણ આમ આદમી પાર્ટીના કાર્યકરોમાં નવો સંચાર થયો છે. આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રમુખ કિશોરભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે,દિલ્હીની જનતાએ કામની રાજનીતિને સ્વિકારી છે. દિલ્હીની જીત સાથે જ રાષ્ટ્ર નિર્માણ અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. જે અંતર્ગત દરેક શહેરોમાં કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. ૨૦૨૦માં ગુજરાતમાં યોજાનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં આમ આદમી પાર્ટી પોતાના ઉમેદવાર ઉભા રાખશે જેની અત્યારથી જ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

આમ આદમી પાર્ટીના રામ ધડૂકે જણાવ્યું હતું કે, દિલ્હીમાં સરકારે કામ કરીને દેખાડ્યાં છે. અમે આ જ વાત દરેક લોકો સુધી પહોંચાડીશું. સાથે જ ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકાની ચૂંટણીઓમાં ઉમેદવારોને ઉભા રાખીને સારો દેખાવ કરવા પ્રયત્ન કરીશું જેથી ૨૦૨૨માં ગુજરાતમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં મજબૂતાઈથી લડવાની અને જીતવાની રણનીતિથી પાર્ટી આગળ વધી રહ્યાનું જણાવ્યું હતું.

યોગેશ જાદવાણીએ જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટી દ્વારા એક નંબર જાહેર કરવામાં આવ્યો છે. જેમાં લોકો મીસકોલ કરી શકશે. હાલ રાષ્ટ્ર નિર્માણ અભિયાનની દિલ્હીથી શરૂઆત કરવામાં આવી છે. જે અંતર્ગત ગુજરાતના મોટા શહેરોથી લઈને તમામ જગ્યાએ આ અભિયાન અંતર્ગત લોકોને મળવામાં આવશે.

લોન મેળવવા નકલી પાનકાર્ડ અને આધાર કાર્ડનો ઉયોગ

ફાયનાન્સ કંપનીએ ભૂતિયા ગ્રાહક સામે ફરિયાદ નોંધાવી

સુરત

બોગસ આધારકાર્ડ, પાનકાર્ડ રજૂ કરી બજાજ ફાયનાન્સમાંથી લોન લઇ રૂપિયા ૩૪,૮૫૮ની ઠગાઈ કરનાર સામે ઉમરા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાઇ હતી.

ઉમરા પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર ઘોડદોડ રોડ ચોક પાસે આપેલ ક્રોમા સેલ્સમાં આરોપી વિશ્વનાથ કાશીનાથ સાવ (રહે. આગન રેસીડેન્સી ડિંડોલી)એ બોગસ આધારકાર્ડ, પાનકાર્ડ બનાવી ફાયનાન્સના કર્મચારી પાસે રજૂ કરી . ટીવી, ફોન, લોન ઉપર ખરીદી કરી રૂપિયા ૩૪,૮૫૮ની ઠગાઈ કરી હતી. ઉમરા પોલીસે બજાજ ફાયનાન્સના મયુર નરેશભાઈ જરીવાલાની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

વૉલીબોલ, એથલેટીક્સ, ચેસ કેરમ વગેરે સ્પર્ધાનું આયોજન

સિનિયર સીટીજનો સ્પર્ધામાં ભાગ લઈ શકશે

વલસાડ

વર્ષ ૨૦૧૯-૨૦માં રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગુજરાત રાજય ગાંધીનગરના ઉપક્રમે જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી વલસાડ દ્વારા જિલ્લા કક્ષાની સિનિયર સીટીઝન ૬૦ વર્ષથી ઉપરની વય ધરાવતા ભાઈઓ/બહેનો માટે વોલીબોલ, એથલેટીક્સ, યોગાસન, સસ્સીખેંચ, ચેસ, કેરમ અને ક્રિકેટની સ્પવર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. રસ ધરાવતા સ્પીર્ધક ભાઈઓ/બહેનો તથા રમત મંડળોએ ઉપરોક્ત દર્શાવિલ રમતો માટે પોતાના ભાગ લેવા માટેના પ્રવેશ પત્રો તા.૨૪/૦૨/૨૦ સુધીમાં જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, જિલ્લા સેવા સદન-૧ પાંચમો માળ, વલસાડને મોકલી આપવાના રહેશે. સ્પઅર્ધાની તારીખ અંદાજીત તા.૨૬/૦૨/૨૦૧૨ના રોજ યોજવામાં આવશે.

વિશ્વ માતૃદિન નિમિત્તે માતૃભાષાના મહત્વ વિષયે વાર્તાલાપ યોજાયો

બાળકના બૌદ્ધિક વિકાસમાં માતૃભાષા અત્યંત જરૂરી છે: રાજેશ ધામેલિયા

સુરત

૨૧મી ફેબ્રુઆરીને વિશ્વ માતૃભાષા દિવસ તરીકે વિશ્વભરમાં ઉજવવામાં આવે છે. આ ઉજવણીના ભાગરૂપે Exotic Web Media Digital Channel દ્વારા બાળવિકાસમાં માતૃભાષાનું મહત્ત્વ વિષય પર વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું ફેસબુક પર લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું. આ વાર્તાલાપમાં યામિની સુખડિયાએ શ્રી રાજેશભાઈ ધામેલિયા સાથે પ્રશ્નોત્તરી કરી હતી. માતૃભાષાનું મહત્ત્વ સમજાવતા શ્રી રાજેશભાઈ ધામેલિયાએ જણાવ્યું હતું કે, ગુજરાતી આપણી માતૃભાષા છે, તેનું આપણને અનેરું ગૌરવ હોવું જોઈએ. માતૃભાષા માત્ર અભ્યાસક્રમનો એક વિષય નથી હતો. જ્યારે માતૃભાષા ભૂલાય ત્યારે આખી સંસ્કૃતિ વિસરાઈ જતી હોય છે. વિદ્યાર્થીના પ્રાથમિક શિક્ષણનો પ્રારંભ માતૃભાષાથી કરવામાં આવે તો તે તમામ બાબતો સહેલાઈથી ગ્રહણ કરી શકે છે, જ્યારે અન્ય ભાષાના માધ્યમમાં પ્રાથમિક શિક્ષણ લેવાથી બાળક માનસિક તાણ અનુભવે છે. બાળકને વિચારો માતૃભાષામાં આવે છે અને વ્યક્ત અન્ય ભાષામાં કરવા પડે છે. દુનિયાના વિકસિત દેશોમાં માતૃભાષામાં જ શિક્ષણ આપવામાં આવે છે. હાલના સમયમાં માતૃભાષાના ગૌરવ,સંવર્ધન અને સંરક્ષણ માટે માતૃભાષા અભિયાન-અમદાવાદ, માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન-ગાંધીનગર, ગુજરાત કેળવણી પરિષદ, ગુજરાત સાહિત્ય અકાદમી, ભાષા ગૌરવ અને સંવર્ધન અભિયાન-સુરત જેવી વિવિધ સંસ્થાઓ કાર્ય કરી રહી છે. તેના કાર્યો વિશે પણ દર્શક મિત્રોને ચેનલના માધ્યમથી જાણકારી આપવામાં આવી હતી.

૧૬મી વસ્તી ગણતરી માટે માસ્ટર ટ્રેનર તાલીમ અપાશે

બે ફેઝમાં વસ્તી ગણતરી કાર્યક્રમ શરૂ થશે

વલસાડ

ભારતમાં વસતિ ગણતરીની શરૂઆત સૌ પ્રથમ ૧૮૭૨માં અંગ્રેજો દ્વારા કરવામાં આવી હતી. દર ૧૦ વર્ષે આ વસતિ ગણતરી કરવામાં આવે છે. વર્ષ-૨૦૨૧ની વસ્તી ગણતરી ૧૬મી વસતિ ગણતરી છે. આ ગણતરીના આધારે સરકારની નિતિઓ, યોજનાઓ ઘડવામાં આવે છે તથા દેશની સ્થિ તિ અંગે સચોટ માહિતી અને આંકડા મળે છે. છેલ્લી વસતિ ગણતરી ૨૦૧૧ માં કરવામાં આવી હતી. ત્યોર બાદ ૨૦૨૧ની વસતિ ગણતરી માટે દેશમાં પૂર્વ તૈયારી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે વલસાડ જિલ્લામાં માસ્ટટર ટ્રેનરોની બે દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યુંમ છે. વલસાડ જિલ્લાના રાજીવગાંધી સભાગૃહ ખાતે આ માટે તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે.

વસતિ ગણતરી બે માધ્યવમથી કરી શકાશે. ઓન લાઈન મોબાઈલમાં એપ્લીનકેશનના માધ્ય મથી તથા ઓફ લાઈન કાગળના ફોર્મ ભરી કરી શકાશે. વસ્તીન ગણતરી ફેઝ-૧ ૧૬ એપ્રિલ થી ૩૦ મે ૨૦૨૦ તથા ફેઝ-૨ ૦૯-ફેબ્રુઆરી થી ૨૧ ફેબ્રુઆરી સુધી બે ફેઝમાં યોજવામાં આવશે.

આ બેઠકમાં જિલ્લા આયોજન અધિકારી એ.યુ.પંચોલી તથા દાદરા નગર હવેલીના સુનીલ પગારે દ્વારા પ્રેઝન્ટે શનના માધ્ય.મથી તાલીમ આપવામાં આવી હતી. બેઠકમાં માસ્ટયર ટ્રેનર તરીકે નિમેલા વલસાડ, દમણ, દાદરા નગર હવેલીના તમામ મામલતદાર, ચીફ ઓફિસરો તથા સેન્સટસ બોર્ડ ગાંધીનગરના નોડલ ઓફિસર દિગંત શાહ તથા અન્યર સંબંધિત અમલીકરણ અધિકારીઓ હાજર રહ્યા હતા.

નવસારી લુન્સીકુઈ મેદાનમાં શિવરાત્રી નિમિત્તે કાર્યક્રમ

બ્રહમાકુમારી વિદ્યાલય નવસારી સેવાકેન્દ્ર દ્વારા ૮૪ મી ત્રિમૂર્તિ શિવજયંતિ નિમિત્તે ૮૪ શિવધ્વજારોહણ, ૮૪ દિપ પ્રાગટ તથા શિવ બરાતનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૨૧/૦૨/૨૦૨૦ ના રોજ સાંજે ૪-૪૫ કલાકે લુન્સીકુઈ મેદાન, નવસારી ખાતે યોજાનારા આ કાર્યક્રમમાં માજી વનમંત્રી શ્રી મંગુભાઈ પટેલ, નવસારી ધારાસભ્ય શ્રી પિયુષભાઈ દેસાઈ, નવસારી નગરપાલિકાના એકઝીકયુટીવ ચેરમેન શ્રી પ્રેમચંદ લાલવાણી ખાસ ઉપસ્થિત રહેશે. તેમ નવસારી સેવાકેન્દ્રના બ્રહમાકુમારી ગીતાદીદીએ જણાવ્યું છે.

વલસાડ લીલાપોરમાંથી અજાણ્યો મૃતદેહ મળ્યો

તા.૧૯ તા.૧૧/૦૨/૨૦૨૦ના રોજ વલસાડ જિલ્લાના કશ્મીર નગર લીલાપોર તરફ જતા રોડની બાજુમાંથી કોઇ અગમ્યથ બીમારીના કારણે મૃત્યુર પામેલા અજાણ્યા૦ પુરૂષની લાશ મળી આવી છે. મૃત્યુ પામેલા અજાણ્યાગ પુરૂષની ઉ.વ આશરે ૫૦ થી ૫૫, ઊંચાઇ ૫.૫ ફુટ, રંગે ઘઉંવર્ણ, શરીરે પાતળા બાંધાનો છે. તેણે શરીરે ક્રીમ કલરનું ગરમ જેકેટ તથા કમરે સફેદ કલરનો પાઇજામો પહેર્યો છે. મૃતકના વાલી વારસોએ વલસાડ સીટી પોલીસ સ્ટેશનનો સંપર્ક સાંધવા પોલીસ ઇન્પેફેદ કટર, વલસાડ દ્વારા જણાવાયું છે.

પાર નદી રેલવે ટ્રેક પરથી અજાણ્યો મૃતદેહ મળ્યો

તા.૧૯ તા.૧૪/૦૨/૨૦૨૦ના રોજ વલસાડ જિલ્લાના પારનદીના રેલ્વેનાં પુલના ઉત્તમ છેડે સુરત તરફ જવાના રેલવે ટ્રેક ઉપર વલસાડ ખાતે એક અજાણ્યાપ પુરૂષ રેલવે ટ્રેનનાં અકસ્માઉતથી માથા તથા પેટના ભાગે ગંભીર ઈજાઓ થવાથી મૃત્યુ પામેલ હાલતમાં લાશ મળી છે. મૃત્યુ પામેલા અજાણ્યાટ પુરૂષની ઉ.વ આશરે ૪૫ થી ૫૦, ઊંચાઇ ૫ ફુટ, રંગે ઘઉંવર્ણ, શરીરે મધ્યયમ બાંધાનો, માથે વાળ છે.

વેસ્ટર્ન રેલ્વે સુરક્ષાદળના જવાનો માટે વ્યસન મુક્તિ સેમિનાર યોજાયો

આસિસ્ટન્ટ કમિશનર કનોજીયાએ વ્યસન મુક્તિ અંગે માર્ગદર્શન આપ્યું

વલસાડ

તપસ્યાર નારી સેવા સમિતિ ચેરીટેબલ ટ્રસ્ટજ નવસારીના સહયોગથી રેલવે સુરક્ષા બળ (આર.પી.એફ)માં તાલીમ લેતા તાલીમાર્થી તેમજ અધિકારીઓનો વ્યટસન મુકિત સેમિનાર આ.પી.એફ. ટ્રેનિંગ સેન્ટછર, વલસાડ ખાતે રાખવામાં આવ્યો? હતો. જેમાં ૨૯૦ જેટલા તાલીમાર્થીઓ હાજર રહ્યા હતા. સેમિનારમાં દિનેશ કનોજીયા, આસીસ્ટ્રન્ટે કમિશનર, રેલવે સુરક્ષા બળ વલસાડ દ્વારા યુવાનોમાં વ્યરસનની શરૂઆત કેવી રીતે થાય છે અને તેનાથી બચવા શું કરવું જોઈએ તે વિશે માહિતી આપવામાં આવી હતી. રીસિદા ઠાકોર, રાષ્ટ્રી ય અધ્ય ક્ષ, તપસ્યાન નારી સેવા સમિતિ ચેરીટેબલ ટ્રસ્ટા, દ્વારા મહિલાઓનું સન્માછન જળવાય રહે તેવું કાર્ય કરવા સૌને પ્રોત્સાતહિત કરવામાં આવ્યો.

વલસાડ જિલ્લાના આરોગ્યવ શાખાના રોગચાળા નિયંત્રણ અધિકારી, ડો.મનોજ પટેલ દ્વારા તમાકુના વ્યાસનથી થતી આડ-અસર અંગે જાણકારી આપી વ્યડસનની શરૂઆત કેવી રીતે થાય છે તેમજ વ્યકસન કેવી રીતે છોડી શકાય અને તે છોડવાથી આરોગ્યજને થતા ફાયદાઓ વિશે શિક્ષણ આપવામાં આવ્યું. તમાકુ નિયંત્રણ ધારા વિશે સૌને માહિતગાર કરવામાં આવ્યાિ હતા. ઉપસ્થિવત દરેકને તમાકુ ન લેવા અંગેની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.



હમ નહિ સુધરને વાલે

પર્યાવરણની એસીતેસી કરતા વેસ્ટ કેમિકલ વહન કરતા કેમિકલ માફિયા



આજરોજ તા ૨૦-૨-૨૦૨૦ ના રોજ કોસંબા- સુરત સાવા પાટિયા ખાતે આવેલ સમ્રાટ હોટેલ પાસે આવેલ સર્વિસ સેન્ટરમાં ઝેરી કેમિકલનું ટેન્કર **(GJ 09 AV 1109)** જાહેરમાં છોડી દેતા રંગે હાથે સ્થાનિક લોકોએ પકડી પડેલ છે. આવા કેમિકલ હાઈવે બાજુમાં કાંસ માં છોડી દેવામાં આવતા કોસંબા અને મહુવેજ ગામના ખેડૂતોની જમીનને ખૂબ મોટું નુકશાન ઘણા લાંબા સામેથી થતું આવેલ છે. ખેડૂતો ઘણા લાંબા સમયથી આવી ગેરકાયદેસરની પ્રવૃતિથી કંટાળી ગયા હતા. કાંસમાંથી ખેતી માટે પાણી લેવામાં આવે છે અને ગામના ઢોર પાણી પીવે છે. આવા ઝેરી કેમિકલને લીધે નહેરના પાણી નીચેના વિસ્તારમાં પ્રદૂષિત થઈ ગયેલા છે. ગુજરાત





પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ની નિષ્ફળતા ને લીધે ગામ લોકો અને ખેડૂતો તેમજ અન્ય લોકો એ ભોગ બનવું પડી રહ્યું છે. સ્થાનિક રાજકારણીઓ આ વિષય પર મૌન ધારણ કરી લે છે. મોટા રાજકારણીઓ ફોન કરી આ બાબતે લોકો ને સાથ આપવાને બદલે અધિકારીઓ પર દબાણ નાખે છે. એક ટેન્કર ના ૫૦ હજાર થી લઈ દોઢ લાખ જેટલો ભાવ લઈ સ્થાનિક રીતે ગુંડા તત્વો આવો ધંધો ચલાવી રહ્યા છે. જેથી આ કાંસ નું આગળ જતાં પાણી પી રહેલા લોકો કેન્સર જેવી બીમારીઓ નો ભોગ બની રહ્યા છે. સ્થાનિક લોકો એ આવા ટેન્કર પકડવા પડે એ આ ગોરખધંધા બાબતે સરકારી તંત્રો નિષ્ફળ રહ્યા છે એ સાબિત થાય છે.




સ્થાનિકોને પ્રદૂષિત વેસ્ટ કેમિકલ નિકાલની અસરના કારણે ....૧૦૮ બોલાવવી પડી...તંત્ર પણ ઘટના સ્થળે પહોંચ્યું..

આમોદના સૂહદમ પેટ્રોલ પંપ ઉપર ઓછું પેટ્રોલ આપી ઉઘાડી લૂંટને લઈને જિલ્લા પુરવઠા અધિકારીના દરોડા

આમોદમાં આવેલા સૂહદમ પેટ્રોલ પંપ ઉપર ગ્રાહકોને ઓછું પેટ્રોલ મળતું હોવાની બુમો ઉઠવા પામી હતી. જેને લઈને એક જાગૃત નાગરિકે આમોદ મામલતદારને મહિના પહેલા ફરિયાદ કરી હતી. ગત રોજ બપોરના સમયે જિલ્લા પુરવઠા અધિકારી અને તોલ માપ અધિકારીએ તેમની ટીમ સાથે દરોડા પાડી પેટ્રોલ અને ડીઝલના નમૂના લેતા ભ્રષ્ટાચારીઓમાં ખળભળાટ થઈ ગયો હતો.

જાણવા મળતી માહીતી મુજબ આમોદમાં આવેલા સૂહદમ પેટ્રોલ પંપ ઉપર ભેળસેલવાળું તેમજ ઓછું પેટ્રોલ મળતું હોવાની આમોદમાં બુમો ઉઠવા પામી હતી. જેથી આમોદના એક જાગૃત નાગરિક દ્વારા આમોદ મામલતદારને પેટ્રોલ પંપ વિરૂધ્ધ લેખિત ફરિયાદ કરવામાં આવી હતી જેના અનુસંધાને ગત રોજ ભરૂચ જિલ્લા પુરવઠા અધિકારી તેમજ તોલમાપ ખાતાના અધિકારીએ સયુંક્ત રીતે તેમની ટીમ સાથે આમોદ સૂહદમ પેટ્રોલ પંપ ઉપર રેડ કરી હતી. સાથે આમોદના પુરવઠા મામલતદાર અને સ્ટાફ પણ જોડાયો હતો.





પેટ્રોલ અને ડીઝલના નમૂના લીધા લઈ ગાંધીનગર લેબોરેટરીમાં ટેસ્ટીંગ માટે મોકલાવ્યા

જિલ્લા પુરવઠા અધિકારીએ વિવાદિત પેટ્રોલ પંપનું ડીઝલ તથા પેટ્રોલના નમૂના લીધા હતા. જ્યારે તોલમાપ ખાતાના અધિકારીએ મશીન રીડર અને આંકડાની ચકાસણી કરી હતી જેથી પેટ્રોલ પુરાવવા માટે આવતા ગ્રાહકોમાં પણ જિલ્લાના અધિકારીઓની અચાનક ચકાસણીને લઈને કુતુહલ ફેલાયું હતું.

આમોદમાં સૂહદમ પેટ્રોલ પંપ પરથી લીધેલ ડીઝલ અને પેટ્રોલના નમૂના અલગ અલગ ડબ્બામાં સીલ કરી તેને ગાંધીનગર ખાતે લેબોરેટરીમાં ચકાસણી માટે મોકલવામા આવશે તેમ એક અધિકારીએ જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે આમોદમાં અગાઉ આજ પેટ્રોલ પંપ કમલ પેટ્રોલ પંપના નામથી ચાલતો હતો. પરંતુ આવા જ કારનામાંથી સીલ કરવામાં આવ્યો હતો ત્યારે હાલમાં પણ આજ પેટ્રોલ પંપ ઉપર ગ્રાહકોને ઓછું પેટ્રોલ મળતું હોવાની બુમો ઉઠી છે.

તિલકવાડાના ગમોડ ગામના ખેડુતની માથામાં મારી હત્યા: ખુનનો ગુનો દાખલ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકાના ગમોડ ગામના ખેડુતને માથામાં મારી કોઈ વ્યક્તિ એ ખુન કરતા ચકચાર મચી જવા પામી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ગમોડ ગામના પ્રવિણભાઈ નાગજીભાઈ બારીયા એ આપેલી ફરિયાદ મુજબ તેમના મોટા ભાઈ કનુભાઈ બારીયા ગતરોજ પોતાની મો.સા.નં. GJ,16-J-1134 લઈ ખેતરે ગયેલ એ સમયે ગમોડ ગામે આવેલા રસીદખા રાઠોડના ખેતરના શેઢા પર અજાણ્યા વ્યક્તિએ તેમને માંથાના પાછળ કોઈ સાધન વડે ફટકો મારી નીચે પાડી સિમેન્ટના મોટા પથ્થર વડે મોઢા ઉપર મારી તેમનું મોઢ છુંદી નાખતા તેઓ મો.સા. સાથે ત્યાં લોહી લુહાણ હાલતમાં ત્યાં પડેલા હોવાની જાણ થતાં પ્રવીણભાઈ ત્યાં પહોંચતા ત્યાં આસપાસના લોકોના ટોળા જમ્યા હતા અને કનુભાઈ લોહી લુહાણ હાલતમાં પડ્યા હોય તેમને તાત્કાલિક ટ્રેક્ટરમાં લઈ તિલકવાડા સરકારી દવાખાને લઈ ગયા પરંતુ ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કરતા તિલકવાડા પોલીસે હત્યાનો ગુનો નોંધી અજાણ્યા હુમલાવરની તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

નર્મદામાં ૧૦ રૂપિયાનો સિક્કો નહિ સ્વીકારતાં વેપારીઓની આજે પણ મોકાણથી ગ્રાહકો હેરાન

(ભરત શાહ દ્વારા) -
રાજપીપળા

રાજપીપળા સહિત સમગ્ર નર્મદા જિલ્લામાં રૂપિયા ૧૦ ના સિક્કાની ફરી રામાયણ ઉભી થઈ છે. કેટલાક વેપારીઓ ભારતીય ચલણ નો આ કોઈન ન સ્વીકારતા ગ્રાહકો ને મુશ્કેલી થઈ રહી છે ત્યારે કેટલાક ગ્રાહકો પણ આવા વેપારીઓને નિયમનું પાલન કરાવવા સબક શીખવાડતા પણ નથી ચૂકતા હાલમા જ રાજપીપળાના એક વેપારીનો પુત્ર પેટ્રોલ પંપ ઉપર પેટ્રોલ પુરાવવા જતા ત્યાંના કર્મચારી એ ૧૦ ના સિક્કા લેવાની ના



૧૦ રૂપિયાનો સિક્કો ન સ્વીકારનારને જેલની સજા થઈ શકે નો નિયમ હોવા છતાં રાજપીપળાના અમુક વેપારીઓની મનમાનીમાં મામલો પોલીસ સુધી પહોંચ્યો

કહી ત્યારબાદ આ ગ્રાહક અને પંપના કર્મચારી વચ્ચે બોલાચાલી થતા વેપારી પુત્ર એ પણ પાછી પાની નહિ કરી કર્મચારી ને કાયદાનો પાઠ ભણાવવા સીધો પોલીસ ને ફોન કરતા પોલીસ વાન ત્યાં આવી કાયદાનો પાઠ ભણાવ્યો ત્યારબાદ ૧૦ રૂપિયા નો સિક્કો સ્વીકાર્યો હતો. આમ ગ્રાહકની જાગૃતતા અને પોલીસે કાયદા નો અમલ કરાવતા મામલો થાળે પડ્યો હતો બાકી ભારતીય ચલણી સિક્કા નહિ સ્વીકારનાર ને જેલ ની સજા પણ થઈ શકે છે.

નાંદોદના કમોદીયા ગામનો આરસીસી રોડ ગુણવત્તા વગરનો બન્યો હોવાની પંચાયત સદસ્યની કલેક્ટરને રજુઆતથી ભૂકંપ

હાલ મા ૪ લાખ જેવી માતબર રકમમાં બનેલો આ રોડ બન્યાના ૧૫ દિવસ માંજ પોપડા નિકળતા કામગીરી પર અનેક સવાલ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લામાં વિકાસના કામોમાં અનેક ગામ માં ભ્રષ્ટાચાર ની વાત સામે આવે છે ત્યારે વધુ એક રજુઆત નાંદોદ તાલુકા ના કમોદીયા ગામના આરસીસી રોડ બાબતે પંચાયતના સદસ્ય દ્વારા રોડનું ગુણવત્તા વગરનું કામ થયું હોવાની ફરિયાદ થતા આ બાબતે નાનકડા ગામમાં ભૂકંપ ની સ્થિતિ જોવા મળી છે. કમોદીયા ગામના તાલુકા પંચાયત સદસ્ય માનસીંગભાઇ બામણજી વસાવા એ નર્મદા કલેક્ટર ને કરેલી લેખિત રજુઆત મુજબ કમોદીયા ગામમાં ગ્રામપંચાયત તરફથી સરકારી વિકાસ યોજના ના કામમાં આર.સી. સી.રોડ બનાવવામાં આવ્યો છે જેમાં ગામના સરપંચ અને તલાટી એ પોતાની મરજી મુજબ તકલાદી રોડ બનાવ્યો હોવાનો આક્ષેપ કરી આ બાબતે તપાસ ની માંગ પણ કરી હતી.

વધુમાં માનસિંગ

રસ્તાની લંબાઈ અને પહોળાઈ અને જાડાઈ સરકારી ધારા ધોરણ પ્રમાણે ન હોય જેની યોગ્ય તપાસ કરવા લેખિત રજુઆત





કારીગરો નવા હોવાના કારણે થોડું આમ તેમ થયું છે: રેખાબેન વસાવા (સરપંચ,કમોદીયા)

પંચાયત સદસ્યના લેખિત આક્ષેપો બાદ કમોદીયા ગામના સરપંચ રેખા બેન વસાવા ને એ બાબતે પૂછતાં તેમણે જણાવ્યું કે રસ્તાનું કામ કરનારા કારીગરો નવા હોવાના કારણે થોડું ઘણું આમતેમ થયું છે પરંતુ તેને સુધારવા તજવીજ ચાલુ છે.

વસાવાએ રજુઆતમાં જણાવ્યું છે કે પોતે કમોદીયા ગ્રામ પંચાયતના સભ્ય છે અને હાલમાં કમોદીયા ગામમાં નિશાળ પાસેથી ઉપલા ફળીયા ખાલજી ભાઇ શામળભાઇ વસાવાના ઘર સુધીનો જે આર.સી.સી. રસ્તો બનાવવામાં આવ્યો છે.આ રસ્તો સરકારી નિયમો મુજબ અને અને ધારા ધોરણ પ્રમાણે બનાવવાનો હતો તેના બદલે આર.સી.સી રસ્તાની ગુણવત્તા જળવાયેલી ન હોય,રસ્તાની લંબાઈ, પહોળાઈ અને જાડાઈ સરકારી ધારા ધોરણ પ્રમાણે નથી બન્યો માટે યોગ્ય તપાસ થવી જોઈએ જ્યારે આ રસ્તા બનતો હતો તે વખતે પણ ગ્રામજનોએ વિરોધ કર્યો હતો.રસ્તાનું કામ તકલાદી અને હલકી કક્ષાનો માલસામાન વાપરી કર્યું છે.પરંતુ ગામના સરપંચ અને તલાટી એ ગામના અમુક ગ્રામજનો અને સભ્યની વાત ધ્યાન પર લીધી ન હતી અને પોતાની મનમાની પ્રમાણે આ રસ્તો ગ્રામ પંચાયતે બનાવી દેતા હાલમાં આ રસ્તાની ગુણવતા જળવાયેલી ન હોવાથી રસ્તામાં ખાડા પડી ગયા છે અને સ્લેબના પોપળા પણ ઉખડી ગયા હોય આ રસ્તાની ગુણવત્તાની યોગ્ય અને ન્યાયીક તપાસ કરવા માંગ કરી છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી પર મહિલા પો.કો.ની બાજ નજરથી પ્રવાસીઓ પાસેથી ફળ કાપવાના સાધનો પકડાયા

- **સ્ટેચ્યુ પર રોજ મહિલા પ્રવાસીઓ પાસેથી ફળ કાપવાના ચપ્પુ જમા-કાતર જેવા સાધનો જમ્મ કરાય છે.**
- **સ્ટેચ્યુ પર સતત ત્રીજી આંખ જમાવી ફરજ બજાવતા પીએસઆઇ કે.કે. પાઠક અને તેમની ટિમ પ્રવાસીઓ ની સુરક્ષા માટે ખાસ ધ્યાન આપે છે.**

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

કેવડિયા સ્થિત વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી પર પ્રવાસીઓની સંખ્યા સતત વધી રહી હોય સુરક્ષા પણ એટલીજ જરૂરી છે ત્યારે નર્મદા પોલીસ વડા હિમકર સિંહ ના માર્ગદર્શન હેઠળ



સતત બાઝ નજર રાખતા PSI કે.કે.પાઠક અને તેમની ટીમના મહિલા પો.કો.માં ગીતાબેન મગડીયાભાઈ વસાવા તથા ભારતીબેન દલસુખભાઈ તડવી સહિત નાઓ આધુનિક સ્કેનર મશીન ઉપર ફરજ બજાવતા હોય કોઈપણ પ્રવાસી અન અધિકૃત સામાન લઈ જઈ શકતું નથી તેમના ખાસ ચેકિંગ પછી એ સ્ટેચ્યુ ની અંદર જઈ શકે છે અને સ્ટેચ્યુ ની અંદર કોઈપણ પ્રકારની બેગો અને ખાવાની વસ્તુ લઈ જઈ શકાતી નથી માટે ચેકિંગ કર્યા બાદ એ લગેજ રૂમમાં જમા કરાવવી પડે પછી જ સ્ટેચ્યુ ની અંદર પ્રવસીઓને પ્રવેશ મળે છે પીએસઆઈ કે.કે. પાઠક પણ પોતે ત્યાં ઉભા રહી ખાસ નજર રાખે છે.જોકે હાલમાં ગેટ નંબર ચાર અને પાંચ ઉપર કામ ચાલુ હોવાથી પબ્લિક એન્ટ્રી ગેટ નંબર ત્રણ ઉપરથી કરવામાં આવતી હોય ત્યાં આ ટિમ સતત અને ખાસ બંદોબસ્ત માં ખડેપગે જોવા મળે છે.આ ટીમની સતત નજર હોય રોજ મહિલા પ્રવાસીઓ પાસેથી ફળ કાપવાના સાધનો લગેજ માં દેખા દેતા તેને જમ્મ કરાય છે.